અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
નોરા ફતેહીને કોર્ટની ફટકાર...



પેજ-09
ટીમ ઇન્ડિયાને મોટો ઝટકો ઋષભ પંત સતત ત્રીજી મેચમાંથી બહાર

હવામાન

શહેર	મહત્તમ	લઘુત્તમ
અમદાવાદ	34.00	22.00
વડોદરા	33.00	21.00
સુરત	35.00	23.00

પેજ 5



ઓક્ટોબરમાં GST કલેક્શનમાં 22.9%નો ઉછાળો, સરકારની...

03 NOVEMBER-2026 TUESDAY

નેતન્યાહૂ સત્તા માટે વિપક્ષ સાથે હાથ મિલાવવા પણ તૈયાર



પેજ 10

શેરબજાર

સેન્સેક્સ	75692.78	▲	1233.25
નિફ્ટી	23440.80	▲	387.70
સોનું	139863.00	▲	1378.00
ચાંદી	183716.00	▲	4584.0

વર્ષ-15 । અંક-350 । વિક્રમ સંવત-2082 । આસો વદ - 09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

બેગમપેટ એરપોર્ટ પર ઉષ્માભર્યા સ્વાગત બાદ હૈદરાબાદમાં વિપક્ષી ગઠબંધન પર આકરો હુમલો : ૧૩ કરોડ મતોના કાપ અંગે રાહુલ ગાંધીના આરોપોને પાયાવિહોણા ગણાવતા ગૃહમંત્રી

રાહુલે નકલી સંસદ યોજી, તેના PM બની જાઓ : શાહ





SIR ના સમર્થનમાં ભાજપની દેશવ્યાપી માર્ચ

(એજન્સી) હૈદરાબાદ | તા.02

ભારતીય જનતા પાર્ટી દ્વારા ચલાવવામાં આવી રહેલા દેશવ્યાપી 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સોમવારે તેલંગાણાના હૈદરાબાદ પહોંચ્યા હતા. બેગમપેટ એરપોર્ટ પર કેન્દ્રીય મંત્રી જી. કિશન રેડ્ડી દ્વારા તેમનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ હૈદરાબાદમાં યોજાયેલી વિશાળ માર્ચ અને જનસભાને સંબોધતા અમિત શાહે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને INDIA બ્લોક પર પ્રહારોના તીખા બાણ છોડ્યા હતા.અમિત શાહ હૈદરાબાદ રેલી રાહુલ ગાંધી ૨૦૨૬ માં સંબોધન કરતા ગૃહમંત્રીએ રાહુલ ગાંધી દ્વારા તાજેતરમાં યોજવામાં આવેલી મોક પાર્લામેન્ટ (નકલી સંસદ) પર કટાક્ષ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, 'રાહુલજી, જો તમે મને પૂછ્યું હોત તો હું કહેત કે આ નકલી સંસદમાં તમે એકવાર PM બની જાઓ, કારણ કે વાસ્તવિક સંસદમાં તમે ક્યારેય દેશના વડાપ્રધાન બની શકશો નહીં. ઓછામાં ઓછું આનાથી સોનિયાજીના દિલને તો શાંતિ મળશે.' તેમણે ઉમેર્યું કે રાહુલ ગાંધી માત્ર અરાજકતા ફેલાવીને પોતાને સમાચારોમાં જીવંત રાખવા માંગે છે.SIR મતદાર યાદી વિવાદ અને સુપ્રીમ કોર્ટ ના મુદ્દે વિપક્ષી દાવાઓને ફગાવતા અમિત શાહે સ્પષ્ટતા કરી હતી કે, ૧૩ કરોડ મતદારોના નામ કાપવાનો કોંગ્રેસનો દાવો સંપૂર્ણપણે જુઠ્ઠાણું છે.ઘૂસણખોરો પર આક્રમણ: બાકીના ૩ કરોડ બોગસ મતદારો બાંગ્લાદેશી ઘૂસણખોરો છે, જેઓ કોંગ્રેસની વોટ બેંક છે. શાહે ચીમકી આપી હતી કે રાહુલ ગાંધી ગમે તેટલું જોર લગાવી લે, પરંતુ ભાજપ એક-એક ઘૂસણખોરને દેશ અને મતદાર યાદીમાંથી બહાર કાઢીને જ જંપશે.શાહે કહ્યું કે રાહુલ ગાંધીએ ઘૂસણખોરોને બચાવવાની રેલી યોજી. તેઓ કહે છે કે 13 કરોડ મતદાર કાપી નાખવામાં આવ્યા છે. તેઓ ખોટું બોલી રહ્યા છે.

સંસદમાં ચર્ચાનો સવાલ અને સુપ્રીમ કોર્ટ કેસ

અમિત શાહે સ્પષ્ટ સવાલ ઉઠાવ્યો કે જો વિપક્ષને EVM અને SIR અંગે ખરેખર શંકા હોય તો સરકાર સંસદનું વિશેષ સત્ર બોલાવીને ચર્ચા કરવા તૈયાર છે, પરંતુ વિપક્ષ ચર્ચાથી ભાગી રહ્યો છે. બીજી તરફ, ૧૨ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ રાહુલ ગાંધીના નેતૃત્વમાં ૧૩ વિપક્ષી નેતાઓએ SIR ના વિરોધમાં સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરેલી છે. આવનારી તેલંગાણા અને અન્ય રાજ્યની ચૂંટણીઓ પૂર્વે આ રાજકીય નિવેદનબાજી અને કાનૂની લડાઈ વધુ ઉગ્ર બનવાના એંધાણ છે.

ભાજપના અભિયાન પાછળના ૪ મુખ્ય કારણો

ભાજપ લોકતંત્ર બચાવો અરાજકતા હટાવો માર્ચ ના માધ્યમથી ભાજપે ચાર મુખ્ય પાસાંઓ પર ભાર મૂક્યો છે:

૧. SIR નું સમર્થન: મતદાર યાદીને શુદ્ધ કરવાનો અને માત્ર પાત્ર ભારતીય નાગરિકોના જ નામ રાખવાનો હેતુ.

૨. મતચોરીના આરોપોનો જવાબ: વિપક્ષ દ્વારા ચૂંટણી પંચ પર લાદવામાં આવેલા ભ્રામક આરોપોનું ખંડન કરવું.

૩. બંધારણીય સંસ્થાઓનું રક્ષણ: ચૂંટણી પંચની વિશ્વસનીયતા નબળી પાડવાના પ્રયાસો સામે દેશને જાગૃત કરવો.

૪. વિપક્ષના બેવડા ધોરણોનો પર્દાફાશ: ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોના દિવસે જ દિલ્હીમાં રેલી યોજીને કોંગ્રેસે માનસિકતા જાહેર કરી છે.

અંતમાં, હૈદરાબાદ ખાતેથી અમિત શાહના આ આક્રમક વલણથી સ્પષ્ટ થાય છે કે ભાજપ SIR અને ઘૂસણખોરીના મુદ્દા પર બેકફૂટ પર આવવા તૈયાર નથી.

મુરાસુ વાવાઝોડાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું

સ્કૂલો બંધ, તોફાની પવન સાથે ભારે વરસાદની આગાહી

(એજન્સી) બંગાળ | તા.02

બંગાળની ખાડીમાં સર્જાયેલું વાવાઝોડું 'મુરાસુ' ભયાનક બની ગયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા 6 કલાક દરમિયાન આ વાવાઝોડું લગભગ 20 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધી રહ્યું છે. વાવાઝોડું સોમવાર રાત્રે 11:30 વાગ્યાથી મંગળવાર સવારના 4:00 વાગ્યા દરમિયાન દક્ષિણ આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે ટકરાવાની પૂરેપૂરી શક્યતા છે.આ વાવાઝોડું ઓંગોલ નજીક આવેલા નેલ્લોર અને નરસાપુર વચ્ચેના વિસ્તારમાંથી પસાર થઈ શકે છે. દરિયાકાંઠે ટકરાતી વખતે વાવાઝોડાની ઝડપ 100થી 110 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની આશંકા છે, જ્યારે પવનના તીવ્ર ઝાપટાં સાથે આ ગતિ 120 કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. સોમવારે મોડી રાત્રે 2:30 વાગ્યાની આસપાસ આ સિસ્ટમ ચેન્નાઈથી લગભગ 260 કિલોમીટર દૂર પૂર્વ-ઉત્તર-પૂર્વ દિશામાં કેન્દ્રિત હતી.વાવાઝોડાની અસરના કારણે 2 અને 3 નવેમ્બરના રોજ આંધ્ર પ્રદેશના તટીય વિસ્તારો અને રાયલસીમામાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. કેટલાક વિસ્તારોમાં અત્યંત ભારે વરસાદ પણ પડી શકે છે. આ ઉપરાંત ઉત્તર તમિલનાડુના કેટલાક ભાગોમાં મધ્યમ વરસાદ થવાની શક્યતા છે. વાવાઝોડા 'મુરાસુ'ના ખતરાને ધ્યાનમાં રાખીને ચેન્નાઈની તમામ શાળાઓમાં સોમવાર માટે રજા જાહેર કરી દેવામાં આવી છે. તીવ્ર પવનના કારણે ઝાડ પડી જવા, વીજળીના વાયરો તૂટી જવા અને નીચાણવાળા વિસ્તારોમાં પૂર આવવાનું જોખમ રહેલું છે.

11000 વોલ્ટનો કરંટ લાગતા 8 શ્રમિકોના મોત, રાજસ્થાનના ઝૂંઝુનુમાં રોડ નિર્માણ કાર્ય વખતે કરુણાંતિકા

(એજન્સી) ઝૂંઝુનું | તા.02

રાજસ્થાનના ઝૂંઝૂનું જિલ્લામાં હૃદયદ્રાવક ઘટના બની છે. રોડનિર્માણ દરમિયાન કપચી પાથરવાનું મશીન 11000 વોલ્ટની હાઈ વોલ્ટેજ લાઈનના સંપર્કમાં આવતા 8 શ્રમિકોના કરુણ મોત થયા છે. છાપોલી વિસ્તારના કદમ કુંડ રોડ પર બનેલી આ દુર્ઘટનામાં 5 શ્રમિકોનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું, જ્યારે અન્ય 3 સારવાર દરમિયાન મોતને ભેટ્યા. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. રાજસ્થાનથી એક હચમચાવી મૂકે તેવા અહેવાલ સામે આવ્યા છે. અહીં ઝૂંઝૂનુ જિલ્લામાં રોડનિર્માણના કાર્ય વખતે એક મશીન હાઈ વોલ્ટેજ લાઈનના સંપર્કમાં આવી જતાં 8 શ્રમિકો મોતને ભેટી ગયા. માહિતી અનુસાર 5 શ્રમિકોએ ઘટનાસ્થળે જ જીવ ગુમાવી દીધા હતા જ્યારે અન્ય ત્રણની હાલત ગંભીર હતી. જેમની સારવાર દરમિયાન મૃત્યુ થયાની પુષ્ટી થઈ હતી. આ ઘટના બાદથી વિસ્તારમાં ફફડાટ ફેલાયો હતો અને માહોલ પણ ગમગીન થઈ ગયો હતો. ઘટના વાયુવેગે ફેલાતા જ ગામના



લોકો એકઠા થઈ ગયા હતા. એક અધિકારીએ જણાવ્યું કે આ ઘટના છાપોલી વિસ્તારના કદમ કુંડ તરફ જતા રોડ પર બની હતી. રોડ પર કપચી પાથરતું મશીન અચાનક જ 11000 વોલ્ટની વીજલાઈનને અડી ગયું હતું જેના લીધે કરંટ ફેલાઈ ગયો હતો અને શ્રમિકો એની લપેટમાં આવી ગયા હતા. આ દુર્ઘટના એટલી ભયાનક હતી કે કોઈને બચવાનો મોકો જ ના મળ્યો અને ઘટનાસ્થળે એક સાથે આટલી લાશો જોઈને કરુણ દૃશ્યો સર્જાયા હતા. હાલ આ મામલે મૃતકોની ઓળખ કરવાની કાર્યવાહી ચાલી રહી છે. મોટા અધિકારીઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

હોસ્પિટલ-વૃદ્ધાશ્રમ જેવા સાઇલન્સ ઝોનમાં પ્રતિબંધ, સુપ્રીમ કોર્ટે સતત બીજા વર્ષે મંજૂરી આપી

દિલ્હી-NCRમાં દિવાળી પર માત્ર ગ્રીન ફટાકડા ફોડી શકાશે



(એજન્સી) નવી દિલ્હી | તા.02

સુપ્રીમ કોર્ટે દિલ્હી-NCRમાં 7 અને 8 નવેમ્બર 2026ના રોજ ગ્રીન ફટાકડા ફોડવાની મંજૂરી આપી છે. ફટાકડા માત્ર સવારે 6થી 7 વાગ્યા સુધી અને રાત્રે 8થી 10 વાગ્યા સુધી જ ફોડી શકાશે.સુપ્રીમ કોર્ટે હોસ્પિટલો, નર્સિંગ હોમ, પ્રાથમિક અને જિલ્લા આરોગ્ય કેન્દ્રો, વૃદ્ધાશ્રમો તથા સૂચિત શાંતિ ક્ષેત્રોના 300 મીટરના પરિસરમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂક્યો છે.કોર્ટે નિર્દેશ આપ્યો છે કે આ વિસ્તારોની સાથે શૈક્ષણિક સંસ્થાઓને પણ 'નો-ક્રેકર ઝોન' જાહેર કરવામાં આવે. તેની યોગ્ય નિશાનીઓ મૂકવામાં આવે અને લોકોને તેની જાણકારી આપવામાં આવે.સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે 15 ઓક્ટોબરે દિલ્હી-NCRમાં ફટાકડા ફોડવા અંગે આદેશ આપ્યો હતો. તેમાં 19 અને 20 ઓક્ટોબરના બે દિવસ ગ્રીન ફટાકડા ફોડવાની મંજૂરી આપવામાં આવી હતી.30 સપ્ટેમ્બરે સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તે ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકશે નહીં. કોર્ટે એમ પણ કહ્યું હતું કે તે 24 કલાક ફટાકડા ફોડવાની મંજૂરી આપશે નહીં. બેન્ચે કહ્યું હતું કે વચ્ચેનો રસ્તો કાઢવો જરૂરી છે. આ માટે ફટાકડા ફોડવાનો નિર્ધારિત સમય નક્કી કરી શકાય છે. નોંધમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે આ ખાસ ફટાકડાઓને મંજૂરી ત્યારે જ આપી શકાય, જ્યારે તેનું ઉત્પાદન માત્ર લાઇસન્સ ધરાવતા ઉત્પાદકો કરે. તેમાં પ્રતિબંધિત રસાયણો ન હોવા જોઈએ.29 ઓક્ટોબર: કોહલી પાસે ફટાકડા વિના દિવાળી ઉજવવાની અપીલ કરાવોકોર્ટે કહ્યું કે વિરાટ કોહલી જેવી જાણીતી હસ્તીઓની મદદથી લોકોને જાગૃત કરી શકાય છે. જસ્ટિસ વરાળેએ કહ્યું, જનતાને જાગૃત કરવા માટે સારા ખેલાડીઓ અથવા જીવનના કોઈપણ ક્ષેત્રમાં સન્માનિત લોકોની સેવાઓ કેમ ન લઈ શકાય? કોર્ટે સૂચન કર્યું કે જાણીતી હસ્તીઓ પાસેથી એવા વીડિયો અથવા સંદેશા રેકોર્ડ કરાવી શકાય.

વિશ્વ યાત્રાએ નીકળેલુ જહાજ ફ્યૂઅલનાં ભાવ વધતા કંબોડિયામાં અટવાયું!

નવી દિલ્હી : યાત્રીઓને સમગ્ર વિશ્વની ત્રણ વર્ષની યાત્રા કરાવવાનું વચન આપનાર એક લક્ઝરી ક્રૂઝ અચાનક કંબોડિયામાં અચાનક રોકાઈ ગયું છે. ક્રૂઝ ઓપરેટર પાસે ઈંધણનો ખર્ચ ચુકવવા માટે નાણા સમાપ્ત થઈ ગયા છે. જેના કારણે ૨૦૦ યાત્રીઓ ફસાઈ ગયા છે.યાત્રીઓમાં એક કેન્સરનાં દર્દી પણ છે. તેમના જણાવ્યા અનુસાર જહાજ છોડવા માટે મજબૂર કરવામાં આવ્યા પછી યાત્રીઓને રહેવાની જગ્યા શોધવામાં મદદ કરવા માટે કંપનીએ ખૂબ જ ઓછા પ્રયત્નો કર્યા છે.'એમવી ઓડિસી' નામનું આ જહાજ જે હાલમાં કંબોડિયાનાં સિહાનોકવિલે પોર્ટ પર ઉભુ છે. ચાર મહિનાનાં વિલંબ પછી ઓક્ટોબર ૨૦૨૪માં આ જહાજ પોતાની યાત્રા પર નીકળ્યું હતું.ફ્લોરિડાની કંપની 'વિલા વી રેઝિડન્સ' દ્વારા સંચાલિત આ જહાજે સાત મહાદ્વીપોની યાત્રાનું વચન આપ્યું હતું. તેમાં સ્થાયી સ્વરૂપે રહેવા માટે સ્યૂટ ઉપલબ્ધ હતાં. જેની કીંમત ૧,૩૦,૦૦૦ ડોલર (૧,૨૩,૩૮,૬૨૫ કરોડ રૂપિયા)થી શરૂ થતી હતી.જો કે ઈંધણની વધતી



કીંમતોને કારણે કંપનીને યાત્રા અધવચ્ચે જ રોકવી પડી છે.વિલા વી રેઝિડન્સનાં જણાવ્યા અનુસાર ઈરાનમાં યુદ્ધ શરૂ થયા પછી ઈંધણની કીંમત ખૂબ જ વધી ગઈ છે જેના કારણે જહાજને ચલાવવું મુશ્કેલ થઈ ગયું છે. 'વિલા વી'એ જહાજ અને શહેરની વચ્ચે શટલ સેવાની વ્યવસ્થા કરી છે કારણકે યાત્રીઓને કાર્ગો પોર્ટથી ચાલતા જવાની પરવાનગી નથી. જો કે કંપનીએ હોટેલોની યાદી પણ આપી નથી જ્યાં તે રોકાઈ શકે છે.ઈંધણનો ખર્ચ જે અગાઉ દરેક કેબિન માટે ૧૮૦૦ ડોલર (૧,૭૦,૮૫૧ રૂપિયા) પ્રતિ માસ હતો જે હવે વધીને એશિયાનાં કેટલાક ભાગોમાં વધીને ૮૦૦૦ ડોલર (૭,૫૯,૩૦૦ રૂપિયા) થઈ ગયો છે.

પંજાબમાં AAPને મોટો ઝટકો, 24 કલાકમાં 3 ધારાસભ્યના રાજીનામા, ભાજપમાં જોડાઇ ગયા

(એજન્સી) નવી દિલ્હી | તા.02

પંજાબના રાજકારણમાં આમ આદમી પાર્ટી (AAP) માટે સંકટના વાદળો વધુ ઘેરા બન્યા છે. પાર્ટીમાં ચાલી રહેલી આંતરિક ખેંચતાણ વચ્ચે AAP ને વધુ એક મોટો આંચકો લાગ્યો છે. અમૃતસર નોર્થના ધારાસભ્ય અને પૂર્વ આઈપીએસ (IPS) અધિકારી કુંવર વિજય પ્રતાપ સિંહે પંજાબ વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે. તેમણે પોતાનું રાજીનામું વિધાનસભા અધ્યક્ષ કુલતાર સિંહ સંધવાં મોકલી આપ્યું છે.રવિવારે જ સમાના બેઠકના ધારાસભ્ય ચેતન સિંહ જોડામાજરા અને સનોર બેઠકના ધારાસભ્ય હરમીત સિંહ પઠાનમાજરાએ પક્ષમાંથી રાજીનામું આપ્યા બાદ, કુંવર વિજય પ્રતાપ સિંહનું રાજીનામું એ 24 કલાકમાં AAP ને લાગેલો ત્રીજો મોટો ઝટકો છે. આ ત્રણેય નેતાઓ પછીથી ભાજપના કાર્યાલયે પહોંચ્યા હતા અને ભાજપનો ખેસ ધારણ કરી લીધો હતો. કુંવર વિજય પ્રતાપ સિંહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર પોતાના રાજીનામાના પત્રની નકલ શેર કરતા લખ્યું હતું કે, "મેં પંજાબ વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે." અધ્યક્ષને મોકલેલા પત્રમાં તેમણે 1



નવેમ્બર, 2026 થી જ પોતાનું રાજીનામું અમલી ગણવાની રજૂઆત કરી છે.ઉલ્લેખનીય છે કે, કુંવર વિજય પ્રતાપ સિંહને ગયા વર્ષે જૂન મહિનામાં પક્ષ વિરોધી પ્રવૃત્તિઓના આરોપસર AAP માંથી 5 વર્ષ માટે નિલંબિત કરવામાં આવ્યા હતા.બિક્રમ મજીઠિયા કેસ: તેમણે શિરોમણી અકાલી દળના નેતા બિક્રમ સિંહ મજીઠિયા સામે પંજાબ વિજિલન્સ બ્યુરોની કાર્યવાહી પર સવાલો ઉઠાવ્યા હતા. બેઅદબી કેસમાં નારાજગી: 2015ના બેઅદબી અને પોલીસ ફાયરિંગ કેસની તપાસ કરનાર સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ના સભ્ય રહી ચૂકેલા કુંવર વિજય પ્રતાપે ન્યાય મળવામાં થઈ રહેલા વિલંબ અંગે ભગવંત માન સરકારની જાહેરમાં ભારે ટીકા કરી હતી.

31 ડિસેમ્બર 2029 સુધી નશાના વેપારને જડમૂળથી ખતમ કરવાનું લક્ષ્ય

1218 દિવસોમાં સરદાર સાહેબે તે કરી બતાવ્યું, જે ઘણા મોટા નેતાઓ આખા જીવનકાળમાં ન કરી શક્યા

કોંગ્રેસે સરદાર સાહેબના વિરાટ વ્યક્તિત્વને ભુલાવવાનો પ્રયાસ કર્યો, જ્યારે મોદીજીએ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના માધ્યમથી તેમને વૈશ્વિક ઓળખ અને સન્માન આપ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.02

ભારતના ઇતિહાસમાં સરદાર વલ્લભભાઈ પટેલનું નામ તે લોહ સ્તંભની જેમ નોંધાયેલું છે, જેણે આઝાદી પછી વેરવિખેર થવાની શંકાઓ વચ્ચે દેશને એકતાના સૂત્રમાં પિરોવીને અખંડ ભારતનો પાયો નાખ્યો. સરદાર સાહેબની ૧૫૧મી જન્મજયંતી પર રાષ્ટ્રીય એકતા દિવસના અવસર પર દિલ્હીમાં અમિત શાહે 'એકતા દોડ'નો પ્રારંભ કર્યો. આ અવસર પર તેમણે યાદ અપાવ્યું કે કેવી રીતે માત્ર 1218 દિવસોમાં સરદાર પટેલે તે કરી બતાવ્યું, જેને આખી દુનિયા અશક્ય માની રહી હતી.જ્યારે ભારત આઝાદ થયો, ત્યારે સેંકડો રિયાસતોમાં વહેંચાયેલા દેશના ભવિષ્ય પર સવાલો ઉઠી રહ્યા હતા. પરંતુ સરદાર પટેલની રાજકીય દૂરદર્શિતા, અસાધારણ કૂટનીતિ અને લોહ ઇચ્છાશક્તિએ આ શંકાઓને ધ્વસ્ત કરી નાખી. તેમણે વેરવિખેર રિયાસતોને એક માળામાં પિરોવીને આધુનિક ભારતના ભૂગોળને નવી ઓળખ આપી. તેઓ માત્ર સ્વતંત્રતા સંગ્રામના નાયક ન હતા, પરંતુ અખંડ ભારતના એવા શિલ્પકાર હતા, જેમણે ઇતિહાસની દિશા બદલી નાખી. કોંગ્રેસના શાસનકાળમાં સરદાર પટેલને તેમના યોગદાન મુજબ સન્માન ન મળવું એ દુર્ભાગ્યપૂર્ણ રહ્યું. કોંગ્રેસે તેમના વિરાટ વ્યક્તિત્વને ભુલાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ ઇતિહાસના સૂર્યને રાજકીય ઉપેક્ષાના વાદળોથી છુપાવી શકાતો નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું નિર્માણ કરીને સરદાર સાહેબને વૈશ્વિક ઓળખ અપાવી. આજે આ પ્રતિમા તેમના વ્યક્તિત્વ અને અખંડ ભારતના સંકલ્પનું પ્રતીક છે.જે રીતે સરદાર પટેલે પોતાની મક્કમ ઇચ્છાશક્તિથી સેંકડો રિયાસતોને એકસૂત્રમાં બાંધી હતી, તે જ રીતે મોદી સરકારમાં અમિત શાહ તેમના પગલે ચાલીને દેશની આંતરિક સુરક્ષા અને એકતાને મજબૂત કરી રહ્યા છે. તેમના નેતૃત્વમાં 31 માર્ચ 2026ના રોજ ભારત નક્સલવાદથી મુક્ત થયું. હવે આગામી લક્ષ્ય 31 ડિસેમ્બર 2029 સુધી દેશને નશામુકત બનાવવાનું છે. આ માત્ર નશા વિરુદ્ધનું અભિયાન નથી, પરંતુ દેશની યુવા શક્તિને સુરક્ષિત રાખવા અને વિકસિત ભારતનો મજબૂત પાયો તૈયાર કરવાનો સંકલ્પ છે.

સસ્પેન્ડેડ સબ-ઇન્સ્પેક્ટર મનોજ સાહુ અને કોન્સ્ટેબલ સંતોષ રાય સહિતના આરોપીઓની ધરપકડ કરવામાં આવી

ઝારખંડમાં માનવતા શર્મસાર, પોલીસ સ્ટેશનમાં યુવતી સાથે દુષ્કર્મ, 15 પોલીસકર્મી સસ્પેન્ડ, 3 ની ધરપકડ

(એજન્સી) ઝારખંડ | તા.02

ઝારખંડના સરાયકેલા-ખરસાવા જિલ્લામાં ગમરિયા પોલીસ સ્ટેશનમાં 20 વર્ષીય યુવતી પર દુષ્કર્મનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ ઘટના 29 ઓક્ટોબરે બની હતી. પોલીસે સ્ટેશન ઈન્ચાર્જ સહિત 15 પોલીસકર્મીઓને સસ્પેન્ડ કર્યા છે. વાયરલેસ ઓપરેટર સહિત 3 આરોપી પોલીસકર્મીઓની ધરપકડ પણ કરવામાં આવી છે. આ મામલે SIT દ્વારા તપાસ ચાલી રહી છે. ભાજપે હેમંત સોરેન સરકાર પર નિશાન સાધ્યું છે. ઝારખંડના સરાયકેલા-ખરસાવા જિલ્લાના ગમરિયા પોલીસ સ્ટેશન પરિસરમાંથી એક અત્યંત શરમજનક અને સંવેદનશીલ મામલો સામે આવ્યો છે, જ્યાં પોલીસ સ્ટેશનની અંદર જ 20 વર્ષીય યુવતી સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની ઘટના બની છે. આ ગંભીર મામલે ત્વરિત કાર્યવાહી કરીને પોલીસે ગમરિયાના સ્ટેશન ઈન્ચાર્જ સહિત કુલ 15 પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરી દીધા છે. આ સાથે જ વાયરલેસ ઓપરેટર સહિત ત્રણ આરોપી પોલીસકર્મીઓની ધરપકડ પણ કરવામાં આવી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, આ ઘટના ગત 29 ઓક્ટોબરે બની હતી. પીડિતાએ પોલીસને આપેલી ફરિયાદમાં જણાવ્યું કે ગુરુવારે સાંજે તેનો તેના પતિ સાથે ઝઘડો થયો હતો. પતિ મારઝૂડ કરશે તેવું ડર હોવાથી તે ઘરની બહાર નીકળી ગઈ હતી. તે એક પડોશીના ઘરે ગઈ અને મોબાઈલ ફોન દ્વારા પોલીસનો સંપર્ક કર્યો. પોલીસના જણાવ્યા મુજબ, એક પીસીઆર વાન ત્યાં પહોંચી અને તે રાત્રે મહિલાને પોલીસ સ્ટેશન લઈ આવી. પોલીસ સ્ટેશનમાં ફરજ પર હાજર અધિકારીઓએ તેને આરામ કરવા માટે સ્ટેશનમાં જ એક રૂમ આપ્યો હતો.પીડિતાના નિવેદન મુજબ, જ્યારે તે તે રૂમમાં હતી ત્યારે સ્ટેશનનો વાયરલેસ ઓપરેટર તે રૂમમાં આવ્યો અને તેની સાથે દુષ્કર્મ આચર્યું. આ દરમિયાન પીડિતાએ મદદ માટે બૂમો પણ પાડી હતી પરંતુ કોઈએ તેની મદદ કરી ન હતી. આ જઘન્ય અપરાધની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સરાયકેલા-ખરસાવાના પોલીસ અધિક્ષક (SP) મનોજ સ્વર્ગિયારીએ ઘટનાના બીજા જ દિવસે એક વિશેષ તપાસ ટુકડી(SIT) ની રચના કરી હતી. શનિવારે એસઆઈટીએ પોતાનો અહેવાલ સોંપ્યો હતો, જેના આધારે કાર્યવાહી કરીને સસ્પેન્ડેડ સબ-ઇન્સ્પેક્ટર મનોજ સાહુ અને કોન્સ્ટેબલ સંતોષ રાય સહિતના આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ અધિક્ષકે આ મામલે નિષ્પક્ષ તપાસ અને તમામ દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.પોલીસ સ્ટેશનની અંદર બનેલી આ અમાનવીય ઘટનાને લઈને ઝારખંડનું રાજકારણ ગરમાઈ ગયું છે. ઝારખંડના પૂર્વ મંત્રી અને કોડરમાથી ભાજપના ધારાસભ્ય નીરા યાદવે આ મામલે હેમંત સોરેન સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે આ માત્ર એક મહિલા વિરુદ્ધનો અપરાધ નથી પરંતુ સમગ્ર પોલીસ વ્યવસ્થા અને રાજ્ય સરકારની જવાબદારી પર ગંભીર સવાલો ઊભા કરે છે. ભાજપે પીડિતાને વહેલી તકે ન્યાય અપાવવાની અને કાયદો-વ્યવસ્થા સુધારવાની માંગ કરી છે.

સરકાર માંગો નહીં સ્વીકારે તો ખેડૂતોને સાથે રાખીને ઉગ્ર આંદોલન કરવામાં આવશે

સૌની યોજના અંતર્ગત શિયાળુ પાક માટે સિંચાઈનું પૂરતું પાણી પહોંચાડવામાં આવે

(એજન્સી) અમદાવાદ । તા. 31

ખેડૂતો, ભાગિયાઓ અને ખેત મજૂરોને યોગ્ય સહાય ચૂકવવા મુદ્દે આજે આમ આદમી પાર્ટીએ દેવભૂમિ દ્વારકા, રાજકોટ, બોટાદ, ભાવનગર, મહેસાણા, કચ્છ, અમરેલી સહિત સમગ્ર ગુજરાતના તમામ જિલ્લાઓમાં કલેકટરના માધ્યમથી મુખ્યમંત્રીને આવેદનપત્ર સોંપ્યું હતું. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના પ્રદેશના નેતાઓ, પદાધિકારીઓ, સ્થાનિક હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને સ્થાનિક ખેડૂતો હાજર રહ્યા હતા. આ આવેદનપત્રમાં આમ આદમી પાર્ટી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ગુજરાતના ખેડૂતો હાલ દેવા, પાણીની અછત અને ઘાસચારાની અછત જેવી અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. સાથે જ ભાગિયાઓ અને ખેત મજૂરોની હાલત પણ નબળી

બે ત્રણ ગામ વચ્ચે ઘાસ ડેપો શરૂ કરીને પૂરતું ઘાસ આપવામાં આવે: આમ આદમી પાર્ટી

બની ગઈ છે.

આમ આદમી પાર્ટીના નેતાઓએ જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી ખેડૂતો વતી કેટલીક માંગો મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરવા માંગે છે. અમારી માંગણી છે કે સમગ્ર ગુજરાતના ખેડૂતોનું દેવું માફ થવું જોઈએ. બીજી માંગ છે કે ખેડૂતોને 17000 કરતા પૂરતી આર્થિક સહાય આપવામાં આવે. અમારી ત્રીજી માંગ છે કે બે-ત્રણ ગામ વચ્ચે ઘાસ ડેપો શરૂ કરીને પૂરતું ઘાસ આપવામાં આવે. આમ આદમી પાર્ટીની ચોથી માંગ છે કે સૌની યોજના અંતર્ગત શિયાળુ પાક માટે સિંચાઈનું પૂરતું પાણી પહોંચાડવામાં આવે. આમ આદમી પાર્ટીની પાંચમી માંગ છે કે ભાગિયાઓ અને ખેત મજૂરો માટે વિશેષ આર્થિક સહાય જાહેર કરવામાં આવે. આ તમામ માંગણીઓ સ્વીકારીને તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવામાં આવે એવી અમારી માંગ છે. અન્યથા આમ આદમી પાર્ટી ખેડૂતોને સાથે રાખીને લોકશાહીના ઢબે ઉગ્ર આંદોલન કરશે, અમને આશા છે કે સરકાર યોગ્ય કાર્યવાહી કરશે.



ખેડૂતો, ભાગિયાઓ અને ખેત મજૂરો માટે યોગ્ય સહાય જાહેર કરવા મુદ્દે આમ આદમી પાર્ટીએ ગુજરાતના તમામ જિલ્લાઓમાં આપ્યા આવેદનપત્ર આમ આદમી પાર્ટીના પ્રદેશના નેતાઓ, સ્થાનિક પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ કલેક્ટરના માધ્યમથી મુખ્યમંત્રીને પાઠવ્યા આવેદનપત્ર

આદિવાસી સમાજના હક અને અધિકારો માટે લડતા ચૈતરભાઈને ન્યાય અપાવવા માટે ન્યાય યાત્રાનું આયોજન કરાયું છે : ગોપાલ ઈટાલિયા

આદિવાસી સમાજના જળ, જમીન, જંગલ અને શિક્ષણના અધિકારો માટે આજદિન સુધી કોઈ નક્કર કામગીરી થઈ નથી : ગોપાલ ઈટાલિયા

(એજન્સી) અમદાવાદ । તા. 02

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં નીકળેલી 'આદિવાસી ન્યાય યાત્રા'નો આજે દસમો દિવસ છે અને દસમાં દિવસે અરવલ્લીના મોડાસા ખાતે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ પત્રકાર પરિષદમાં આમ આદમી પાર્ટીના શીર્ષસ્થ નેતાઓ અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા સાથે સાથે ચૈતરભાઈના ધર્મપત્નીઓ શ્રીમતી શકુંતલાબેન વસાવા અને શ્રીમતી વર્ષાબેન વસાવા, પ્રદેશ ઉપપ્રમુખ રાજુભાઈ વલવાઈ, છોટાઉદેપુર જિલ્લા પ્રમુખ રાધિકાબેન રાઠવા, પ્રદેશ સંગઠન મંત્રી તથા નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવા તેમજ પ્રદેશ સંગઠન મંત્રીઓ બાબુભાઈ ડામોર અને કમલેશ પટેલે ઉપસ્થિત રહીને સરકાર સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. આ તકે વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે ભાજપ સામે અવાજ ઉઠાવનાર, આગળ વધનાર કે ટક્કર ઝીલનાર કોઈપણ વ્યક્તિનું મનોબળ તોડવા કે



તેને પાડી દેવા માટે ભાજપ દ્વારા ચૈતરભાઈને પણ અનેક લોભ-લાલચ આપવામાં આવી હતી. પરંતુ, ચૈતરભાઈ લોભ-લાલચમાં ડગવાના બદલે આદિવાસી સમાજ તથા તમામ વર્ગોના અધિકારો માટે લડત ચાલુ રાખતા, ભાજપ સરકારે ષડયંત્ર રચીને આયોજનબદ્ધ રીતે એક સામાન્ય ઘટનાને મોટું સ્વરૂપ આપીને તેમને જેલમાં પૂર્યા છે. ચૈતરભાઈને જેલમાં પૂરવા એ માત્ર તેમનું કે આમ આદમી પાર્ટીનું નહીં, પરંતુ આખા ગુજરાતના કરોડો લોકોનું હિત છીનવવા સમાન અને અન્યાયી તેમજ અપમાનભર્યું પગલું છે. ચૈતરભાઈને અને સમાજને ન્યાય મળે તથા લોકોના હક-અધિકારો માટે લડતો આ યુવાન ફરી સમાજને પાછો મળે તે માટે આ ન્યાય યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં નવ દિવસ પૂર્ણ થઈ ચૂક્યા છે અને આ યાત્રા આગળ વધી રહી છે, જેમાં યુવાનો, લોકો અને આમ જનતા તરફથી તેમજ સોશિયલ મીડિયાના માધ્યમથી ખૂબ જ વિશાળ જનસમર્થન મળી રહ્યું છે, જેના માટે અમે લોકોનો આભાર વ્યક્ત કરીએ છીએ. આદિવાસી સમાજમાં અગાઉ અનેક નેતાઓ, પાર્ટીઓ અને સરકારો આવી પરંતુ જળ, જમીન, જંગલના અધિકારો, શિક્ષણ અને આરોગ્યલક્ષી સુવિધાઓ બાબતે આજદિન સુધી કોઈ નક્કર કામગીરી થઈ નથી. ચૈતરભાઈએ આદિવાસી વિસ્તારોની શાળાઓની ગેરરીતિઓ, પ્રાયોજના અધિકારીના માધ્યમથી ચાલતા ભ્રષ્ટાચારો અને સરકારી નાણાંના દુરુપયોગને ખુલ્લા પાડવાનું કાર્ય કર્યું છે. શિષ્યવૃત્તિ અને શિક્ષણ જેવા અનેક વિષયો પર કામ કરવાની સાથે કંપનીઓમાં કામદારો સાથે અન્યાય થાય કે દુર્ઘટનામાં જાનહાની થાય ત્યારે તેમને વળતર અપાવવાનું કામ પણ તેમણે કર્યું છે. આમ, એક ધારાસભ્ય તરીકે ગુજરાતમાં ક્યારેય ન થઈ હોય તેવી આદિવાસી સમાજની સેવા ચૈતરભાઈએ કરી છે, પરંતુ આજે ખૂબ જ દુઃખ સાથે કહેવું પડે છે કે ભાજપે આવા સારા માણસને ખોટી રીતે જેલમાં પૂર્યા છે. તેની સામે શકુંતલાબેન અને વર્ષાબેનના નેતૃત્વમાં નીકળેલી આદિવાસી ન્યાય યાત્રા દ્વારા લોકજાગૃતિ ફેલાઈ રહી છે, લોકોનું સમર્થન મળી રહ્યું છે અને જનતા ૨૦૨૭ની લોક અદાલતમાં ચૈતરભાઈને ન્યાય આપશે તેવી માંગણી સાથે સૌ કોઈ આ લડતમાં જોડાયા છે.

હજુ પણ ચૈતર વસાવાના ભાઈ શાંતિલાલ વસાવાની તબિયત ક્રિટિકલ હોવાનું સામે આવ્યું : મનોજ સોરઠીયા

(એજન્સી) અમદાવાદ । તા. 02

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાને નાના ભાઈની ખબર અંતર પૂછવા ને સંભાળ લેવા માનનીય સુપ્રીમ કોર્ટમાંથી જામીન



'આપ' ધારાસભ્ય ચૈતર વસાવાએ સુરત સિવિલ હોસ્પિટલમાં દાખલ પોતાના નાના ભાઈ શાંતિલાલ વસાવાની મુલાકાત લીધી : ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કરનાર ચૈતર વસાવાના ભાઈ નવી સિવિલ હોસ્પિટલના આઇસીયુમાં સારવાર હેઠળ : ભાઈના ખબર અંતર પૂછવા માટે ધારાસભ્ય ચૈતર વસાવાએ સુપ્રીમ કોર્ટમાં કરી હતી જામીન અરજી : મનોજ સોરઠીયા

મળતા પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ સુપ્રીમ કોર્ટનો આભાર વ્યક્ત કરતા મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, દેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા સુરત સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા પોતાના નાના ભાઈની સંભાળ લેવા માટે આવ્યા છે. તેમના ભાઈની તબિયતને ધ્યાનમાં રાખીને માનનીય સુપ્રીમ કોર્ટે ચૈતર વસાવાને ત્રણ દિવસના જામીન મંજૂર કર્યા છે, જે અંતર્ગત તેમણે સિવિલ હોસ્પિટલ પહોંચીને ડૉક્ટરો સાથે ચર્ચા કરી છે. છેલ્લા ૧૨ દિવસથી તેમના નાના ભાઈ હોસ્પિટલમાં લાઈફ સપોર્ટિંગ સિસ્ટમ પર સતત જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. આ મુશ્કેલ પરિસ્થિતિમાં સિવિલ હોસ્પિટલના ડૉક્ટરોએ દર્દીનો જીવ બચાવવા માટે ખૂબ જ જહેમત

સુપ્રીમ કોર્ટે ચૈતર વસાવાના ત્રણ દિવસના જામીન મંજૂર કરતા તેઓ સુરત સિવિલ હોસ્પિટલ પહોંચ્યા : મનોજ સોરઠીયા

ઉઠાવીને મહેનત કરી છે, જે બદલ અમે ડૉક્ટરોનો પણ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

ડૉક્ટરોની હાલની સ્થિતિ અંગેની માહિતી મુજબ, હજુ પણ દર્દીની હાલત ક્રિટિકલ છે અને આગામી બે-ત્રણ દિવસ સુધી તેમને આ જ ટ્રીટમેન્ટ પર રાખવામાં આવશે. જો તેઓ રિકવર નહીં થાય તો જરૂર પડ્યે અન્ય મોટી હોસ્પિટલમાં ખસેડીને આગળની ટ્રીટમેન્ટ કરાવવા માટે ડૉક્ટરો દ્વારા સૂચવવામાં આવ્યું છે. અમે લોકો પણ આ બે દિવસ ડૉક્ટરો સાથે ચર્ચા કરીશું અને જરૂર જણાશે તો દિલ્હી કે મુંબઈ અથવા જ્યાં પણ ઉત્તમ સારવાર શક્ય હોય ત્યાં લઈ જઈને એમને ફરીથી સામાન્ય જીવન જીવતા કરવા અને તબિયત સુધારવાના તમામ પ્રયત્નો કરીશું. ચૈતરભાઈ લાંબા સમયથી જેલમાં હોવાથી પરિવાર માટે આ ખૂબ જ દુખદ ઘટના છે; પરિવારના મોટા ભાઈ તરીકે તમામ જવાબદારી ચૈતરભાઈની હોય ત્યારે આવી સ્થિતિ સર્જાવી સૌના માટે ચિંતાનો વિષય છે. આ ત્રણ દિવસ તેઓ અહીં રહીને ભાઈની તબિયતનું સતત મોનિટરિંગ કરશે.

એન્ટી નાર્કોટિક્સ વિંગે શાહપુરમાંથી 90 હજારનું એમડી ડ્રગ્સ ઝડપ્યું...

(એજન્સી) અમદાવાદ । તા. 02

અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા NDPS માટે એન્ટી નાર્કોટિક્સ વિંગ બનાવવામાં આવી છે. ત્યારે સેક્ટર 1ની વિંગે શાહપુર વિસ્તારમાંથી 90 હજારના એમડી ડ્રગ્સ સાથે એક આરોપીની ધરપકડ કરી છે. આરોપી ડ્રગ્સના જથ્થાનું વેચાણ કરે તે અગાઉ તેની ધરપકડ કરવામાં આવી છે. શાહપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ANWના પીઆઈ આર.એમ ચૌહાણ અને પીએસઆઈ એન.એસ સિંઘની ટીમને બાતમી મળી હતી. જેના આધારે શાહપુર વિસ્તારમાં આવેલી કલ્યાણી વાડના નાકા પાસેથી હમીદખાન પઠાણની ધરપકડ કરી છે. આરોપી વટવા વિસ્તારનો રહેવાસી છે. તેની તપાસ કરતા 9 ગ્રામ એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું.

ન્યૂ રાણીપ અને પાલડીમાં સ્નેચિંગનો બનાવ : પક્ષીઓને ચણ નાખીને પરત ફરતી વૃદ્ધાની દોઢ તોલાની ચેઇન ખેંચી



(એજન્સી) અમદાવાદ । તા. 02

અમદાવાદ | ન્યુ રાણીપ અને પાલડીમાં બનેલા બે બનાવોમાં વૃદ્ધ મહિલા અને 76 વર્ષના વૃદ્ધને નિશાન બનાવવામાં આવ્યા છે.એક બનાવમાં બાઈક પર આવેલા બે શખસોએ ચેઈન ખેંચી હતી, જ્યારે બીજા બનાવમાં સરનામું પૂછવાના બહાને એક્ટિવા ચાલકે વૃદ્ધને લૂંટી લીધા હતા.

ન્યુ રાણીપની સહજ સેન્ચુરીમાં રહેતા રોનક ભાવસારનાં માતા કોકિલાબેનની રોજની દિનચર્યામાં ન્યુ રાણીપના ખુલ્લા મેદાનમાં પક્ષીઓને ચણ નાખવા જાય છે. જોકે, ગઈકાલે ચણ નાખીને ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે બાઈક પર આવેલા બે શખસોએ તેમના ગળામાંથી દોઢ તોલાની સોનાની ચેઈન ખેંચી લીધી હતી. કોકિલાબેન કંઈ સમજે તે પહેલાં જ બંને ગઠિયા આંખના પલકારામાં ફરાર થઈ ગયા હતા. આ મામલે રોનકે સાબરમતી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

અન્ય બનાવમાં પાલડીની પ્રભાકુંજ સોસાયટીમાં રહેતા 76 વર્ષીય પ્રવિણ સંઘવી પણ સ્નેચરોનો ભોગ બન્યા હતા.તેઓ ઘરમાંથી કચરો નાખવા માટે બહાર નીકળ્યા હતા, ત્યારે એક્ટિવા પર આવેલા શખસે સરનામું પૂછવાના બહાને તેમને રોક્યા હતા. પ્રવિણભાઈ સરનામું સમજાવે તે પહેલાં જ ગઠિયાએ તેમના ગળામાંથી સોનાની ચેઈન ખેંચી લીધી હતી અને ફરાર થઈ ગયો હતો. આ અંગે તેમણે પાલડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.બંને બનાવોમાં ગઠિયાઓએ વૃદ્ધોની રોજિંદી પ્રવૃત્તિ દરમિયાન તકનો લાભ લઈને ચેઈન સ્નેચિંગ કર્યું છે.


સમાજને લૂંટનારા લોકો જલસા કરે છે, પણ ચૈતર વસાવા જેલમાં છે: ગોપાલ ઈટાલીયા

ચૈતર વસાવાની એક હાકલ પર ૧ લાખ આદિવાસીઓ એકત્ર થતાં ભાજપ ગભરાઈ ગયું અને તેમને જેલમાં પૂર્યા : બ્રિજરાજ સોલંકી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં નીકળેલી 'આદિવાસી ન્યાય યાત્રા'નો આજે દસમો દિવસ છે અને દસમાં દિવસે અરવલ્લીના શામળાજી ખાતે જનસભા યોજાઈ હતી.આ સભામાં આમ આદમી પાર્ટીના શીર્ષસ્થ નેતાઓ અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, યુવા મોરચા પ્રમુખ બ્રિજરાજ સોલંકી સાથે સાથે ચૈતરભાઈના ધર્મપત્નીઓ શ્રીમતી શકુંતલાબેન વસાવા અને શ્રીમતી વર્ષાબેન વસાવા, પ્રદેશ ઉપપ્રમુખ રાજુભાઈ વલવાઈ, પ્રદેશ સંગઠન મંત્રી જયદીપસિંહ ચૌહાણ, છોટાઉદેપુર જિલ્લા પ્રમુખ રાધિકાબેન રાઠવા, પ્રદેશ સંગઠન મંત્રી તથા નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવા તેમજ પ્રદેશ સંગઠન મંત્રીઓ બાબુભાઈ ડામોર અને કમલેશ પટેલ સાથે મોટી સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહીને સરકાર સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. આ તકે વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે ધારાસભ્ય ચૈતર વસાવાએ હંમેશાં આદિવાસી સમાજ અને યુવાનોને હિંમત આપવાનું તથા સમાજના નાનામાં નાના માણસોની લડાઈ લડવાનું કામ કર્યું છે. આજે સમાજને લૂંટનારા લોકો જલસા કરી રહ્યા છે અને જનતાના હક માટે લડનાર ચૈતર વસાવા જેલમાં છે, કારણ કે જેલ ખરેખર ગુંડાઓ માટે બની છે પરંતુ આજે દુર્ભાગ્યપૂર્ણ રીતે સારા માણસો જેલમાં બંધ છે. દિવાળી જેવા પવિત્ર તહેવારમાં ખુશીઓ મનાવવાની જગ્યાએ આપણી બે બહેનોએ ન્યાય મેળવવા માટે ન્યાય યાત્રા લઈને નીકળવું પડ્યું છે. વર્ષાબેન અને શકુંતલાબેન જનતાને વિનંતી કરવા આવ્યા છે કે હવે પરિવર્તન લાવો અને અન્યાય તથા અત્યાચાર કરનાર લોકોને સત્તા પરથી બહાર ફેંકી દો. અત્યાર સુધી એવું બનતું આવ્યું છે કે નેતાઓ પાંચ વર્ષ પબ્લિકને લૂટે છે અને ચૂંટણીના આગલા દિવસે સોફ્ટવેર પકડાવી દે છે. આપણે વીસ વર્ષ પહેલાં જે હાલતમાં હતા, આજે પણ એ જ હાલતમાં છીએ; નેતાઓ, પાર્ટીઓ અને સરકારો બદલાઈ ગઈ છતાં આપણી ગરીબ આદિવાસીઓની દયનીય હાલત બદલાઈ નથી. ચિંતાનો વિષય એ છે કે જ્યારે ચૈતરભાઈ વસાવાએ લોકોના હિત માટે અવાજ ઉઠાવ્યો, સરકારને જાગૃત કરી અને યુવાનોને સંગઠિત કરવાનું કામ કર્યું, ત્યારે તેમને ખોટી રીતે જેલમાં પૂરવામાં આવ્યા. જો તેમણે લોકોના હક માટે અવાજ ન ઉઠાવ્યો હોત તો આજે તેમણે જેલમાં ન જવું પડત. જો જનતા એક 'ઝાડુ'નું બટન દબાવશે તો તમારું અપમાન કરનાર તમામ લોકો ઘરભેગા થઈ જશે.આમ આદમી પાર્ટી યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ બ્રિજરાજ સોલંકીએ સભાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, OBC, SC, ST સમાજ હોય કે પછાત વર્ગ હોય, જ્ઞાતિ-જાતિ, ભેદભાવ, ભાષા-ધર્મ બધું ભૂલીને એક ગરીબ, વંચિત અને પછાત સમાજના ખેડૂત કે યુવાનના હક, અધિકાર અને ન્યાય માટે જે ઝઝૂમતા હોય તેમની ઉપર આ ભ્રષ્ટાચારી ભારતીય જનતા પાર્ટી રાજકીય કિન્નાખોરી રાખીને ખોટા કેસ કરે અને સાત-સાત વર્ષની સજા ફટકારે છે. ગુજરાતની સ્થાપના થઈ ત્યારથી લઈને આજદિન સુધી એવો એક પણ બનાવ નથી બન્યો કે કોઈ ચાલુ ધારાસભ્યને સાત વર્ષની સજા ફટકારી હોય, પરંતુ ચૈતર વસાવા માત્ર એવા નેતા છે જેમની પાછળ આખેઆખી ભાજપ સરકાર પડી છે. તેનું કારણ એ છે કે જ્યારે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સભા થઈ ત્યારે માત્ર ૫ થી ૧૦ હજાર લોકો ઉપસ્થિત રહ્યા હતા, પરંતુ આપણા સાવજ અને મસીહા ચૈતરભાઈ વસાવાએ જ્યારે એક હાકલ કરી અને પડકાર ફેંક્યો ત્યારે એક લાખ આદિવાસીઓ એકત્રિત થયા, જેનાથી ભાજપને

દહેગામ નજીક મેશ્વો નદીના બ્રિજ પાસેથી SMCએ કેટા કારને ઝડપી, નંબર પ્લેટ પણ ફેક નીકળી, એક ફરાર

10 લાખના દારૂ સાથે રાજ.નો બુટલેગર ઝડપાયો



(એજન્સી) ગાંધીનગર | તા. 02

રાજ્યમાં દારૂબંધીના કાયદાનો સખ્તાઈથી અમલ કરાવવા એક્શનમાં આવેલી સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે ગાંધીનગરના દહેગામ તાલુકાના મીઠાના મુવાડા ગામની સીમમાં મેશ્વો નદીના બ્રિજ પાસે દરોડો પાડી વિદેશી દારૂ ભરેલી કેટા કાર ઝડપી પાડી છે. પોલીસે રૂ. 10.53 લાખની કિંમતની 3,928 નંગ દારૂની બોટલો તથા બીયર અને કાર મળી કુલ રૂ. 20.73 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે રાજસ્થાનના બુટલેગરની ધરપકડ કરી છે, જ્યારે તેનો સાગરીત અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો.

બાતમીના આધારે SMCની ટીમે રખીયાલથી દહેગામ તરફ જતાં રસ્તે નાકાબંધી કરી હતી. બાતમીવાળી કેટા કાર આવતાં જ પોલીસે તેને ઘેરી લીધી હતી. પકડાયેલા ડ્રાઈવર લાલુરામ વિજય મીણા (રહે. ઉદેપુર)ની પૂછપરછમાં નાસી છૂટેલો શખ્સ તીલકપુરી ગોસ્વામી (રહે. ડુંગરપુર) હોવાનું ખુલ્યું હતું. કારની તપાસ કરતાં તેના પર GJ 18 EH 6348 નંબરની ખોટી પ્લેટ લગાવાઈ હોવાનું અને કારનો અસલી નંબર GJ 18 EH 7494 હોવાનું સામે આવ્યું હતું.

પ્રાથમિક તપાસમાં રાજસ્થાનના ડુંગરપુરથી દારૂનો જથ્થો ગુજરાતમાં ઘૂસાડવાનું મોટું રેકેટ ચાલી રહ્યું હોવાનું બહાર આવ્યું છે. પોલીસે દારૂ, બોગસ નંબર પ્લેટ ધરાવતી કેટા કાર અને મોબાઈલ મળી કુલ રૂ. 20.73 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. SMCએ આ રેકેટના મુખ્ય સૂત્રધાર વિવેકસિંહ (રહે. ડુંગરપુર), દારૂનો જથ્થો મંગાવનાર અજાણ્યા શખ્સ અને કાર માલિક સામે રખીયાલ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પતિને પ્રેમિકા સાથે પકડી પત્નીએ ચંપલથી ધોઈ નાખ્યો : યુવતીના વાળ ખેંચી ઢીબી : જમાઈને રંગેહાથ પકડ્યો

(એજન્સી) સુરત | તા. 02

સુરતમાં 'પતિ પત્ની ઔર વો'નો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. વરાછા-અશ્વિનીકુમાર રોડ સ્થિત એક હીરા પેઢીમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતા યુવકને ઓફિસની જ ડેટા ઓપરેટર સાથે પ્રેમલીલા માણવી ભારે પડી ગઈ હતી. મધરાતે પોણા ત્રણ વાગ્યે પ્રેમિકાને બાઇક પર બેસાડી લોંગ ડ્રાઇવ પર નીકળેલા પતિને પત્ની અને સાસરી પક્ષના સભ્યોએ કતારગામ GIDC ચાર રસ્તા પાસે રંગેહાથ ઝડપી પાડ્યો હતો. આ પછી રસ્તા વચ્ચે જ પત્નીએ પતિને ચંપલથી ફટકાર્યો હતો અને પ્રેમિકાના વાળ પકડી માર મારતાં ભારે હોબાળો મચી ગયો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થતાં ચકચાર મચી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, અમરોલીમાં રહેતો 30 વર્ષીય યુવક અશ્વિનીકુમાર રોડ પર આવેલી એક હીરાની કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. તેને પોતાની સાથે જ ડેટા ઓપરેટર તરીકે કામ કરતી 27 વર્ષીય યુવતી સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. પતિની હરકતો પર પત્નીને ઘણા સમયથી શંકા હતી કે તે બહાર કોઈ સાથે ગુપચુપ રંગરેલિયા મનાવે છે. 1લી નવેમ્બરની મધરાતે લગભગ પોણા ત્રણ વાગ્યે પતિ યુવતીને બાઇક પર બેસાડીને નીકળ્યો ત્યારે પત્ની, સાસુ અને સાળી સહિતના પરિવારજનો કાર લઈને તેની પાછળ વોચમાં લાગી ગયા હતા. કતારગામ GIDC ચાર રસ્તા આવતાં જ પરિવારે આગળ કાર આડી નાખી બાઇકને આંતરી લીધી હતી.

પતિ અન્ય યુવતી સાથે રંગેહાથ પકડાતાં જ પત્નીએ પોતાનો પિત્તો ગુમાવ્યો હતો. પત્ની અને તેની સાથે આવેલી મહિલાઓએ મધરાતે કતારગામના રસ્તા પર જ હાઈવોલ્ટેજ ડ્રામા શરૂ કર્યો હતો. પત્નીએ જાહેરમાં જ પતિને ચંપલે-ચંપલે ફટકારવાનું શરૂ કરી દીધું હતું, જ્યારે સાથે આવેલા સંબંધીઓએ દંડા વડે પણ ધોલાઈ કરી હતી. એટલું જ નહીં, બાઇક પાછળ બેઠેલી કથિત પ્રેમિકાને પણ નીચે ખેંચી તેના વાળ પકડીને બેફામ માર મારવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટના દરમિયાન પરિવારના સભ્યો મોબાઇલમાં વીડિયો પણ ઉતારતા રહ્યા હતા.

મધરાતે રસ્તા પર થયેલી આ જોરદાર મારામારી અને તમાશાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ કતારગામ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

ઓઢવમાં કેસર પંજાબ ઢાબામાં ચાર શખ્સોએ આતંક મચાવ્યો : અન્ય લોકો જમવાનું મૂકી બહાર ભાગ્યા...

(એજન્સી) અમદાવાદ । તા. 02

અમદાવાદના ઓઢવ વિસ્તારમાં આવેલા એસ.પી. રિંગ રોડ પરની કેસર પંજાબ ઢાબા હોટેલમાં પાર્સલ લેવા આવેલા ચાર



અજાણ્યા શખ્સોએ આતંક મચાવ્યો હતો. આ શખ્સો અંદરોઅંદર ઝઘડતા હોટેલ માલિકે તેઓને છોડાવ્યા હતા. જોકે, ચારેય શખ્સોએ તેમની સાથે ઝઘડો કરી મારામારી કરી તોડફોડ કરી હતી. જેથી ડરના માર્યા જમવા બેસેલા અન્ય લોકો પણ જમવાનું છોડીને ભાગ્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે ગુનો નોંધીને ચારેયની અટકાયત કરીને વધુ તપાસ શરૂ કરી છે.

ઓઢવમાં રહેતા પૂનમબેન પંચાલ રિંગરોડ પર કેસર પંજાબ ઢાબા નામની હોટેલનો ધંધો કરે છે. ગત 31 ઓક્ટોબરે તે ઘરે હતા અને તેમનો પુત્ર આશિષ હોટેલ પર હતો. ત્યારે હોટેલ પર પાર્સલ લેવા આવેલા ચાર અજાણ્યા શખ્સો અંદરો-અંદર બોલાચાલી અને ઝઘડો કરતા હતા. જેથી આશીષે વચ્ચે પડીને છૂટા પાડવાનો પ્રયાસ કરતા આ શખ્સોએ તેમની સાથે પણ બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો. ત્યારબાદ શખ્સો ત્યાંથી જતા રહ્યા હતા, પરંતુ રાત્રે ફરીથી હોટેલ પર આવ્યા હતા અને આશીષને માર માર્યો હતો.

આટલું જ નહીં હુમલાખોરોએ રોષે ભરાઈને હોટેલના ટેબલ અને ખુરશીઓ તોડી નાખી હતી. આ ઉપરાંત હોટેલમાં રાખેલા છોડના કુંડામાં પણ તોડફોડ કરી મોટું નુકસાન પહોંચાડ્યું હતું. જેથી ત્યાં જમવા બેસેલા લોકો ભયના કારણે જમવાનું છોડીને ભાગ્યા હતા. બાદમાં તમામ શખ્સો નાસી ગયા હતા. આ અંગે ઓઢવ પીઆઈ પી.એન.ઝીઝુવાડિયાએ જણાવ્યું કે, ચારેય શખ્સો સામે ગુનો નોંધીને તમામની અટકાયત કરીને વધુ તપાસ શરૂ કરી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

ભારતીય સર્વેક્ષણ વિભાગ (Survey of India)ની રાષ્ટ્રના ઇતિહાસ કરતાં પણ જૂની એક ગૌરવગાથા

ગુજરાતનું મેપિંગ: વિકસિત ભારત @2047 તરફની વિકાસયાત્રાનો માર્ગ

(એજન્સી) અમદાવાદ । તા. 02

ભારતીય સર્વેક્ષણ વિભાગ (Survey of India)ની રાષ્ટ્રના ઇતિહાસ કરતાં પણ જૂની એક ગૌરવગાથા છે.વર્ષ 1767માં, જ્યારે ભારત પાસે ન તો પોતાનું બંધારણ હતું, ન રાષ્ટ્રધ્વજ કે ન આધુનિક નકશાકીય વ્યવસ્થા, ત્યારે સર્વેયરોની(સર્વે કરતા લોકો) એક નાનકડી ટુકડીએ દેશની ધરતીનું વૈજ્ઞાનિક માપન કરવાની ઐતિહાસિક પહેલ કરી હતી. આ પહેલમાંથી જ ભારતીય સર્વેક્ષણ વિભાગ (Survey of India)ની શરૂઆત હતી, જે આજે દેશની સૌથી જૂની વૈજ્ઞાનિક સંસ્થાઓમાંની એક અને રાષ્ટ્રીય નકશાકીય સંસ્થા તરીકે કાર્યરત છે.ગુજરાતની રાજધાની ગાંધીનગર ખાતે કાર્યરત ભારતીય સર્વેક્ષણ વિભાગની ગુજરાત, દમણ અને દીવ ભૂ-સ્થાનિક નિદેશાલયના નિદેશક શ્રી સિદ્ધાંત સેને વિગતો આપતા જણાવ્યું હતું કે,સૌથી પહેલાં થિયોડોલાઈટ્સ અને અદમ્ય ધીરજના સહારે સર્વેયરોએ ગાઢ જંગલો, વિશાળ રણપ્રદેશો અને દુર્ગમ પર્વતીય વિસ્તારોને પાર કરીને 'ગ્રેટ ટ્રિગોનોમેટ્રિકલ સર્વે' (મહાન ત્રિકોણમિતીય સર્વેક્ષણ) હાથ ધર્યું હતું. આ અભિયાન વિશ્વના સૌથી સાહસિક વૈજ્ઞાનિક સર્વેક્ષણોમાંનું એક હતું. આ જ સંશોધન પરંપરાએ માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈના સૌપ્રથમ વૈજ્ઞાનિક માપનનો માર્ગ મોકળો કર્યો હતો. એટલું જ નહીં, ભારતના બંધારણની મૂળ નકલના મુદ્રણ કાર્યમાં પણ ભારતીય સર્વેક્ષણ વિભાગે મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેમણે કહ્યું કે,અઢી સદીથી વધુ સમય વીતી ગયો હોવા છતાં સંસ્થાનો મૂળ સંકલ્પ આજે પણ અડગ છે, દેશની ધરતીના પ્રત્યેક ઇંચનું વૈજ્ઞાનિક માપન કરવું, તેની ભૌગોલિક ઓળખ સ્થાપિત કરવી અને તેને સચોટ નકશાકીય સ્વરૂપ આપવું.ગુજરાત, દમણ અને



દીવમાં ગાંધીનગર સ્થિત અમારું નિર્દેશાલય આ રાષ્ટ્રીય સંકલ્પને સતત આગળ ધપાવી રહ્યું છે. કચ્છના વિશાળ રણથી સૌરાષ્ટ્રના દરિયાકિનારા સુધી, ખંભાતના અખાતથી દમણ અને દીવના દરિયાઈ વિસ્તારો સુધી સમગ્ર પ્રદેશના નકશાકરણમાં નિર્દેશાલય મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.ભારત જ્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સ્વતંત્રતાની શતાબ્દી એટલે કે વર્ષ 2047 સુધીમાં 'વિકસિત ભારત' બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે, ત્યારે આ વિકાસયાત્રામાં સચોટ ભૌગોલિક માહિતી અને વિશ્વસનીય નકશાકીય માળખું અનિવાર્ય પાયાની ભૂમિકા ભજવે છે. કારણ કે સુનિયોજિત વિકાસની શરૂઆત જમીનની સાચી ઓળખ અને ચોક્કસ માપનથી જ થાય છે.કોઈપણ નકશો માત્ર રેખાઓ અને સીમાઓનું ચિત્ર નથી; તેની પાછળ ચોકસાઈ, વૈજ્ઞાનિક પદ્ધતિ અને વિશ્વસનીય ભૌગોલિક સંદર્ભનું મજબૂત માળખું કાર્યરત હોય છે.આ હેતુસર સમગ્ર રાજ્યમાં આડા અને ઊભા નિયંત્રણ બિંદુઓ (Horizontal and Vertical Control Points) સ્થાપિત કરવામાં આવ્યા છે. આ બિંદુઓ દરેક નકશાને ચોક્કસ ભૌગોલિક સંદર્ભ પ્રદાન કરે છે. પૂરગ્રસ્ત વિસ્તારોના નકશાકરણથી લઈને બંધોની સુરક્ષાનું મૂલ્યાંકન, તેમજ રસ્તાઓ, પુલો અને નહેરો જેવી માળખાકીય સુવિધાઓના નિર્માણ સુધી વિવિધ ક્ષેત્રોના ઇજનેરો આ આધારનો ઉપયોગ કરે છે. વર્ષ 1890નો ગ્રેટ ટ્રિગોનોમેટ્રિકલ સર્વે (GTS) બેન્ચમાર્ક આ વૈજ્ઞાનિક પરંપરાના ઐતિહાસિક વારસાનું પ્રતીક છે. બીજી તરફ, વડીનાર, પોરબંદર, ઓખા અને કંડલા ખાતે સ્થાપિત ભરતી-ઓટ માપન વેધશાળાઓ દરિયાની સપાટીમાં થતા ફેરફારો અને દરિયાઈ ગતિવિધિઓનું સતત નિરીક્ષણ અને રેકોર્ડિંગ કરે છે.

ન્યૂઝ બ્રીફ

જીટીયુના 14મા આંતર-કોલેજ યુવા મહોત્સવ 'સ્પંદન – ક્ષિતિજ-2026' નો ભવ્ય પ્રારંભ

અમદાવાદ | ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા આયોજિત 14મા આંતર-કોલેજ યુવા મહોત્સવ 'સ્પંદન - ક્ષિતિજ-2026'નો જીટીયુના ચાંદખેડા કેમ્પસ સ્થિત સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય પ્રારંભ થયો હતો. 'કલા, સંસ્કૃતિ અને સર્જનાત્મકતાનો ધબકાર'ની થીમ સાથે આયોજિત આ મહોત્સવમાં જીટીયુની 69 સંલગ્ન સંસ્થાઓના 1,100થી વધુ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. 'સ્પંદન'ના માધ્યમથી યુવા પ્રતિભાઓને પોતાની કલા, સંસ્કૃતિ અને સર્જનાત્મકતાને અભિવ્યક્ત કરવાની અનોખી તક મળી રહી છે. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ તથા ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના માનનીય મંત્રીશ્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે પદ્મશ્રી શ્રી તુષાર શુક્લા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જીટીયુના માનનીય કુલપતિ (ઇન્ચાર્જ) પ્રો. (ડૉ.) વૈભવ ભટ્ટ તથા કુલસચિવ ડૉ. કે. એન. ખેર સહિતના મહાનુભાવો પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ સરસ્વતી વંદના અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ જીટીયુ ગીતની પ્રસ્તુતિ સાથે મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. જીટીયુના કુલસચિવ ડૉ. કે. એન. ખેર દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું.

દુષ્કર્મના કેસમાં ફાંસીની રાહ જોતા કેદીને આવ્યો હાર્ટ એટેક

વડોદરા | વડોદરા સેન્ટ્રલ જેલમાંથી એક મહત્વના સમાચાર સામે આવ્યા છે, જ્યાં ભરૂચના ચકચારી બાળકી પર દુષ્કર્મ કેસના ફાંસીની સજા પામેલા આરોપીનું સ્વાસ્થ્ય સંબંધી કારણોસર મોત થયું છે. પ્રાથમિક માહિતી મુજબ, દુષ્કર્મના ગુનેગાર વિજય પાસવાનનું અચાનક હાર્ટ એટેક આવવાથી મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું છે. જેલ પ્રશાસન દ્વારા આ મામલે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આરોપી વિજય પાસવાને અગાઉ ભરૂચ GIDC વિસ્તારમાં એક નિર્દોષ માસૂમ બાળકી પર દુષ્કર્મ આચર્યું હતું. આ પાશવી કૃત્યમાં ગંભીર રીતે ઘાયલ થયેલી 10 વર્ષીય બાળકીનું સતત 8 દિવસ સુધી હોસ્પિટલમાં સારવાર લીધા બાદ દુ:ખદ અવસાન થયું હતું. આ ઘટનાએ સમગ્ર રાજ્યમાં ભારે રોષ અને આક્રોશ ફેલાવ્યો હતો, જેના કારણે આ કેસને અત્યંત સંવેદનશીલ ગણવામાં આવ્યો હતો. આ ગંભીર અને સનસનીખેજ મામલામાં ન્યાય આપવા માટે વર્ષ 2024 દરમિયાન ફાસ્ટ ટ્રેક કોર્ટમાં વિશેષ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કોર્ટે તમામ પુરાવાઓ અને ગંભીરતાને ધ્યાનમાં રાખીને આરોપી વિજય પાસવાન સામેનો ગુનો સાબિત માનીને તેને ફાંસીની સજા ફટકારી હતી. ત્યારથી તે જેલવાસ ભોગવી રહ્યો હતો, અને હવે જેલની અંદર જ તેનું હાર્ટ એટેકથી મોત થયાની માહિતી મળી.

પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના: રૂફટોપ સોલરની સ્થાપિત ક્ષમતામાં ગુજરાત દેશમાં પ્રથમ

10 લાખ રૂફટોપ સોલરના લક્ષ્ય સામે ગુજરાતે 90 ટકા કામ પૂર્ણ કર્યું, અત્યાર સુધી રાજ્યમાં 9.08 લાખ રૂફટોપ સોલાર સ્થાપિત



(એજન્સી) ગાંધીનગર । તા. 02

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2070 સુધીમાં દેશમાં નેટ ઝીરો ઉત્સર્જનનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. પરંપરાગત ઇંધણ પર નિર્ભરતા ઘટાડવા અને વર્ષ 2030 સુધીમાં દેશની વીજળીની 50% જરૂરિયાત પુનઃપ્રાપ્ય ઊર્જાના સ્ત્રોતોમાંથી પૂરી કરવા માટે વિવિધ મહત્ત્વપૂર્ણ પહેલો અમલમાં મુકવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત પણ વીજળીના વધતા વપરાશ અને ભવિષ્યની માંગને પહોંચી વળવા પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પાદન વધારી રહ્યું છે. પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના હેઠળ રૂફટોપ સોલર સિસ્ટમ અપનાવવામાં ગુજરાત દેશના અગ્રણી રાજ્ય તરીકે ઊભરી આવ્યું છે. દેશમાં સ્થાપિત કુલ રૂફટોપ સોલર સિસ્ટમમાં ગુજરાતનો હિસ્સો 18.21% છે. રાજ્યમાં અત્યાર સુધીમાં 9.08 લાખ રેસિડેન્શિયલ રૂફટોપ સોલર સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે, જેની કુલ સ્થાપિત ક્ષમતા 3,408 મેગાવોટ છે. આ સાથે ગુજરાતે માર્ચ 2027 સુધીમાં 10 લાખ રેસિડેન્શિયલ રૂફટોપ સોલર સિસ્ટમ સ્થાપિત કરવાના લક્ષ્યાંકની 90% સિદ્ધિ મેળવી લીધી છે. ગુજરાત સરકાર રૂફટોપ સોલર સિસ્ટમના વ્યાપને વધારવા માટે આર્થિક સહાય અને નિયમનકારી પ્રોત્સાહનો પૂરા પાડે છે. રહેણાંક મકાનોમાં 6 કિલોવોટ સુધીની રૂફટોપ સોલર સિસ્ટમ માટે નિયમનકારી ચાર્જ પેટે 2,950ની સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત, નેટવર્ક મજબૂતીકરણ ચાર્જમાંથી મુક્તિ આપવામાં આવી છે અને નેટ મીટરિંગ કરારની આવશ્યકતામાંથી પણ મુક્તિ આપવામાં આવી છે. કેન્દ્ર સરકારની સહાય ઉપરાંત રાજ્ય સરકારે નાના રેસિડેન્શિયલ વીજગ્રાહકો માટે વધારાની આર્થિક સહાયની જોગવાઈ પણ કરી છે. તે મુજબ, અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST)ના ગ્રાહકો 2.18 કિલોવોટ પીક (kWp) સુધીની ક્ષમતા ધરાવતી નવી રૂફટોપ સોલર સિસ્ટમ સ્થાપિત કરાવે તો તેમણે નિર્ધારિત ખર્ચની માત્ર 5% રકમ આપવાની રહે છે. અન્ય ગ્રાહકો પણ 10% ખર્ચ સાથે રૂફટોપ સોલર લગાવી શકે છે. કેન્દ્ર સરકારની નાણાકીય સહાય (CFA) અને ગ્રાહક તરફથી મળેલી રકમને બાદ કર્યા પછી નિર્ધારિત બેન્ચમાર્ક ખર્ચની બાકીની રકમ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે. ગુજરાત સરકારે પરિવારો માટે સૌર ઊર્જા અપનાવવાનું સરળ બનાવ્યું છે. રાજ્યની સોલર નીતિ હેઠળ, ઘરોમાં 'નેટ મીટરિંગ'ની સુવિધા ઉપલબ્ધ છે; જેનો અર્થ એ છે કે વીજળીનું મીટર તમે કેટલી વીજળી વાપરો છો અને કેટલી વીજળી ગ્રીડમાં પાછી મોકલો છો, તેની નોંધ રાખે છે. ઘરો પર લાગેલી સોલર સિસ્ટમ માટે 'કનેક્ટેડ લોડ' પર કોઈ મર્યાદા નથી, અને ઘરમાં ઉત્પન્ન થતી વધારાની વીજળી વેચી પણ શકાય છે. આ ઉપરાંત, ઘરેલુ વપરાશકર્તાઓએ કોઈ બેંકિંગ ચાર્જ પણ ચૂકવવો પડતો નથી. આ સુવિધાઓને કારણે, વધુને વધુ લોકો પોતાના ઘરની છત પર સોલર સિસ્ટમ લગાવી રહ્યાં છે અને કોઈપણ મુશ્કેલી વિના આ યોજનાનો લાભ લઈ રહ્યા છે. 30 સપ્ટેમ્બર, 2026ની સ્થિતિએ ગુજરાતની કુલ પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતા 55,511.46 મેગાવોટ છે, જે દેશની કુલ પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતાના 18.55% જેટલી છે. તેમાં સૌર ઊર્જાની ક્ષમતા 36,234.55 મેગાવોટ છે, જે રાષ્ટ્રીય સૌર ઊર્જા ક્ષમતામાં 21.2% યોગદાન આપે છે.

સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૨૬ અંતર્ગત

નર્મદા જિલ્લા માહિતી કચેરીના કર્મયોગીઓએ ફરજ પ્રત્યે નિષ્ઠાના શપથ લીધા

રાજપીપળા | ભ્રષ્ટાચારના નિર્મૂલન માટે જનજાગૃતિ કેળવવા તેમજ સરકારી વહીવટી તંત્રમાં પારદર્શિતા, જવાબદારી અને નૈતિક મૂલ્યોને વધુ સુદૃઢ બનાવવાના આશયથી સમગ્ર રાજ્યમાં 'સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૨૬'ની ઉજવણી કરવામાં આવી રહી છે.આ ઉજવણીના ભાગરૂપે નર્મદા જિલ્લા માહિતી કચેરી ખાતે ફરજ બજાવતા કર્મયોગીઓ દ્વારા 'ફરજ પ્રત્યે નિષ્ઠા'ના સામૂહિક શપથ લેવામાં આવ્યા હતા. આ પ્રસંગે તમામ કર્મચારીઓએ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક, પ્રામાણિકતા અને જવાબદારી સાથે નિભાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. વધુમાં, જાહેર સેવાઓમાં પારદર્શકતા જાળવવા, ભ્રષ્ટાચારથી દૂર રહેવા, કોઈપણ પ્રકારની ગેરરીતિ સામે અવાજ ઉઠાવવા અને નાગરિકોના હિતને સર્વોપરી રાખીને કામગીરી કરવાનો દૃઢ સંકલ્પ કર્યો હતો. આ શપથ દ્વારા સ્વચ્છ, જવાબદાર અને ભ્રષ્ટાચારમુક્ત વહીવટી વ્યવસ્થાના નિર્માણમાં સહભાગી બનવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.



રાજ્યકક્ષાના મંત્રીશ્રી ડૉ. જયરામભાઈ ગામીતે 'ભારત પર્વ-૨૦૨૬'ની મુલાકાત લઈ વિવિધ રાજ્યોની સાંસ્કૃતિક વિરાસત અને કલાત્મક પ્રસ્તુતિઓ નિહાળી

રાજપીપલા | રાજ્યકક્ષાના ઉદ્યોગ, રમતગમત અને પ્રવાસન મંત્રીશ્રી ડૉ. જયરામભાઈ ગામીતે ગતરોજ એકતાનગર ખાતે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના સંકલ્પ અને 'શક્તિ ઓફ ભારત'ની થીમ આધારિત આયોજિત 'ભારત પર્વ-૨૦૨૬'ની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, 'ભારત પર્વ'ના માધ્યમથી સમગ્ર દેશના વિવિધ રાજ્યોના કલાકારો, હસ્તકલા કારીગરો અને પરંપરાગત વાનગીઓના સ્ટોલ દ્વારા ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત અને 'વિવિધતામાં એકતા'ની ભાવનાનું સુંદર દર્શન થાય છે. વધુમાં જણાવ્યું કે, આ પર્વમાં દેશના વિવિધ રાજ્યોની સ્થાનિક સંસ્કૃતિ, પરંપરા અને સ્વદેશી ઉત્પાદનોને નિહાળવાની તેમજ ખરીદવાની તક પર્યટકોને મળી રહી છે. આવા આયોજનો થકી વડાપ્રધાનશ્રીના 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં સ્થાનિક કારીગરો અને હસ્તકલા સાથે સંકળાયેલા લોકોને રોજગારીની નવી તકો પ્રાપ્ત થશે.



અમદાવાદ સ્થિત SPIPA ખાતે જનગણના 2027 માટે 'માસ્ટર ટ્રેનરો'ની તાલીમની અંતિમ બેચનો પ્રારંભ

(એજન્સી) અમદાવાદ । તા. 02

જનગણના 2027 માટે 'માસ્ટર ટ્રેનરો'ની તાલીમના કાર્યક્રમની ત્રીજી અને અંતિમ બેચનો આજે અમદાવાદમાં સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (SPIPA) ખાતે પ્રારંભ થયો છે. આ એ વ્યાપક તાલીમ પહેલનો અંતિમ તબક્કો છે, જેનો ઉદ્દેશ્ય ગુજરાત રાજ્ય અને દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ (DNH&DD) સંઘ પ્રદેશના કુલ 92 'માસ્ટર ટ્રેનરો'ને જનગણના 2027ના બીજા તબક્કા માટે સજ્જ કરવાનો છે. સમગ્ર તાલીમ કાર્યક્રમને ત્રણ બેચમાં વહેંચવામાં આવ્યો હતો, જેથી ઉચ્ચ ગુણવત્તાયુક્ત અને કેન્દ્રિત તાલીમ સુનિશ્ચિત કરી શકાય. 27 થી 30 ઓક્ટોબર 2026 દરમિયાન યોજાયેલ પ્રથમ બે બેચની સફળ સમાપ્તિ બાદ, હવે અંતિમ બેચ માટે 2 થી 5 નવેમ્બર 2026 દરમિયાન સઘન તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.આ અગાઉ, જનગણના કાર્ય નિર્દેશાલય, ગુજરાતના નિયામક (Director of Census Operations) શ્રી સુજલ જે. મયાત્રા એ 4 દિવસીય તાલીમ મોડ્યુલનું અધિકૃત ઉદ્ઘાટન કર્યું હતું. પોતાના સંબોધનમાં, નિયામક શ્રીએ તાલીમ પ્રક્રિયામાં 'માસ્ટર ટ્રેનરો'ની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમનું નેતૃત્વ ફિલ્ડ ડેટા (ક્ષેત્રીય માહિતી)ની ગુણવત્તા પર સીધી અસર કરે છે. વસ્તીની ગણતરીના તબક્કા દરમિયાન 40 પ્રશ્નો પૂછવાના હોવાથી, તેમણે ખાસ ભાર મૂક્યો હતો કે 'સ્વ-ગણતરી' (self-enumeration)માં જાહેર જનતાની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવી એ ફિલ્ડ એન્યુમરેટર્સ (ગણતરીદારો) પરનો કાર્યભાર ઘટાડવા અને ડેટાની ચોકસાઈમાં નોંધપાત્ર સુધારો કરવા માટેની ચાવી છે. તેમણે તમામ માસ્ટર ટ્રેનરોને પણ અનુરોધ કર્યો કે તેઓ સ્વ-ગણતરી (self-enumeration)ના દરમાં વધારો કરવા માટે વ્યૂહાત્મક પ્રતિસાદ અને અમલમાં મૂકી શકાય તેવા વિચારોનું યોગદાન આપે.

ગુજરાત પ્રવાસન ક્ષેત્રે નવતર પહેલ

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આજથી શરૂ થઈ રહી છે અત્યાધુનિક 'એસી વિસ્ટા ડોમ કોચ' બસ સેવા

(એજન્સી) ગાંધીનગર । તા. 02

ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રને વધુ વેગ આપવા અને પ્રવાસીઓને રાજ્યના પ્રાકૃતિક સૌંદર્ય, ઐતિહાસિક વારસો તથા સાંસ્કૃતિક સ્થળોનો યાદગાર અનુભવ કરાવવા માટે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ અને ગુજરાત ટુરિઝમ દ્વારા એક વિશેષ સંયુક્ત પહેલ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત, ભારતમાં પ્રથમવાર આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબની કુલ ૦૫ વિશિષ્ટ 'એસી વિસ્ટા ડોમ કોચ' બસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પહેલી વિસ્તા ડોમ બસનું લોકાર્પણ કર્યું હતું અને વિસ્ટા ડોમ બસની સફર પણ માણી હતી.આ આધુનિક બસોમાં પારદર્શક સ્કાય-વ્યૂ રૂફ- ટ્રાન્સપરન્ટ રૂફ ડોમ ડિઝાઈન આપવામાં આવી છે. જેનાથી પ્રવાસીઓ આરામદાયક એસી કેબિનમાં બેઠા-બેઠા ખુલ્લા આકાશ અને આસપાસના નયનરમ્ય દૃશ્યોનો આનંદ માણી શકશે. આ બસોમાં પ્રવાસીઓની સુવિધા માટે રિવોલ્વિંગ અને ફુલ્લી એડજસ્ટેબલ રિક્લાઈનિંગ સીટ્સ વાળી કુલ ૨૩ સીટો તથા ૧ ડ્રાઈવર માટેની બેઠક ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત નાગરિકો માટે પ્રીમિયમ એલ.ઈ.ડી. સ્માર્ટ ટી.વી., સીસીટીવી કેમેરા, કોફી-ટી મેકિંગ મશીન, મિની ફ્રિજ અને મોબાઈલ ચાર્જિંગ જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સુરક્ષાના ભાગરૂપે તેમાં અત્યાધુનિક ફાયર ડિટેક્શન એન્ડ સપ્રેશન સિસ્ટમ અને ઈમરજન્સી હેમર સાથેના ટફન ગ્લાસની પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.




પર્વતારોહકો માટે ખુશીના સમાચાર | **યુવા પર્વતારોહકોના પોષણ માટે રાજ્ય સરકાર વાર્ષિક રૂ. ૧૧.૧૦ લાખનો કરશે ખર્ચ**

પર્વતારોહકોના આરોગ્ય- પોષણ માટે ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય

(એજન્સી) ગાંધીનગર । તા. 02

પર્વતારોહણ એ શારીરિક સામર્થ્ય, ધૈર્ય અને અદમ્ય સાહસની કસોટી છે. કલાકો સુધી ઊંચા પહાડો અને કઠિન ખડકો વચ્ચે પરસેવો પાડતા યુવક-યુવતીઓને પોતાની શારીરિક ક્ષમતા જાળવી રાખવા માટે યોગ્ય અને પૌષ્ટિક આહાર મળવો અત્યંત જરૂરી છે. આ બાબતને ધ્યાને રાખીને, ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા વાર્ષિક પર્વતારોહણ તાલીમ શિબિરોમાં ભાગ લેતા તાલીમાર્થીઓ અને પ્રશિક્ષકો માટે અપાતી ભોજન સુવિધામાં રૂ.૨૦૦ નો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જે તા. ૧ એપ્રિલ, ૨૦૨૭થી અમલી બનશે. રાજ્ય સરકાર દ્વારા પર્વતારોહણ શિબિરોમાં તાલીમાર્થીઓ અને ઈન્સ્ટ્રક્ટરોને આપવામાં આવતા દૈનિક ભોજનના દરની મહત્તમ મર્યાદા પ્રતિદિન પ્રતિ વ્યક્તિ રૂ. ૧૫૦થી વધારીને રૂ. ૩૫૦ કરવામાં આવી છે, જેમાં રૂ. ૨૦૦નો વધારો કરવામાં આવ્યો છે. આ નિર્ણયનો સીધો અને વ્યાપક લાભ રાજ્યના બે મુખ્ય પર્વતારોહણ કેન્દ્રોમાં તાલીમ લેતા અનેક યુવાનોને મળશે. જૂનાગઢ સ્થિત 'પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ





તાલીમ કેન્દ્ર' ખાતે તાલીમ લેતા વાર્ષિક આશરે ૨૩૦ શિબિરાર્થીઓ માટે રૂ. ૩.૪૦ લાખ અને માઉન્ટ આબુ સ્થિત 'રાજ્ય પર્વતારોહણ સંસ્થા'ના વાર્ષિક આશરે ૨૮૦ શિબિરાર્થીઓ માટે રૂ. ૭.૩૦ લાખનો વધારાનો ખર્ચ કરવામાં આવશે. આ રીતે બંને કેન્દ્રોના કુલ ૫૧૦ જેટલા યુવા સાહસિકોના ઉત્સાહ અને આરોગ્યને જાળવી રાખવા માટે રાજ્ય સરકાર દ્વારા વાર્ષિક રૂ. ૧૧.૧૦ લાખનો વધારાનો આર્થિક ખર્ચ કરવામાં આવશે. રાજ્ય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનરશ્રી હેઠળ કાર્યરત આ બંને કેન્દ્રોમાં વર્ષ દરમિયાન ૨૦થી વધુ સરકારી અને બિનસરકારી પર્વતારોહણ તાલીમ શિબિરો યોજાય છે. ભોજન ભથ્થામાં થયેલા આ વધારાથી આ શિબિરોમાં ભાગ લેનારા તાલીમાર્થીઓ અને પ્રશિક્ષકોને વધુ સારી ભોજન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં મદદ મળશે.રાજ્ય સરકારના આ નિર્ણયથી પર્વતારોહણ ક્ષેત્રે તાલીમ મેળવતા યુવા સાહસિકોના આરોગ્ય, પોષણ અને શારીરિક ક્ષમતા જાળવવાના પ્રયાસોને પ્રોત્સાહન મળશે. સાથે જ,રાજ્યમાં પર્વતારોહણ તાલીમને વધુ અસરકારક બનાવવા અને યુવા સાહસિકોના સર્વાંગી વિકાસને વેગ આપવા સહાયરૂપ બનશે.

ઉત્રાણ – લાલકુઆં વચ્ચે સ્પેશિયલ ટ્રેન

(એજન્સી) અમદાવાદ । તા. 02

યાત્રીઓની સુવિધા તથા યાત્રાની વધતી માંગને પૂરી કરવા અને વધારાની ભીડને નિયંત્રિત કરવાના ઉદ્દેશથી પશ્ચિમ રેલવેના વડોદરા મંડળથી ઉત્રાણ - લાલકુઆં સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવશે.પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી ખેમરાજ મીણા દ્વારા આપવામાં આવેલ એક પ્રેસ રીલિઝ મુજબ આ ટ્રેનોની વિગતો નીચે પ્રમાણે છે:ટ્રેન નંબર 09129/09130 ઉત્રાણ - લાલકુઆં - ઉત્રાણ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન (04 ફેરા), ટ્રેન નંબર 09129 ઉત્રાણ - લાલકુઆં સ્પેશિયલ દરેક ગુરૂવારે ઉત્રાણથી બપોરે 15:00 કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે બપોરે 16:10 કલાકે લાલકુઆં પહોંચશે. આ ટ્રેન 05 અને 12 નવેમ્બર 2026 ના રોજ ચાલશે. આ જ રીતે, ટ્રેન નંબર 09130 લાલકુઆં - ઉત્રાણ સ્પેશિયલ દરેક શુક્રવારે લાલકુઆંથી રાત્રે 22:00 કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે રાત્રે 22:15 કલાકે ઉત્રાણ પહોંચશે. આ ટ્રેન 06 અને 13 નવેમ્બર 2026 ના રોજ ચાલશે.આ ટ્રેન બંને દિશાઓમાં અંકલેશ્વર, ભરૂચ, વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ જંકશન, નાગદા, કોટા જંકશન, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, ભરતપુર જંકશન, મથુરા જંકશન, હાથરસ સિટી, કાસગંજ જંકશન, બદાયૂં, બરેલી, બરેલી સિટી, ઈજ્જતનગર જંકશન, બહેડી જંકશન અને કિચ્છા સ્ટેશનો પર રોકાશે.આ ટ્રેનમાં એસી 2-ટિયર, એસી 3-ટિયર, સ્લીપર અને દ્વિતીય શ્રેણીના સામાન્ય ડબ્બાઓ હશે.ટ્રેન નંબર 09129 નું બુકિંગ 03 .11. 2026 ના રોજ તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોકત ટ્રેન વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન રૂપે ચાલશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

આજનું રાશિ ભવિષ્ય

મેષ : અ. લ. ઈ.

મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. આજના દિવસને ખાસ બનાવવા માટે તમારા પરિવાર સાથે સાંજે કેન્ડલ લાઈટ ડીનર માણો.

વૃષભ : બ. વ. ઉ.

સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

મિથુન : ક. છ. ઘ.

રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમે તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. પૈતૃક સંપત્તિમાં વારસાના સમાચાર તમારા આખા પરિવારને ખુશખુશાલ કરી મુકશે.

કર્ક : ડ. હ.

કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો. બિઝનેસમેન્સ માટે સારો દિવસ કેમ કે તેમને અચાનક કેટલોક અણધાર્યો લાભ થશે.

સિંહ : મ. ટ.

મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. દૂરનાં કોઈ સગાં તરફથી લાબા સમયથી તમને જે સંદેશની અપેક્ષા હતી તે આવશે અને તેમાં આખા પરિવાર અને ખાસ કરીને તમારી માટે સારા સમાચાર હશે.

કન્યા : પ. ઠ. ણ.

આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો.

તુલા : ર. ત.

તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે.

વૃશ્ચિક : ન. ય.

તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળો. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. તમારા એકધારા સમયપત્રકમાંથી સમય કાઢી મિત્રો સાથે બહાર જવાની જરૂર છે. લાગણીશીલ અંતરાયો તમને તકલીફ આપી શકે છે. નવી યોજનાઓ તથા સાહસોને અમલમાં મુકવા માટે સારો દિવસ.

ધન : ભ. ધ. ફ. ઢ.

દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. એક જૂનો મિત્ર દિવસના અંત ભાગમાં મુલાકાત લેશે. તમારા પ્રિયપાત્રના કઠોર શબ્દોને કારણે તમારો મૂડ કદાચ વ્યગ્ર થઈ શકે છે.

મકર : ખ. જ.

તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. આજે શક્યતા છે કે તમને ધન સંબંધી કોઈ મુશ્કેલી હોય પરંતુ તમે પોતાની સમજદારી થી ખોટ ને નફા માં બદલી દેશો તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે.

કુંભ : ગ. સ. શ. ષ.

આજે તમે ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિ સંભાળી લેશો આ માટે તમારી ઈચ્છાશક્તિને વળતર અપાશે. લાગણીશીલ નિર્ણય લેતી વખતે તમારે તમારા મગજ પરનો કાબૂ ગુમાવવો નહીં. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે.

મીન : દ. ચ. ઝ. થ.

કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે.

પશુપાલકોની આવક વધારવા વાહિયાલમાં નવી પહેલ

હિન્ડાલ્કોના સહયોગથી દીપક ફાઉન્ડેશન દ્વારા પશુધન પ્રોજેક્ટ શરૂ

પશુ આરોગ્યથી લઈને નસ્લ સુધારણા સુધી મળશે માર્ગદર્શન

| મલેક યસદાની ભરૂચ તા.16

ગ્રામ્ય વિસ્તારના પશુપાલકોને આધુનિક પશુપાલન સેવાઓનો લાભ મળી રહે અને પશુધનના વિકાસ થકી તેમની આર્થિક સ્થિતિ વધુ મજબૂત બને તેવા હેતુથી વાહિયાલ ગામમાં પશુધન પ્રોજેક્ટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આદિત્ય બિરલા ગ્રુપની કંપની હિન્ડાલ્કોના સહયોગથી દીપક ફાઉન્ડેશન દ્વારા શરૂ કરવામાં આવેલી આ પહેલ પશુપાલન ક્ષેત્રે નવી દિશા પૂરી પાડશે.પ્રોજેક્ટના શુભારંભ પ્રસંગે હિન્ડાલ્કો તરફથી ડૉ. લોપા મુદ્રા પ્રિયા દર્શિની અને શ્રી અભિજીત દીપક વિશેષ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે વાહિયાલ ગામનાં સરપંચ શ્રીમતી ચંદ્રિકા બહેન પ્રદીપ સિંઘ રાજ સહિત ગામના



આગેવાનો અને પશુપાલકોની ઉપસ્થિતિએ કાર્યક્રમને વિશેષ બનાવ્યો હતો. આ પ્રોજેક્ટ હેઠળ પશુપાલકોને પશુઓની યોગ્ય સારસંભાળ અને આરોગ્ય જાળવણી માટે વિવિધ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. જેમાં કૃત્રિમ ગર્ભાધાન (AI), કૃમિનાશક સારવાર, રસીકરણ, પશુ આરોગ્ય સેવાઓ તેમજ પશુઓને સંતુલિત આહાર આપવા અંગે માર્ગદર્શનનો સમાવેશ થાય છે. સાથે જ વૈજ્ઞાનિક પશુપાલન પદ્ધતિઓ અપનાવવા માટે પશુપાલકોને પ્રોત્સાહિત કરવામાં આવશે.પશુઓનું આરોગ્ય સારું રહે, દૂધ ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો થાય તથા પશુપાલન વ્યવસાય વધુ લાભદાયી બને તે પ્રોજેક્ટના મુખ્ય ઉદ્દેશ્યો છે. સ્થાનિક સ્તરે જરૂરી સેવાઓ ઉપલબ્ધ થવાથી પશુપાલકોને સમયસર માર્ગદર્શન અને સારવારનો લાભ મળી શકશે.હિન્ડાલ્કો અને દીપક ફાઉન્ડેશનની આ પહેલ માત્ર પશુ આરોગ્ય પૂરતી મર્યાદિત ન રહેતાં ગ્રામ્ય પરિવારોની આજીવિકા સુધારવા અને પશુપાલનને આર્થિક રીતે વધુ સક્ષમ વ્યવસાય બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

નર્મદા જિલ્લા માહિતી કચેરીના કર્મચારીઓ એ ફરજનિષ્ઠા ના શપથ લીધા



(એજન્સી) રાજપીપલા | તા.02

નર્મદા જિલ્લા માં હાલ ભ્રષ્ટાચારના નિર્મૂલન માટે જનજાગૃતિ કેળવવા તેમજ સરકારી વહીવટી તંત્રમાં પારદર્શિતા, જવાબદારી અને નૈતિક મૂલ્યોને વધુ સુદ્ઢ બનાવવાના આશયથી સમગ્ર રાજ્યમાં ની સાથે સતર્કતા જાગૃતિ સપ્તાહ ની ઉજવણી કરવામાં આવી રહી છે.પ્રાપ્ત માહિતી મુજબ સતર્કતા સપ્તાહ ની આ ઉજવણીના ભાગરૂપે નર્મદા જિલ્લા માહિતી કચેરી ખાતે ફરજ બજાવતા કર્મયોગીઓ દ્વારા 'ફરજ પ્રત્યે નિષ્ઠા'ના સામૂહિક શપથ લેવામાં આવ્યા હતા. આ પ્રસંગે તમામ કર્મચારીઓએ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક, પ્રામાણિકતા અને જવાબદારી સાથે નિભાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.વધુમાં, જાહેર સેવાઓમાં પારદર્શકતા જાળવવા, ભ્રષ્ટાચારથી દૂર રહેવા, કોઈપણ પ્રકારની ગેરરીતિ સામે અવાજ ઉઠાવવા અને નાગરિકોના હિતને સર્વોપરી રાખીને કામગીરી કરવાનો દ્દઢ સંકલ્પ કર્યો હતો. આ શપથ દ્વારા સ્વચ્છ, જવાબદાર અને ભ્રષ્ટાચારમુક્ત વહીવટી વ્યવસ્થાના નિર્માણમાં સહભાગી બનવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

પરીક્ષામાં કેટી આવ્યા બાદ દાદાએ ઠપકો આપતાં કોલેજિયન યુવતીએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

(એજન્સી) જામનગર | તા.02

જામનગરના હવાઈચોક ભાનુશાળી વાડ વિસ્તારમાં રહેતી 19 વર્ષની કોલેજિયન યુવતીએ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં શોકની લાગણી ફેલાઈ છે. આ બનાવની પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, હવાઈચોક ભાનુશાળી વાડ, શેરી નંબર-8માં રહેતી પ્રિયંકાબેન હિતેશભાઈ કનખરા (19) કોલેજમાં અભ્યાસ કરતી હતી. ગત વર્ષે પરીક્ષામાં તેને કેટી આવી હતી. આથી તેના દાદાએ મોબાઈલ ફોન ઓછો જોવા અને વાંચન તથા અભ્યાસમાં વધુ ધ્યાન આપવા સમજાવી ઠપકો આપ્યો હતો.

દાદાની આ વાત યુવતીને મનમાં લાગી આવતાં તેણે ઘરના રસોડામાં છતના પંખા સાથે ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. જેના કારણે તેનું મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતકના પિતા હિતેશભાઈ વિનુભાઈ કનખરાએ પોલીસને જાણ કરતાં સીટી એ. ડિવિઝન પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 194 મુજબ અકસ્માતે મૃત્યુ અંગે નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે. જામનગરના હવાઈચોક ભાનુશાળી વાડમાં 19 વર્ષીય કોલેજીયન પ્રિયંકાબેન કનખરાએ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. પરીક્ષામાં કેટી આવતા દાદાએ મોબાઈલ ઓછો વાપરવા અને અભ્યાસમાં ધ્યાન આપવા ઠપકો આપ્યો હતો. આ વાત મનમાં લાગી આવતા તેણીએ રસોડામાં પંખા સાથે ચુંદડી બાંધી આત્મહત્યા કરી લીધી. પોલીસે અકસ્માતે મૃત્યુ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જામનગરમાં તિરૂપતિ સોસાયટીના કોમર્શિયલ કોમ્પ્લેક્સના બીજા માળે આવેલી રેડીમેડ કપડાંની દુકાનમાં આગથી દોડધામ

(એજન્સી) જામનગર | તા.02

જામનગર શહેરના તિરૂપતિ સોસાયટી વિસ્તારમાં આવેલી એક ઈમારતના બીજા માળે ક્રિએશન 555 નામની રેડીમેડ કપડાંની દુકાનમાં અચાનક આગ ભભૂકી ઊઠતાં ભારે દોડધામ અને અફડાતફડી મચી ગઈ હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં દુકાનમાં રાખેલો લાખોની કિંમતનો કપડાંનો જથ્થો તેમજ ફર્નિચર બળીને ખાખ થઈ ગયું હતું. ઘટનાની જાણ થતાં બેડેશ્વર ફાયર શાખાની ટીમ બે ફાયર ફાઈટર અને ક્રેઈન સાથે સ્થળ પર દોડી ગઈ હતી અને બે ટેન્કર પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.આ બનાવની વિગત મુજબ, શહેરના તિરૂપતિ સોસાયટી વિસ્તારમાં આવેલી ઈમારતના બીજા માળે ' ક્રિએસન 555' નામની રેડીમેડ કપડાંની દુકાન આવેલી છે. ગત રાત્રે આશરે પોણા નવ વાગ્યાના સુમારે દુકાનમાં અચાનક આગ ભભૂકી ઊઠતાં દોડધામ મચી ગઈ હતી. આગના કારણે ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને દુકાનદાર સહિતનો સ્ટાફ બહાર નીકળી ગયો હતો અને તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ બેડેશ્વર ફાયર શાખાની ટીમ બે ફાયર ફાઈટર સાથે સ્થળ પર પહોંચી હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

કરોડોની વીજ ચોરીનો પર્દાફાશ થયો

સૌરાષ્ટ્ર કચ્છમાં PGVCLની 6 મહિનાની ડ્રાઈવમાં 183 કરોડની વીજચોરી ઝડપાઈ

(એજન્સી) રાજકોટ | તા.2

રાજકોટમાં વીજ ટીમોએ તપાસેલા દર 100 માંથી 21 જોડાણ એટલે કે 21.37% માં ગેરરીતિ મળી છે. જે સૌરાષ્ટ્રમાં સૌથી વધુ છે. ત્યાર બાદ ભાવનગર સર્કલમાં 18.26% અને જામનગર સર્કલમાં 17.84% જોડાણોમાં વીજ ચોરી નોંધાઈ છે.સૌરાષ્ટ્ર અને કચ્છમાં છેલ્લા છ મહિના દરમિયાન PGVCLની ટુકડીઓએ કરેલી સઘન તપાસમાં કરોડોની વીજ ચોરીનો પર્દાફાશ થયો છે.વીજ સંકટ વચ્ચે પણ ડ્રાઈવ યથાવત રાખી 1 એપ્રિલથી 15 ઓક્ટોબર સુધી કુલ 2.28 લાખથી વધુ વીજ જોડાણો તપાસવામાં આવ્યા હતા. જેમાં સરેરાશ 14.53% જોડાણોમાં ચોરી કે ગેરરીતિ મળી હતી અને કુલ 183 કરોડથી વધુની આકારણી કરવામાં આવી છે. તપાસમાં સૌથી ચોંકાવનારી સ્થિતિ રાજકોટ શહેરની છે. રાજકોટમાં વીજ ટીમોએ તપાસેલા દર 100 માંથી 21 જોડાણ એટલે કે 21.37% માં ગેરરીતિ મળી છે. જે સૌરાષ્ટ્રમાં સૌથી વધુ છે. ત્યાર બાદ ભાવનગર સર્કલમાં 18.26% અને જામનગર સર્કલમાં 17.84% જોડાણોમાં વીજ ચોરી નોંધાઈ છે. બોટાદમાં પણ સ્થિતિ ચિંતાજનક છે, ત્યાં ૧૫.૮% જોડાણોમાં ચોરી પકડાઈ છે.



અમરેલીમાં આ પ્રમાણ 14.59% રહ્યું છે. સામાન્ય રીતે ગ્રામ્ય વિસ્તારોમાં ચોરી વધુ થતી હોવાની માન્યતાથી વિપરીત આ વખતે શહેરી વિસ્તારોમાં વધુ ચોરી જોવા મળી છે. રાજકોટ ગ્રામ્યમાં ચોરીનું પ્રમાણ માત્ર 11.66% રહ્યું છે, જ્યારે રાજકોટ શહેરમાં તે લગભગ બમણું છે. મોરબીમાં 12.29%, પોરબંદરમાં 12.62% અને જૂનાગઢમાં 13.09% કેસમાં ગેરરીતિ મળી છે. સુરેન્દ્રનગરમાં 13.72% અને અંજારમાં 11.15% જોડાણોમાં અનિયમિતતા સામે આવી છે. કચ્છના ભુજ સર્કલમાં સમગ્ર PGVCLમાં સૌથી ઓછી એટલે કે 9.03% વીજ ચોરી નોંધાઈ છે, છતાં ત્યાં પણ આકારણીની રકમ 23 કરોડથી વધુ થવા પામી છે, જે દર્શાવે છે કે, ઔદ્યોગિક અને મોટા કોમર્શિયલ જોડાણોમાં મોટા પાયે ચોરી થઈ રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, આગામી સમયમાં જે વિસ્તારોમાં ચોરીની ટકાવારી 15% થી વધુ છે, ત્યાં સર્વેલન્સ વધુ સઘન બનાવવામાં આવશે.

જામનગર નજીક દરેડમાં દારૂની હેરાફેરીનો મોટો પર્દાફાશ : રૂ.14.89 લાખના દારૂ સાથે બે ભાઈ ઝડપાયા

(એજન્સી) જામનગર | તા.02

જામનગર જિલ્લાના દરેડ જીઆઈડીસી વિસ્તારમાં નિલગીરી ગોળાઈ પાસેથી પંચકોશી બી.ડિવિઝન પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂના મોટા જથ્થા સાથે બે ભાઈઓને ઝડપી લીધા હતા. પોલીસે બોલેરો પીકઅપ વાહનમાં લઈ જવાતો ચંડીગઢમાં વેચાણ માટેનો દારૂ, રોકડ અને મોબાઈલ સહિત કુલ રૂ.14,89,908નો મુદ્દામાલ કબજે કર્યો હતો.પોલીસના જણાવ્યા અનુસાર દરેડ જીઆઈડીસી ફેઝ-3ના હરિ પાર્કમાં રહેતા દિવ્યેશ નારણભાઈ હુણ (ઉ.વ.24) અને નીલેષ નારણભાઈ હુણ (ઉ.વ.23) બોલેરો પીકઅપમાં વિદેશી દારૂનો જથ્થો લઈ જતા હતા. આ દરમિયાન પોલીસે દરોડો પાડીને બંનેને ઝડપી લીધા હતા.તપાસ દરમિયાન વાહનમાંથી વિદેશી દારૂની 180 મિલીની સીલબંધ 2,448



ચપટાઓ મળી આવ્યા હતા. જેની કિંમત રૂ.6,69,408 થાય છે. ઉપરાંત રૂ.આઠ લાખની બોલેરો પીકઅપ, રૂ.6,500 રોકડા અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.14,89,908નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.પોલીસે દારૂનો જથ્થો મંગાવનાર સહિત અન્ય સંડોવાયેલા શખ્સોને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે. આ કાર્યવાહી પંચકોશી બી ડિવિઝનના પી.આઈ. એચ.બી. ધાંધલિયાની રાહબરીમાં કરવામાં આવી હતી. સિક્કા પોલીસે સરમત પાટિયા પાસે રામદેવ હોટલ નજીકથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના સુરજ કરાડીના મયુરભાઈ માણેક અને નવી ધ્રેવાડના તરુણભાઈ માણેકને વિદેશી દારૂની એક ચપટાઅને ચાર બિયરનાં ટીન મળી કુલ રૂ.1,100ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.જ્યારે જામનગર સીટી બી ડિવિઝન પોલીસે શિવસાંઈ પાર્કમાં નવા સ્મશાન પાસે રહેતા હિતેશ ધીરુભાઈ ગણાત્રાના રહેણાંક મકાનમાં દરોડો પાડ્યો હતો. જોકે આરોપી હાજર મળ્યો ન હતો. મકાનમાંથી વિદેશી દારૂની સાત બોટલ અને 35 ચપટાઓ મળી કુલ રૂ.16,450નો મુદ્દામાલ કબજે કરાયો હતો. આમ, ત્રણ સ્થળે દારૂ અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જામનગર નજીક ચંગા પાટિયા પાસે કારની પાછળ ટ્રક ઘૂસી ગયો, નિવૃત્ત વૃદ્ધને ગંભીર ઈજા

(એજન્સી) જામનગર | તા.02

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના કાનવીરડી ગામ નજીક ચંગા પાટિયા રોડ પર મેઘનું ગામથી આશરે બે કિલોમીટર પહેલાં ટ્રકચાલકે કારને પાછળથી ઠોકર મારતાં અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં કારમાં બેઠેલા નિવૃત્ત વૃદ્ધને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાયા બાદ ટ્રકચાલક વાહનમાંથી ઉતરી ફરાર થઈ ગયો હતો.આ બનાવ અંગે કાનવીરડી ગામની પ્રાથમિક શાળાની બાજુમાં રહેતા રવિરાજસિંહ કાલુભા જાડેજા (ઉ.વ. 37)એ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, ગત તા.27મી ઓક્ટોબરના રોજ રાત્રિના નવેક વાગ્યે તેઓ પોતાના મોટા બાપુ લાલુભા લખુભા જાડેજા (નિવૃત્ત) સાથે સ્વિફ્ટ કાર (નં. જીજે-23-એએન-5551) લઈને કાનવીરડીથી ચેલા ગામ તરફ જઈ રહ્યા હતા.

બાલાનીવાવ ખાતે સરદાર પટેલ ની ૧૫૧ મી જન્મજયંતિ નિમિત્તે SRP GROUP શપથ ગ્રહણ એકતા પરેડ સાથે હથિયાર નિર્દેશન નું કાર્યક્રમ યોજાયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી ના ભાગરૂપે રાજુલા નજીક આવેલ બાલાનીવાવ ખાતે એસ. આર.પી. ગ્રુપ દ્વારા એકતા પરેડ સાથે સર્વજન હિતાય શપથ ગ્રહણ તેમજ હથિયાર નિર્દેશન નું આયોજન કરવામાં આવ્યું આ કાર્યક્રમના મંચસ્થ ઉપસ્થિત મહાનુભાવો પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેર ઇન્ચાર્જ ડીએસપી શ્રી આર.પી. પટેલ અધિકારીઓ પદાધિકારીઓ ની ઉપસ્થિતિ માં દિપ પ્રગટાવી અને કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો મંચસ્થ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે સરદાર સાહેબે દેશના વિવિધ રજવાડાઓનું એકીકરણ કરીને અખંડ ભારતના નિર્માણમાં ઐતિહાસિક યોગદાન આપ્યું હતું તેમની અડગ દ્દઢતા, રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રીય એકતાના આદર્શોને સ્મરણમાં રાખીને નાગરિકોમાં એકતા, અખંડિતતા અને ભાઈચારાની ભાવના વધુ મજબૂત બને દેશમાંથી અરાજકતાવાદી પરિબળોને નાબૂદ કરવા બંધારણીય લોકશાહીની રક્ષા કરવા તેમજ દેશની આંતરિક સુરક્ષા, અખંડિતતા અને એકતા ને વધુ મજબૂત બનાવવા સૌને સંકલ્પબદ્ધ થવા મંચસ્થ ઉપર થી અપીલ કરી હતી આ તકે મંચસ્થ ઉપસ્થિત મહાનુભાવો ની ઉપસ્થિતિ માં સર્વજન હિતાય શપથ ગ્રહણ સાથે એસ.આર.પી. ગ્રુપ દ્વારા એકતા પરેડ સાથે હથિયાર નિર્દેશન મહાનુભાવો દ્વારા નિહાળી હતી આ કાર્યક્રમ માં ઉપસ્થિત મહાનુભાવો પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેર તથા ધારાસભ્ય ના પ્રતિનિધિ ભાવેશભાઈ સોલંકી, ઇન્ચાર્જ ડીએસપી શ્રી આર.પી. પટેલ તેમજ સરપંચ શ્રી ઓ શિક્ષકો શિક્ષીકાઓ બહોળી સંખ્યામાં લોકો ની ઉપસ્થિતિ રહી હતી. આ એસ.આર.પી. નું કાયમી નિવાસ ની કામગીરી જોઈ ને પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેર દ્વારા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી નો આભાર સવિશેષ છે.

નોટીસ ફટકારી

નિયમો નેવે મુકીને બિંદાસ્ત ફટાકડાનું વેચાણ, મનપાની ટીમે 9 સ્ટોલ ધારકોને નોટીસ ફટકારી

(એજન્સી) મહેસાણા | તા.2

ગુજરાતમાં દિવાળીનો તહેવાર નજીક આવતા જ ફટાકડાનું ધૂમ વેચાણ શરૂ થયું છે. રાજ્યમાં ફટાકડાના વેચાણ માટે જરૂરી મંજૂરી લેવી ફરજિયાત છે. ત્યારે મહેસાણા શહેરમાં દિવાળી પહેલા જ મંજૂરી વિના ધમધમી રહેલા ફટાકડાના વેચાણ સામે મનપા દ્વારા તપાસ હાથ ધરાઈ છે. શહેરમાં રાધનપુર રોડ અને મોઢેરા રોડ પર ઉભા કરવામાં આવેલા ફટાકડાના સ્ટોલ પર તપાસ કરતાં ત્યાં કોઈ પણ પ્રકારની ફાયર સેફ્ટી નહીં જણાતા મનપા દ્વારા 9 સ્ટોલ ધારકોને નોટીસ આપવામાં આવી છે. શહેરમાં નિયમો નેવે મુકીને બિંદાસ્ત પણે ફટાકડાનું વેચાણ થતાં પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉભા થયાં છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે મહેસાણા અને ઊંઝા તાલુકામાંથી ફટાકડા સ્ટોલ માટે કુલ 115 જેટલી અરજીઓ વહીવટી તંત્ર સમક્ષ મંજૂરી અર્થે આવી હતી. જોકે, હજુ સુધી યોગ્ય સત્તાવાર મંજૂરી કે હંગામી લાયસન્સ પ્રક્રિયા પૂર્ણ થાય તે પૂર્વે જ શહેરમાં ઠેર-ઠેર ગેરકાયદેસર સ્ટોલ ઊભા કરી દેવામાં આવ્યા છે. સરકારી નિયમો અનુસાર ફટાકડાના વેચાણ માટે સ્ટોલ કે ગોડાઉન પર પતરાનો શેડ બનાવવો ફરજિયાત કરવામાં આવ્યો છે. પરંતુ મહેસાણામાં વેપારીઓ દ્વારા સુરક્ષાના આ નિયમનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. વેપારીઓએ પતરાના શેડને બદલે સીધા કાપડના મંડપ બાંધીને ફટાકડાનું વેચાણ શરૂ કરી દેતાં નિયમોના સરેઆમ ધજાગરા ઊડ્યા છે. કાપડના મંડપમાં ફટાકડાનો મોટો જથ્થો રાખવો અત્યંત જોખમી સાબિત થઈ શકે તેમ છે. આ પ્રકારની ઘોર બેદરકારીના કારણે કોઈપણ સમયે મોટી આગની દુર્ઘટના સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. શહેરમાં ચાલી રહેલા ગેરકાયદે વેચાણની ગંભીરતાને ધ્યાને રાખીને મહેસાણા મહાનગરપાલિકાની ફાયર ટીમે આકસ્મિક તપાસ હાથ ધરી હતી.

કચ્છ બોર્ડર પર એક સપ્તાહમાં 5 પાકિસ્તાની ઝડપાયા

બોર્ડર પર ઘૂસણખોરી કરતા પાકિસ્તાની ચાંદ મહંમદને BSFના જવાનોએ ઝડપી પાડ્યો

(એજન્સી) કચ્છ | તા.2

કચ્છની સંવેદનશીલ આંતરરાષ્ટ્રીય સરહદ પર ઘૂસણખોરીના કોઈપણ પ્રયાસને નિષ્ફળ બનાવવા માટે સુરક્ષા જવાનો તૈનાત છે. છેલ્લા કેટલાક સમયથી સીમાવર્તી વિસ્તારોમાં બીએસએફ દ્વારા વિશેષ તકેદારીના ભાગરૂપે સતત વોચ રાખવામાં આવી રહી છે. કચ્છ બોર્ડર પર તહેનાત BSFની 90મી બટાલિયનના જવાનો રણ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા. આ દરમિયાન બોર્ડર પિલર નંબર 1109/M નજીક એક શંકાસ્પદ વ્યક્તિની હિલચાલ ધ્યાને આવી હતી. આંતરરાષ્ટ્રીય સીમા ઓળંગીને એક પાકિસ્તાની નાગરિક ભારતીય સરહદમાં પ્રવેશી રહ્યો હોવાનું જણાતાં જવાનો તરત જ હરકતમાં આવી ગયા હતા. સરહદી ફેન્સિંગથી આશરે 20 મીટર આગળ જતાં જ આ પાકિસ્તાની નાગરિકને જવાનોએ સ્થળ પર જ કોર્ડન કરીને ઝડપી પાડ્યો હતો. આ ઝડપાયેલા શખ્સની પૂછપરછ અને પ્રાથમિક તપાસ દરમિયાન તેનું નામ ચાંદ મહમંદ હોવાનું સામે આવ્યું



હતું. આ પાકિસ્તાની નાગરિક માનસિક રીતે અસ્વસ્થ હોવાની આશંકા પણ સેવાઈ રહી છે. કચ્છની સંવેદનશીલ આંતરરાષ્ટ્રીય સરહદ પર ઘૂસણખોરીના કોઈપણ પ્રયાસને નિષ્ફળ બનાવવા માટે સુરક્ષા જવાનો તૈનાત છે. છેલ્લા કેટલાક સમયથી સીમાવર્તી વિસ્તારોમાં બીએસએફ દ્વારા વિશેષ તકેદારીના ભાગરૂપે સતત વોચ રાખવામાં આવી રહી છે. કચ્છ બોર્ડર પરથી માત્ર 7 દિવસના ટૂંકા સમયગાળામાં 5 પાકિસ્તાની નાગરિકોને બીએસએફ દ્વારા ઝડપી પાડવામાં આવ્યા છે. આ બનાવ પહેલાં બરાબર 7 દિવસ અગાઉ સિરક્રીક વિસ્તારમાંથી પણ એક શંકાસ્પદ બોટ સાથે 4 પાકિસ્તાની નાગરિકોને બીએસએફે પકડ્યા હતા. આમ સરહદી વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ અને દેખરેખના કારણે ઘૂસણખોરીના પ્રયાસો તાત્કાલિક ઝડપાઈ રહ્યા છે. હાજીપીરના રણ વિસ્તારમાં બોર્ડર પિલર નંબર 1109/M પાસે ઝડપાયેલા પાકિસ્તાની શખ્સ ચાંદ મહમંદની અટકાયત બાદ સમગ્ર વિસ્તારમાં વધુ સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. ફેન્સિંગથી માત્ર 20 મીટરના અંતરેથી આ ઘૂસણખોર ઝડપાઈ જતાં સરહદ સુરક્ષા દળની 90મી બટાલિયનની સતર્કતા ફરી એકવાર સાબિત થઈ છે. પકડાયેલો 40 વર્ષીય શખ્સ માનસિક અસ્વસ્થ જણાતો હોવા છતાં સુરક્ષા એજન્સીઓ દ્વારા તેના સરહદ પાર કરવાના કારણો અંગે ઊંડાણપૂર્વક પૂછપરછ અને કાર્યવાહી કરવામાં આવી રહી છે. કચ્છની આંતરરાષ્ટ્રીય સરહદ પર બીએસએફના જવાનો અતિશય સતર્ક રહીને દેશની સીમાઓનું રક્ષણ કરી રહ્યા છે.

હાજીપીર રોડ પર કલાકો સુધી ટ્રાફિક જામ! સરહદી માર્ગ પર વાહનચાલકોની હાલાકી, તંત્ર વહેલી તકે તપાસ કરે

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

કચ્છના સરહદી વિસ્તારને જોડતા મહત્વના હાજીપીર રોડ પર કલાકો સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતાં વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ માર્ગ પર વારંવાર સર્જાતી ટ્રાફિકની સમસ્યાને ધ્યાનમાં રાખીને સંબંધિત તંત્ર દ્વારા વહેલી તકે સ્થળ તપાસ હાથ ધરી યોગ્ય ઉકેલ લાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

હાજીપીર રોડ પર અનેક સ્થળોએ નાનાં-મોટાં ચઢાણો તેમજ સાંકડા રસ્તાઓ આવેલા છે. આવા સ્થળોએ રસ્તો પૂરતી પહોળાઈમાં કરવામાં આવે તો વાહનોની અવરજવર સરળ બની શકે અને ટ્રાફિક જામની સમસ્યામાં પણ ઘટાડો થઈ શકે તેમ છે.આ બાબતે મથલના કચ્છ રિપોર્ટ સોશિયલ મીડીયાના રફિક ખલીફાએ જણાવ્યું હતું કે, હાજીપીર રોડ સરહદી વિસ્તાર તરફ જતો અત્યંત મહત્વનો માર્ગ છે. આ માર્ગ પર કલાકો સુધી ટ્રાફિક જામ રહે તે મુસાફરો માટે મુશ્કેલીજનક બાબત છે. તંત્ર દ્વારા વહેલી તકે સ્થળ તપાસ કરવામાં આવે અને જ્યાં નાનાં-મોટાં ચઢાણો તેમજ સાંકડા રસ્તાઓ છે ત્યાં માર્ગ પહોળો કરવામાં આવે તે જરૂરી છે.વધુમાં તેમણે જણાવ્યું કે, ટ્રાફિક જામના કારણે રાહદારીઓ પણ મુશ્કેલીમાં મુકાય છે. ખાસ કરીને કોઈ ઈમરજન્સી સમયે એમ્બ્યુલન્સ સહિતનાં આવશ્યક વાહનો ટ્રાફિકમાં અટવાઈ ન જાય તે માટે યોગ્ય વ્યવસ્થા ઊભી કરવી અત્યંત જરૂરી છે.

લેન્ક્સેસ અને બીપીસીએલ દ્વારા

અદ્યતન ઔદ્યોગિક લુબ્રિકન્ટ્સ અને સ્પેશિયાલ્ટી ફ્લુઇડ ટેકનોલોજીમાં વ્યૂહાત્મક સહયોગ શોધવા માટે ભાગીદારી

એમઓયુ લુબ્રિકન્ટ ટેકનોલોજી અને એડિટિવ સોલ્યુશન્સમાં ટેકનિકલ અને કમર્શિયલ સહયોગ માટે માળખું સ્થાપિત કરે છે.• OEM-મંજૂર ઔદ્યોગિક લુબ્રિકન્ટ્સ, વ્યક્તિગત સંભાળ, રેફ્રિજરેશન ફ્લુઇડ્સ અને ઉત્તમ કૂલિંગ ટેકનોલોજી જેવી વિવિધ બજારો માટે સિન્થેટિક એસ્ટર્સ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે સહકાર અને આ સહયોગ સ્પેશિયાલિટી ગ્રીસ પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે. • બંને સંસ્થાઓ ભારતમાં સંયુક્ત વિકાસ, સ્થાનિકીકરણ, બજાર પહોંચ અને કમર્શિયલાઈઝેશનની તકો શોધશે.

(એજન્સી) મુંબઈ | તા.02

સ્પેશિયાલ્ટી કેમિકલ્સ કંપની લેન્ક્સેસ અને ભારતની અગ્રણી સંકલિત ઊર્જા કંપનીઓમાંની એક અને મહારત્ન જાહેર ક્ષેત્રની ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ)ના ઉપક્રમે, ભારતમાં અદ્યતન ઔદ્યોગિક લુબ્રિકન્ટ ટેકનોલોજી, સ્પેશિયાલ્ટી ફ્લુઇડ સોલ્યુશન્સ અને સંબંધિત એપ્લિકેશન્સમાં લાંબા ગાળાના સહયોગ માટે તકો શોધવા માટે સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે. લેન્ક્સેસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ વચ્ચે આ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.બંને સંસ્થાઓના વરિષ્ઠ નેતૃત્વ દ્વારા હાજરી સાથેના ઔપચારિક હસ્તાક્ષર કાર્યક્રમ દ્વારા સંસ્થાઓએ સહકારને ઔપચારિક બનાવ્યો. આ એમઓયુ ભારતમાં નવીન લુબ્રિકન્ટ સોલ્યુશન્સ વિકસાવવા, OEM મંજૂરીઓને ટેકો આપવા, સ્થાનિકીકરણ વધારવા અને ગ્રાહકો માટે લાંબા ગાળાના મૂલ્યનું નિર્માણ કરવાના હેતુથી ટેક્નિકલ અને કમર્શિયલ તકોનું મૂલ્યાંકન કરવા માટે એક બિન-વિશિષ્ટ માળખું સ્થાપિત કરે છે.પ્રસ્તાવિત માળખા હેઠળ લેન્ક્સેસ અને બીપીસીએલ અદ્યતન ઔદ્યોગિક લુબ્રિકન્ટ્સ, એડિટિવ ટેકનોલોજીઓ અને સંકળાયેલાં વિશેષ ઉત્પાદનોના વિકાસ, મૂલ્યાંકન, લાયકાત અને કમર્શિયલાઈઝેશનમાં સહયોગ શોધશે. રસનાં ક્ષેત્રોમાં હાઈ પરફોર્મન્સ બેરિંગ અને



સર્ક્યુલેટિંગ ઓઈલ્સ, પ્રીમિયમ હાઈડ્રોલિક પ્રવાહી, ટર્બાઈન ઓઈલ, રેફ્રિજરેશન લુબ્રિકન્ટ્સ, કાટ નિવારક તેલ, વિશેષ ગ્રીસ, ડેટા સેન્ટરો માટે ઈમર્સિવ કૂલિંગ ફ્લુઈડ, પર્યાવરણીય રીતે સ્વીકાર્ય લુબ્રિકન્ટ્સ, ઈન્ડસ્ટ્રિયલ એડિટિવ પેકેજીસ અને ઊભરતી ટેકનોલોજીઓ માટે લુબ્રિકન્ટ ઉકેલોનો સમાવેશ થાય છે.આ સહયોગ લેન્ક્સેસની વૈશ્વિક લુબ્રિકન્ટ એડિટિવ કુશળતા, ફોર્મ્યુલેશન ક્ષમતાઓ અને OEM સંબંધોને બીપીસીએલની મજબૂત સ્થાનિક બજાર હાજરી, બેઝ ઓઈલ પોર્ટફોલિયો, ઉત્પાદન માળખાગત સુવિધાઓ અને ગ્રાહક પહોંચ સાથે જોડશે. કંપનીઓ લાગુ મંજૂરીઓ અને ચોક્કસ કરારોને આધીન ઉત્પાદન સ્થાનિકીકરણ, સંયુક્ત ટેકનોલોજી મૂલ્યાંકન, ક્ષેત્ર પરીક્ષણો, OEM જોડાણ, જ્ઞાન વિનિમય અને ભાવિ કમર્શિયલાઈઝેશન પહેલ સંબંધિત તકોનું પણ અન્વેષણ કરવાનો ઈરાદો ધરાવે છે.વધુમાં સંસ્થાઓ આગામી પેઢી અને ટકાઉ ટેકનોલોજીમાં તકોનું મૂલ્યાંકન કરશે, જેમાં બાયો-આધારિત લુબ્રિકન્ટ્સ, ઈલેક્ટ્રિક વાહન પ્રવાહી, હાઈડ્રોજન અર્થતંત્ર એપ્લિકેશન્સ, વિશેષ રેફ્રિજરેશન પ્રવાહી, વ્યક્તિગત સંભાળ ઘટકો અને ઝડપથી વિકસતી ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જરૂરિયાતો માટે ઈમર્સિવ કૂલિંગ ઉકેલોનો સમાવેશ થાય છે.'બીપીસીએલ સાથે મળીને અમે ભારતમાં અમારા ગ્રાહકોની નજીક સ્થાનિક, હાઈ પરફોર્મન્સ લુબ્રિકન્ટ સોલ્યુશન્સ લાવવા અને વધુ ઝડપ અને વિશ્વસનીયતા સાથે તેમના વિકાસને ટેકો આપવા માટે આતુર છીએ,' એમ લેન્ક્સેસના સેલ્સ આઈએમઈએ, બિઝનેસ યુનિટ લુબ્રિકન્ટ એડિટિવ્ઝના હેડ કરમ ફદુલે જણાવ્યું હતું.'આ એમઓયુ લેન્ક્સેસ અને બીપીસીએલ વચ્ચે સહયોગને મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે. અમારા વૈશ્વિક ટેકનોલોજી પ્લેટફોર્મ, ફોર્મ્યુલેશન કુશળતા અને OEM જોડાણ ક્ષમતાઓને બીપીસીએલની ઉત્પાદન શક્તિ અને બજાર હાજરી સાથે જોડીને અમે ભારતીય ઉદ્યોગની વિકસતી જરૂરિયાતોને પૂર્ણ કરતા હાઈ પરફોર્મન્સ લુબ્રિકન્ટ સોલ્યુશન્સના વિકાસ અને કમર્શિયલાઝેશનને ગતિ આપવાનું લક્ષ્ય રાખીએ છીએ.

ઘરેલુ બજારમાં SUVની બોલબાલા: માત્ર એક જ મહિનામાં 73,338 વાહનો વેચીને મહિન્દ્રાએ રચ્યો નવો ઈતિહાસ

(એજન્સી) નવી દિલ્હી | તા.02

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા માટે ઓક્ટોબર 2026 નો મહિનો વેચાણ અને સફળતાની દ્રષ્ટિએ અત્યંત શાનદાર રહ્યો છે. કંપનીએ આ દરમિયાન ઘરેલુ બજાર અને વિદેશોમાં મળીને કુલ 1,31,109 ગાડીઓનું વેચાણ કર્યું છે. કંપનીના ઈતિહાસમાં આ કોઈપણ એક મહિનામાં નોંધાયેલી સૌથી વધુ વેચાણ સંખ્યા છે. પાછલા વર્ષના સમાન મહિનાની સરખામણીમાં કંપનીના વેચાણમાં 9 ટકાનો મજબૂત વધારો જોવા મળ્યો છે. ખાસ કરીને SUV સેગમેન્ટમાં મહિન્દ્રાએ નવો રેકોર્ડ બનાવતા માત્ર 31 દિવસમાં ઘરેલુ બજારમાં 73,338 SUV વેચી નાખી છે. તહેવારોની સિઝનમાં ગ્રાહકોની ભારે માંગ અને નવા મોડેલ્સની એન્ટ્રીએ વેચાણને નવી રફ્તાર આપી છે.ઓક્ટોબર 2026 માં મહિન્દ્રાની ઘરેલુ પેસેન્જર વ્હીકલનું વેચાણ 73,338 યુનિટ રહ્યું હતું, જ્યારે ઓક્ટોબર 2025 માં આ આંકડો 71,624 યુનિટ હતો. આમ, વાર્ષિક ધોરણે 2.39 ટકાનો વધારો નોંધાયો છે. જો એક્સપોર્ટને પણ સામેલ કરવામાં આવે, તો કંપનીની કુલ યુટિલિટી વ્હીકલનું વેચાણ 74,904 યુનિટ સુધી પહોંચી ગયું છે. આ ઉપરાંત, ચાલુ નાણાકીય વર્ષ 2026-27 માં એપ્રિલથી ઓક્ટોબર વચ્ચેના સાત મહિનામાં મહિન્દ્રાએ કુલ 4,31,480 SUVનું વેચાણ કર્યું છે.

News Brief

નાણાકીય વર્ષ 2026-27ના બીજા ત્રિમાસિક ગાળામાં એશિયન એનર્જીએ વૃદ્ધિ જાળવી રાખી

(એજન્સી) મુંબઈ | તા.02

અગ્રણી ઈન્ટિગ્રેટેડ ઊર્જા અને ખાણખનીજ સેવા પ્રદાતા કંપની એશિયન એનર્જી સર્વિસીસ લિમિટેડ (એઈએસએલ)એ નાણાકીય વર્ષ 2026-27ના બીજા ત્રિમાસિક ગાળામાં પોતાની વિકાસની સફ જાળવી રાખી છે. કંપનીને ઓઈલ અને ગેસ તથા ખનિજ સેવા વ્યવસાયોમાં કરેલી મજબૂત કામગીરીનું પીઠબળ મળ્યું છે. કંપનીએ નાણાકીય વર્ષ 2026-27ના બીજા ત્રિમાસિક ગાળામાં રૂ. 266.27 કરોડની આવક કરી હતી, જેથી નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં આવક રૂ. 537.9 કરોડ થઈ હતી. જ્યારે આવક ગત ત્રિમાસિક ગાળાની સરખામણીમાં લગભગ સ્થિર રહી હતી, ત્યારે વાર્ષિક ધોરણે ઊંચી વૃદ્ધિ થઈ હતી, જે સ્થાનિક સ્તરે સતત કામગીરી અને કૂઈપર ગ્રૂપની સારી કામગીરીને દર્શાવે છે. કાર્યક્ષમતા અને ખર્ચના શિસ્તબદ્ધ મેનેજમેન્ટને કારણે કંપનીની નફાકારકતામાં ગત ત્રિમાસિક ગાળા અને વાર્ષિક ધોરણે એમ બંનેમાં વધારો થયો છે. કંપનીની સક્રિય બિડિંગ પાઈપલાઈન બહુ મજબૂત છે, જેથી ભવિષ્યમાં પ્રાપ્ત ઓર્ડરનું સ્પષ્ટ અનુમાન મળે છે. સાથે સાથે, કંપનીને ઊર્જા અને ખાણખનીજ માળખાગત સેવાઓમાં વધતી તકોનો પણ ફાયદો મળી રહ્યો છે. મેનેજમેન્ટનું લક્ષ્ય નાણાકીય વર્ષ 2028-29/2029-30 સુધી અંદાજે રૂ. 3,000 કરોડની આવક કરવાનો છે.એનસીએલટીએ ઓઈલમેક્સ-એઈએસએલ મર્જર (29 સપ્ટેમ્બર, 2026)ની મંજૂરી આપી હતી, સરકારી સૈદ્ધાંતિક મંજૂરી મળી હતી; અંતિમ મંજૂરીની રાહ જોવાય છે. ઓઈલમેક્સને ડીએસએફ બિડ રાઉન્ડ 4 અંતર્ગત જીકે ઓફશોર બ્લોક મળ્યો છે. એનાથી કંપનીએ ઓફશોર ઈએન્ડપી ક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે તથા એનાથી સંપૂર્ણ ગ્રૂપનો અપસ્ટ્રીમ પોર્ટફોલિયો વધારે મજબૂત થયો છે. ઓઈલમેક્સે પાક્કો ક્રિટિકલ મિનરલ માઈન પણ મેળવી છે, જેમાં વેનેડિયમ અને ગ્રેફાઈટનો ભંડાર છે. એનાથી કંપનીની પહોંચ વ્યૂહાત્મક ખનીજો સુધી વધારે વધી છે. મેનેજમેન્ટની ટિપ્પણી : ડૉ. કપિલ ગર્ગ, મેનેજિંગ ડિરેક્ટર, એશિયન એનર્જી સર્વિસીસ લિમિટેડ "અમે નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં સારી કામગીરી કરી છે, જેમાં અમારા તમામ બિઝનેસ વર્ટિકલ્સમાં કામને બહુ ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે પૂર્ણ કરવામાં આવ્યું છે. અમે નાણાકીય વર્ષ 2026-27 માટે આપેલા ગાઈડન્સ અનુસાર આગેકૂચ કરી રહ્યાં છીએ. જીકે ઓફશોર બ્લોક માટે આવકની વહેંચણીના કરારનો અમલ અમારી વિકાસની સફરમાં મહત્વપૂર્ણ તબક્કો છે. આ મજબૂત અને એકીકૃત એનર્જી પ્લેટફોર્મ બનાવવાના અમારા સંકલ્પને વધારે મજબૂત કરે છે. ઉપરાંત, ઓઈલમેક્સ ના વિલયને એનસીએલટીની મંજૂરી મળી ગઈ છે અને હવે સરકારની અંતિમ મંજૂરીની રાહ જોવાય છે. એનાથી અમે અમારા તમામ ઊર્જા વ્યવસાયોને એક જ પ્લેટફોર્મ અંતર્ગત લાવવાના લક્ષ્યની નજીક પહોંચી ગયા છીએ."

IOCએ એકલાએ જ ₹21,630 કરોડનો નફો કર્યો

ઓઈલ કંપનીઓનો નફો છલકાયો! માત્ર 3 મહિનામાં ₹30,106 કરોડ છાપી લીધા !

(એજન્સી) નવી દિલ્હી | તા.02

દેશની ત્રણ સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ - ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC), ભારત પેટ્રોલિયમ (BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ (HPCL) - માટે જુલાઈથી સપ્ટેમ્બર 2026નો સમયગાળો નફાની દૃષ્ટિએ શાનદાર રહ્યો છે. ત્રણેય કંપનીઓનો સંયુક્ત સ્ટેન્ડઅલોન નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે 68.3% વધીને 30,106 કરોડ થયો છે. ખાસ વાત એ છે કે આ ત્રણ મહિનાનો નફો FY26માં નોંધાયેલા તેમના સંયુક્ત વાર્ષિક નફા 77,281 કરોડના લગભગ 39% જેટલો છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ત્રણેય કંપનીઓનો સંયુક્ત નફો 17,884 કરોડ હતો. જ્યારે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટર એપ્રિલથી જૂન દરમિયાન આ કંપનીઓએ મળીને આશરે 18,150 કરોડનું નુકસાન નોંધાવ્યું હતું. આમ, એક જ ક્વાર્ટરમાં કંપનીઓ નુકસાનમાંથી બહાર આવીને મોટા નફામાં પહોંચી છે.ત્રણેય કંપનીઓમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનનું પ્રદર્શન સૌથી વધુ મજબૂત રહ્યું છે. IOCએ સપ્ટેમ્બર ક્વાર્ટરમાં 21,630 કરોડનો સ્ટેન્ડઅલોન નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. ગયા વર્ષના સમાન સમયગાળામાં કંપનીનો નફો 7,610 કરોડ હતો. એટલે કે નફો લગભગ ત્રણ ગણો થયો છે. કંપની માટે આ અત્યાર સુધીનો સૌથી મોટો ત્રિમાસિક નફો છે. ત્રણેય કંપનીઓના કુલ ક્વાર્ટર નફામાં IOCનો હિસ્સો આશરે 72% રહ્યો છે. કંપનીએ જણાવ્યું છે કે ક્રૂડ ઓઈલના ભાવમાં અનુકૂળ હિલચાલ, પેટ્રોકેમિકલ અને ગેસ બિઝનેસમાંથી મજબૂત આવક તથા રિફાઈનિંગ કામગીરીએ નફાને ટેકો આપ્યો હતો.

એપ્રિલથી ઓક્ટોબર સુધીમાં 14.77 લાખ કરોડ રૂપિયાનું કલેક્શન

ઓક્ટોબરમાં GST કલેક્શનમાં 22.9%નો ઉછાળો, સરકારની તિજોરીમાં 2.31 લાખ કરોડ રૂપિયાથી છલકાઇ

(એજન્સી) નવી દિલ્હી | તા.02

ભારતમાં ઓક્ટોબર 2026માં GST કલેક્શન 22.9% વધીને 2,31,290 કરોડ રૂપિયા થયું છે. નાણાં મંત્રાલયના આંકડા મુજબ, સ્થાનિક આવકમાં 15.8% અને આયાતમાંથી 42.2%નો વધારો નોંધાયો છે. રિફંડ બાદ નેટ કલેક્શન 25.6% વધીને 2,03,356 કરોડ રૂપિયા થયું. ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલથી ઓક્ટોબર સુધીમાં કુલ GST કલેક્શન 14.77 લાખ કરોડ રૂપિયા થયું છે, જે 13.2%નો વધારો દર્શાવે છે.ભારતમાં ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ (GST) કલેક્શનમાં સતત વધારો થઈ રહ્યો છે. ઓક્ટોબર 2026માં ગ્રોસ GST કલેક્શન વાર્ષિક ધોરણે 22.9 ટકા વધીને 2,31,290 કરોડ રૂપિયા થયું છે. ઓક્ટોબર 2025માં આ આંકડો 1,88,125 કરોડ રૂપિયા હતો. આમ, ગયા વર્ષની સરખામણીમાં આ વખતે 43,165 કરોડ રૂપિયાની વધુ આવક થઈ છે. નાણાં મંત્રાલયે જાહેર કરેલા આંકડા અનુસાર, સ્થાનિક આવક અને આયાતમાંથી મળેલી આવકમાં થયેલો વધારો GST કલેક્શન વધવાનું મુખ્ય કારણ છે. ઓક્ટોબર 2026માં સ્થાનિક વ્યવહારોમાંથી મળેલી ગ્રોસ GST આવક વાર્ષિક ધોરણે 15.8 ટકા વધીને 1,59,044 કરોડ રૂપિયા થઈ છે. ઓક્ટોબર 2025માં આ આવક 1,37,328 કરોડ રૂપિયા હતી. બીજી તરફ, આયાતમાંથી મળેલી GST આવકમાં 42.2 ટકાનો મોટો વધારો નોંધાયો છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં આયાતમાંથી 50,796 કરોડ રૂપિયાની આવક થઈ હતી, જે આ વર્ષે વધીને 72,246 કરોડ રૂપિયા થઈ છે. ઈન્ટિગ્રેટેડ GST (IGST)માં સ્થાનિક વ્યવહારોમાંથી 64,769 કરોડ રૂપિયા અને આયાતમાંથી 72,246 કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે.ઓક્ટોબર 2026 દરમિયાન કુલ GST રિફંડ વાર્ષિક ધોરણે 6.5 ટકા વધીને 27,934 કરોડ રૂપિયા થયું છે. ઓક્ટોબર 2025માં 26,225 કરોડ રૂપિયાનું રિફંડ આપવામાં આવ્યું હતું. આ વખતે કુલ રિફંડમાં સ્થાનિક વ્યવહારોના 14,007 કરોડ રૂપિયા અને આયાત તથા ICEGATE નિકાસ સંબંધિત 13,927 કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે. રિફંડની રકમ બાદ કરતાં ઓક્ટોબર 2026નું નેટ GST કલેક્શન 25.6 ટકા વધીને 2,03,356 કરોડ રૂપિયા થયું છે. ગયા વર્ષે સમાન મહિનામાં નેટ GST આવક 1,61,900 કરોડ રૂપિયા હતી.

EPFOનો નવો પ્લાન તૈયાર

માત્ર સરકારી બોન્ડ્સ નહીં, હવે રોકાણ માટે ખાનગી કંપનીઓમાં પણ જશે PF ફંડ

(એજન્સી) નવી દિલ્હી | તા.02

EPFO તેની 30 લાખ કરોડની નિવૃત્તિ બચતનું સંચાલન કરતી રોકાણ નીતિ બદલવા જઈ રહ્યું છે. 30 કરોડથી વધુ સભ્યોના PF નાણાંનો 3% હિસ્સો હવે સ્ટાર્ટઅપ્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ખાનગી કંપનીઓમાં AIFs દ્વારા રોકાશે. વધુ વળતર મેળવવા અને દેશના વિકાસમાં યોગદાન આપવા આ નિર્ણય લેવાયો છે. નવેમ્બરમાં શ્રમ મંત્રીની અધ્યક્ષતામાં CBTની બેઠકમાં અંતિમ મંજૂરી મળશે.નોકરી કરતી દરેક વ્યક્તિ માટે પ્રોવિડન્ટ ફંડ (PF) એ ભવિષ્યની અને નિવૃત્તિની સૌથી મોટી મૂડી હોય છે. દર મહિને તમારા પગારમાંથી કપાતી રકમ એક વિશાળ ફંડનો હિસ્સો બને છે. કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO - Employees' Provident Fund Organisation) 30 કરોડથી વધુ સભ્યોની નિવૃત્તિ બચતનું સંચાલન કરે છે, જેનો આંકડો આશરે 30 લાખ કરોડ જેટલો છે. અત્યાર સુધી આપણને એવો જ ખ્યાલ હતો કે આ પૈસા માત્ર સરકારી તિજોરીમાં કે ખૂબ જ સુરક્ષિત જગ્યાએ રહે છે. પરંતુ, બદલાતા સમય સાથે EPFO પણ પોતાની રોકાણ નીતિ બદલવા જઈ રહ્યું છે. લાંબા ગાળે સભ્યોને વધુ સારું વળતર આપી શકાય તે માટે, હવે તમારા નાણાંનો અમુક હિસ્સો દેશના યુવા સ્ટાર્ટઅપ્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ખાનગી કંપનીઓમાં રોકાણ કરવા માટેની તૈયારીઓ ચાલી રહી છે. ચાલો આ નવી માર્ગદર્શિકા અને ભવિષ્યની યોજનાઓને સરળ શબ્દોમાં સમજીએ.EPFO ક્યારેય કોઈ એક જ કંપનીના શેરમાં સીધા પૈસા રોકતું નથી, કારણ કે તેમાં જોખમ વધુ હોય છે. સભ્યોના નાણાં સુરક્ષિત રહે અને નિશ્ચિત આવક મળતી રહે તે માટે હાલમાં નીચે મુજબના કડક સરકારી ધારાધોરણો મુજબ રોકાણ કરવામાં આવે છે.

Zomato ફાઉન્ડરનું અનોખું Temple ગેજેટ લોન્ચ, કિંમત અને ફીચર્સ જાણીને ચોંકી જશો!

(એજન્સી) નવી દિલ્હી | તા.02

Zomatoના ફાઉન્ડર દીપિન્દર ગોયલે મગજમાં લોહીના પ્રવાહમાં થતા ફેરફારોને ટ્રેક કરતું 85,000ની કિંમતનું Temple ગેજેટ રજૂ કર્યું છે, જેના પ્રી-ઓર્ડર 1 નવેમ્બરથી શરૂ થયા છે.ફૂડ ડિલિવરી કંપની Zomatoના ફાઉન્ડર દીપિન્દર ગોયલનું ખાસ ગેજેટ Temple હવે ભારતમાં પ્રી-ઓર્ડર માટે ઉપલબ્ધ છે. આ ડિવાઈસ મગજમાં લોહીના પ્રવાહમાં થતા ફેરફારોને ટ્રેક કરે છે. તેની કિંમત 85,000 રાખવામાં આવી છે. જાણો Templeના ખાસ ફીચર્સ, કલર વિકલ્પો અને તેને બુક કરવાની રીત.ફૂડ ડિલિવરી કંપની Zomatoના ફાઉન્ડર દીપિન્દર ગોયલ હાલ એક નવા ગેજેટને લઈને ચર્ચામાં છે. તેમણે પોતાનું ખાસ ડિવાઈસ Temple ભારતમાં રજૂ કર્યું છે. આ ડિવાઈસની ખાસિયત એ છે કે તેને વ્યક્તિના સ્વાસ્થ્ય અને મગજની પ્રવૃત્તિ સાથે જોડાયેલી બાબતોને ટ્રેક કરવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. હવે ભારતમાં તેના પ્રી-ઓર્ડર પણ શરૂ થઈ રહ્યા છે. જો તમે પણ આ ડિવાઈસ ખરીદવાનું વિચારી રહ્યા હો, તો તેની કિંમત અને ફીચર્સ વિશે જાણવું જરૂરી છે.Temple કોઈ સામાન્ય સ્માર્ટવોચ કે ફિટનેસ બેન્ડ નથી. તેને ખાસ મગજમાં લોહીના પ્રવાહ અને તેની સાથે જોડાયેલા સંકેતોને ટ્રેક કરવા માટે બનાવવામાં આવ્યું છે. આ ડિવાઈસ માથાની એક બાજુએ, કપાળ અને કાનની વચ્ચે પહેરવામાં આવે છે.

તેમાં ઓપ્ટિકલ સેન્સર આપવામાં આવ્યા છે, જે મગજમાં લોહીના પ્રવાહમાં થતા ફેરફારોને ટ્રેક કરે છે. કંપની આ ટેક્નોલોજીને BrainFlow કહે છે.આ ડિવાઈસમાં Entropy Score નામનું ફીચર પણ આપવામાં આવ્યું છે. તે 1થી 250 વચ્ચેનો સ્કોર દર્શાવે છે. આ સ્કોરની મદદથી યુઝર પોતાના શરીર પર પડતા તણાવની અસર સમજી શકે છે. તેમાં ઊંઘ, કસરત, તણાવ અને કેફીન જેવી બાબતોની અસરનો પણ સમાવેશ થઈ શકે છે.Templeને માથા પર પહેરવા માટે કોઈ પટ્ટાની જરૂર પડતી નથી. તેને Grips નામની ખાસ ચોંટાડવાની ટેપથી લગાવી શકાય છે.

ટાટા AIA લાઈફ ઈન્સ્યોરન્સે રાષ્ટ્રવ્યાપી આગ સલામતી જાગૃતિ અભિયાન હાથ ધર્યું, 40,000થી વધુ સહભાગી જોડાયા

(એજન્સી) મુંબઈ | તા.02

ટાટા AIA લાઈફ ઈન્સ્યોરન્સે આગ સામે પૂર્વતૈયારી અને નિવારણ સપ્તાહ 2026 (ફાયર પ્રિપેયર્ડનેસ એન્ડ પ્રિવેન્શન વીક 2026)ના ભાગ રૂપે રાષ્ટ્રવ્યાપી આગ સામે સલામતી જાગૃતિ અને ઈમરજન્સીમાં તૈયારી અભિયાન દ્વારા સમુદાય સુખાકારી અને કાર્યસ્થળ સલામતી પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી. 'નિવારો. તૈયાર રહો. પ્રતિભાવ આપો' થીમ હેઠળ આયોજિત, આ પહેલ સમગ્ર દેશના 466 સ્થળોએ 40,210 સહભાગીઓ સુધી પહોંચી છે, જેમાં કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, હાઉસિંગ સોસાયટીઓ, વ્યવસાયિક ભાગીદારો અને સ્થાનિક સમુદાયોને એકજૂથ કરવામાં આવ્યા છે. આ અભિયાન આગ નિવારણ, સલામત સ્થળાંતર પદ્ધતિઓ અને ઈમરજન્સીમાં પ્રતિભાવ વિશે જાગૃતિ લાવવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. સાથે જ વ્યક્તિઓ અને સમુદાયોને ઈમરજન્સી દરમિયાન જીવન અને સંપત્તિનું રક્ષણ કરવામાં મદદ કરી શકે તેવા સરળ છતાં અસરકારક સલામતી પગલાં અપનાવવા માટે પણ તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પહેલનું મુખ્ય આકર્ષણ તેનો વ્યાપક સમુદાય સંપર્ક હતો. ટાટા AIA લાઈફ ઈન્સ્યોરન્સના 13,862 કર્મચારીઓએ આ અભિયાનમાં ભાગ લીધો હતો, તેમજ સમગ્ર ભારતમાંથી અનેક શહેરો અને નગરોમાં શાળાઓ, કોલેજો, હાઉસિંગ સોસાયટીઓ, ઓફિસો, કોચિંગ સેન્ટરો, ફેક્ટરીઓ, વિક્રેતા સ્થળો અને સમુદાય સંસ્થાઓમાં હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓમાં સંસ્થાની બહારના 26,348 લોકોએ પણ ભાગ લીધો હતો. ટાટા AIA લાઈફ ઈન્સ્યોરન્સના MD અને CEO વેન્કી ઐયરે જણાવ્યું હતું કે: 'સુરક્ષા એક સહિયારી જવાબદારી છે અને પૂર્વતૈયારીના સંસ્કૃતિના નિર્માણની શરૂઆત જાગૃતિ તેમજ કાર્યવાહીથી થાય છે. ટાટા ગ્રૂપના આગ સામે પૂર્વતૈયારી અને નિવારણ સપ્તાહ દ્વારા, અમે અમારા કર્મચારીઓમાં ફાયર સેફ્ટી જાગૃતિને મજબૂત બનાવવાનો પ્રયાસ કરીએ છીએ, સાથે જ આ શિક્ષણને વ્યાપક સમુદાય સુધી પહોંચાડીએ છીએ. શાળાઓ, રહેણાંક સમુદાયો, વ્યવસાયિક ભાગીદારો અને સ્થાનિક સંસ્થાઓની ઉત્સાહપૂર્ણ સહભાગીતા સુરક્ષિત માહોલનું નિર્માણ કરવાની સામૂહિક પ્રતિબદ્ધતા દર્શાવે છે.

એક પ્લેટ નૂડલ્સ 100 રૂપિયા, 40 રૂપિયાની એક કપ ચા....

મનાલીમાં ફૂડ સ્ટોલવાળાની કમાણીનું ગણિત જોઈને લોકો આશ્ચર્યચકિત

(એજન્સી) નવી દિલ્હી | તા.02

હિમાચલ પ્રદેશના પ્રખ્યાત રોહતાંગ પાસની કડાકાની ઠંડી અને બર્ફીલા પવનો વચ્ચે ગરમાગરમ મેગી અને ચાનો સ્વાદ ચાખવો એ દરેક પ્રવાસીની પહેલી પસંદ હોય છે. પરંતુ પહાડોની ઊંચાઈ પર મળતી આ મેગી પાછળ એક ચોંકાવનારું બિઝનેસ મોડલ પણ છુપાયેલું છે. સોશિયલ મીડિયા પર હાલમાં રોહતાંગ પાસ પર મેગી અને ચા વેચતા એક સ્થાનિક દુકાનદારનો વીડિયો વાઈરલ થઈ રહ્યો છે, જે મંદીના સમયમાં (ઑફ-સીઝન) પણ દરરોજ અંદાજે 14,000 સુધીનું ટર્નઓવર કરી લે છે.કન્ટેન્ટ ક્રિએટરે રોહતાંગ પાસની મુલાકાત દરમિયાન આ દુકાનદાર સાથે વાતચીત કરી હતી. જ્યારે તેણે મંદીના આ દિવસોમાં થતી આવક વિશે પૂછ્યું, ત્યારે શરૂઆતમાં દુકાનદારે કહ્યું કે "હાલ કામ મંદું ચાલે છે". પરંતુ જ્યારે આંકડાઓની વિગતો મેળવવામાં આવી ત્યારે વાસ્તવિક ચિત્ર સામે આવ્યું.

મેગીનું વેચાણ: દરરોજ 60 થી 70 પ્લેટ (100 પ્રતિ પ્લેટના હિસાબે આશરે 6,000 થી 7,000).ચાનું વેચાણ: દરરોજ આશરે 200 કપ (40 પ્રતિ કપના હિસાબે આશરે 8,000).આ ઉપરાંત બાફેલા ઈંડા અને ઓમલેટનું પણ અલગથી વેચાણ થાય છે.

આ ગણતરી મુજબ મંદીના દિવસોમાં પણ આ નાના સ્ટોલનું રોજનું ટર્નઓવર 14,000 થી 15,000 ની વચ્ચે રહે છે. ટૂરિસ્ટ સીઝનમાં જ્યારે રોહતાંગ પ્રવાસીઓથી ઉભરાય છે, ત્યારે આ કમાણીનો આંકડો કેટલો મોટો હશે તેનો અંદાજ લગાવી શકાય છે.આ વીડિયો દ્વારા કન્ટેન્ટ ક્રિએટરે સમાજની એ માનસિકતા પર પ્રહાર કર્યો છે જે નાના કામકાજ કે રેહડી-પટરીના ધંધાને ઓછું મહત્ત્વ આપે છે. ગ્રાહકોને આકર્ષવા માટે કોઈ મોટા શોરૂમ કે મોંઘા સુશોભનની જરૂર નથી હોતી, પરંતુ યોગ્ય સ્થળ અને યોગ્ય સેવાની જરૂર હોય છે.જેટલી કમાણી, એટલો જ સખત પરિશ્રમ : બીજી તરફ, સોશિયલ મીડિયા યુઝર્સે આ કમાણી પાછળ રહેલા ભારે સંઘર્ષને પણ રેખાંકિત કર્યો છે. આ રકમ માત્ર ટર્નઓવર છે, ચોખ્ખો નફો નથી. મનાલીથી રોહતાંગ સુધી કાચો માલ સામાન લાવવામાં જ દરરોજ આશરે 2,000 નો ટ્રાન્સપોર્ટ ખર્ચ થઈ જાય છે. આ ઉપરાંત ભારે ગેસ સિલિન્ડર અને રાશન પીઠ પર ઉપાડીને પહોંચાડવું પડે છે. શૂન્યથી પણ નીચા તાપમાનમાં પાણી લાવવું અને બર્ફીલા પવનો વચ્ચે સવારથી સેવા આપવી એ અત્યંત કઠિન કામ છે.

બેંકની શાખાઓમાં કામકાજને અસર થવાની શક્યતા

IDBI બેંકના ખાનગીકરણના વિરોધમાં 10 હજારથી વધુ કર્મચારીઓ 2 અને 3 નવેમ્બરે ભૂખ હડતાળ પર

(એજન્સી) નવી દિલ્હી | તા.02

જો તમે આજે કે કાલે કોઈ કામકાજ માટે IDBI બેંકની શાખામાં જવાનું વિચારી રહ્યા છો, તો તમારે થોડી રાહ જોવી પડી શકે છે. IDBI બેંકના ખાનગીકરણના વિરોધમાં બેંકના ૧૦,૦૦૦થી વધુ કર્મચારીઓ આજે અને કાલે (૨ અને ૩ નવેમ્બરે) બે દિવસ માટે ભૂખ હડતાળ પર ઉતર્યા છે, જેના કારણે બેંકિંગ કામકાજ પર ગંભીર અસર પડી શકે છે.'IDBI ઓફિસર્સ એન્ડ એમ્પ્લોયીઝ યુનાઈટેડ ફોરમ' અને 'ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસિએશન' (AIBEA) આ ભૂખ હડતાળનું નેતૃત્વ કરી રહ્યા છે. યુનિયનોનો આક્ષેપ છે કે ભૂતકાળમાં ભારે નુકસાનમાં રહેલી IDBI બેંક જાહેર રોકાણ અને કર્મચારીઓની મહેનતના બળે છેલ્લા ત્રણ વર્ષથી સતત સારો નફો કરી રહી છે, તેથી નફો કરતી બેંકને વેચવી અયોગ્ય છે.૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ (CCEA) એ



કેનેડા સ્થિત ફેરફેક્સ ફાઈનાન્શિયલ હોલ્ડિંગ્સની પેટાકંપનીને ૬૦.૭૨% હિસ્સો (સરકારનો ૩૦.૪૮% અને LICનો ૩૦.૨૪%) વેચવાની મંજૂરી આપી હતી. કર્મચારીઓનો મોટો ભય એ છે કે આ પગલું માત્ર ખાનગીકરણ નથી પરંતુ દેશની ઐતિહાસિક બેંકનું "વિદેશીકરણ" છે. યુનિયને પ્રશ્ન ઉઠાવ્યો છે કે એક તરફ 'આત્મનિર્ભર ભારત'ની વાતો થાય છે, ત્યારે દેશના નાગરિકોના આશરે ૩.૫ લાખ કરોડના જાહેર થાપણો વિદેશી કંપનીના હાથમાં સોંપવા કેટલા યોગ્ય છે? આનાથી બેંકનો મુખ્ય હેતુ જાહેર કલ્યાણમાંથી બદલાઈને કોર્પોરેટ નફો બની જશે અને થાપણદારોની સુરક્ષા જોખમાઈ શકે છે.બીજી તરફ, સરકારે સ્પષ્ટતા કરી છે કે આ સોદો ખોટમાં નહીં પરંતુ નફામાં થયો છે. બે સ્વતંત્ર મૂલ્યાંકન એજન્સીઓએ IDBI બેંકના શેરની કિંમત ૭૫.૯૯ નક્કી કરી હતી, જેની સામે ફેરફેક્સે પ્રતિ શેર ૮૧ ની બોલી લગાવી છે. એટલે કે બજાર કિંમત કરતાં પ્રતિ શેર ૫.૦૧ વધુ મળ્યા છે.

વધુમાં, સરકાર અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ના જણાવ્યા મુજબ, હિસ્સો વેચાયા પછી પણ બેંક RBIના કડક બેંકિંગ નિયમો હેઠળ જ કામ કરશે. ડિસઈન્વેસ્ટમેન્ટ પછી પણ સરકાર પાસે ૧૫% અને LIC પાસે ૧૯% (કુલ ૩૪% હિસ્સો) રહેશે, જેથી બેંકના ભવિષ્યના વિકાસનો લાભ જાહેર ક્ષેત્રને મળતો રહેશે. તેમ છતાં, કર્મચારીઓ આ પ્રસ્તાવિત પ્રક્રિયા સંપૂર્ણપણે રદ કરવાની માંગ કરી રહ્યા છે.

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, આસો વદ - 09

ગ્લોબલ વોર્મિંગથી ઘઉંનું આંતરિક પોષણ ઘટી રહ્યું છે

જર્મનીના વૈજ્ઞાનિકોએ કરેલા સંશોધનમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. વધતા કાર્બન ડાયોક્સાઇડને કારણે ઘઉંના પ્રોટીનનું બંધારણ બગડી રહ્યું છે, જેનાથી રોટલીની ગુણવત્તા બગડશે અને સિલિયાક રોગનું જોખમ વધશે. આબોહવા પરિવર્તન સીધું આપણા રસોડા અને થાળી સુધી પહોંચી ગયું છે. આ સંકટ વૈશ્વિક ખાદ્ય સુરક્ષા માટે મોટો ખતરો છે.આપણી સવારની ચા સાથેનું બિસ્કિટ કે બ્રેડ હોય કે બપોર અને સાંજની ગરમાગરમ રોટલી, ભાખરી કે પરોઠા, બધું જ ઘઉંના લોટ પર નિર્ભર છે. જ્યારે આ પાયાના અનાજનું જૈવિક અને પોષક માળખું ખોરવાઈ જાય, ત્યારે તે માત્ર કૃષિ ક્ષેત્રનું સંકટ નથી રહેતું પરંતુ વૈશ્વિક સ્તરે માનવજાત સામે ઊભો થયેલો પોષણ સંબંધી કટોકટીનો મોટો પ્રશ્ન છે : વધતા કાર્બન ડાયોક્સાઇડના પરિણામે છોડ પોતાની આંતરિક રક્ષા માટે જીવાતો સામે લડતા પ્રોટીનનું પ્રમાણ તો વધારે છે, પરંતુ જે અસલ ગ્લુટેન માનવ આહારની ગુણવત્તા નક્કી કરે છે, તેનો વિનાશ થાય છે. સંશોધક સબરીના ગાઈસ્લિટ્ઝે જણાવ્યું કે, ગ્લુટેન પ્રોટીનનું ઘટતું સ્તર સીધું લોટની બેકિંગ અને રોટલી બનાવવાની ગુણવત્તાને ખરાબ કરી નાખે છે : ઘઉંના દાણામાં થયેલા જૈવિક ફેરફારોમાં એવા પ્રોટીન ઘટકો અને પેપ્ટાઇડ્સમાં ગંભીર ફેરફાર નોંધાયા છે, જે સીધા સિલિયાક રોગ સાથે જોડાયેલા છે.હવામાન પરિવર્તન હવે માત્ર ગ્લેશિયર ઓગળવા, કમોસમી વરસાદ કે કાળઝાળ ગરમી પૂરતું સીમિત નથી રહ્યું. તે હવે સીધું આપણા ઘરના રસોડામાં અને થાળીમાં પીરસાતી રોટલી સુધી પહોંચી ગયું છે. સદીઓથી ભારતીય ભોજનનો આધાર ગણાતો ઘઉંનો દાણો આજે ગંભીર અસ્તિત્વના સંકટનો સામનો કરી રહ્યો છે. વાતાવરણમાં બેફામ વધતો કાર્બન ડાયોક્સાઇડ અને ધરતીનું ઊંચકાતું તાપમાન ઘઉંના આંતરિક પોષક તત્ત્વોનો સર્વનાશ કરી રહ્યા છે. જેને આપણે સંપૂર્ણ આહાર ગણીને ખાઈએ છીએ, તે ઘઉં ધીમે ધીમે પોતાના કુદરતી પ્રોટીન ગુમાવી રહ્યો છે. આ કોઈ સામાન્ય પર્યાવરણીય ચેતવણી નથી, પરંતુ આપણી ખાદ્ય સુરક્ષા, રોજિંદા પોષણ અને ભવિષ્યની પેઢીના સ્વાસ્થ્ય પર મોટું જોખમ સર્જી રહ્યું છે. જો આપણે હજુ પણ જાગૃત નહીં થઈએ, તો આવનારા સમયમાં આપણી થાળીમાં માત્ર પોષણવિહીન કચરો જ બચશે.જર્મનીની ટેકનિકલ યુનિવસટી ઓફ મ્યુનિક સાથે જોડાયેલી લાઇબનિઝ ઇન્સ્ટિટ્યૂટ ફોર ફૂડ સિસ્ટમ્સ બાયોલોજીના વૈજ્ઞાનિકોએ હાથ ધરેલા તાજેતરના સંશોધનમાં અત્યંત ચોંકાવનારા તથ્યો બહાર આવ્યા છે. સંશોધકોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે હવામાં કાર્બન ડાયોક્સાઇડનું વધતું પ્રમાણ ઘઉંના દાણામાં રહેલા પ્રોટીનનું આખું બંધારણ ખોરવી રહ્યું છે. ઘઉં એ માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં અબજો લોકોની ભૂખ સંતોષતું મુખ્ય અનાજ છે. આપણી સવારની ચા સાથેનું બિસ્કિટ કે બ્રેડ હોય કે બપોર અને સાંજની ગરમાગરમ રોટલી, ભાખરી કે પરોઠા, બધું જ ઘઉંના લોટ પર નિર્ભર છે. જ્યારે આ પાયાના અનાજનું જૈવિક અને પોષક માળખું ખોરવાઈ જાય, ત્યારે તે માત્ર કૃષિ ક્ષેત્રનું સંકટ નથી રહેતું પરંતુ વૈશ્વિક સ્તરે માનવજાત સામે ઊભો થયેલો પોષણ સંબંધી કટોકટીનો મોટો પ્રશ્ન છે.માનવીય પ્રવૃત્તિઓ અને આંધળી ઔદ્યોગિક દોડના કારણે વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઇડની માત્રા અતિ ઝડપે ઝેરી હદે વધી રહી છે. આંકડા સ્પષ્ટપણે ભયાનક વાસ્તવિકતા દર્શાવે છે કે, વર્ષ ૧૯૮૦માં વૈશ્વિક સ્તરે કાર્બન ડાયોક્સાઇડનું સ્તર આશરે ૩૪૦ પાર્ટ્સ પર મિલિયન (ppm) હતું, જે વર્ષ ૨૦૨૪ સુધીમાં વધીને લગભગ ૪૨૫ ppm પર પહોંચી ચૂક્યું છે. પર્યાવરણવિદોના અંદાજ મુજબ જો વૈશ્વિક ઉત્સર્જન પર તાત્કાલિક પૂર્ણવિરામ નહીં મુકાય, તો વર્ષ ૨૦૫૦ સુધીમાં આ આંકડો ૬૦૦ ppmની ખતરનાક સપાટી વટાવી જશે. આ ઘાતક વાતાવરણની ઘઉંના પાક પર શી અસર થાય છે તે તપાસવા વૈજ્ઞાનિકોએ શિયાળુ ઘઉંની ૧૦ અલગ-અલગ જાતો (કલ્ટીવર્સ) પર ઊંડો અભ્યાસ કર્યો હતો. કેટલાંક છોડને ૫૪૬ ppmના કૃત્રિમ રીતે ઊંચા કાર્બન ડાયોક્સાઇડના વાતાવરણમાં ઉછેરવામાં આવ્યા, જ્યારે બાકીના છોડને સામાન્ય વાતાવરણમાં રાખવામાં આવ્યા. લણણી બાદ દાણાનું પૃથક્કરણ કરતાં માલૂમ પડયું કે વાતાવરણમાં ર્ભિર નું ઊંચું પ્રમાણ પાકના પ્રોટીન નિર્માણની સમગ્ર પ્રક્રિયાને વિકૃત કરી નાખે છે.આ સંશોધનનું સૌથી ચિંતાજનક પાસું એ બહાર આવ્યું કે અનાજમાં રહેલા ગ્લુટેન પ્રોટીનની સાંદ્રતામાં મોટો કડાકો બોલી ગયો.

પાંચ વર્ષથી ચાલતી શિક્ષણની સકારાત્મક પ્રવૃત્તિ દસમા પડાવે પહોંચી

ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચની સંગોષ્ઠિ આગામી ગુરુવારથી અમદાવાદમાં યોજાશે

ભાવનગર | ગુજરાતના શિક્ષણ જગતમાં પોતાની આગવી છાપ અને ઓળખ સ્થાપિત કરનારી સંસ્થા તરીકે હવે "ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ" સૌના હૈયે અને હોઠે ચડી છે. શિક્ષકોના કૌશલ્ય અને જ્ઞાનમાં ગુણવત્તાસભર ઉમેરો કરવો, સામાજિક દાયિત્વ પૂર્ણ કરવું, શિક્ષકત્વનું બહુમાન કરવું અને પ્રેરણા બનવું જેવાં કાર્યો આ સંસ્થાએ અનેક મોરચે કર્યાં છે. તેથી તે હવે ગુજરાતના તમામ પ્રાથમિક-માધ્યમિક શિક્ષકોનું પોતિકું આંગણું બની ગઈ છે.

સંસ્થાના સંયોજક શ્રી તખુભાઈ સાંડસુરે જણાવ્યું કે, આગામી તા. 5-6 નવેમ્બરના રોજ સરસ્વતી વિદ્યા મંડળ, અમદાવાદના સહયોગથી સંગોષ્ઠિ-10નું આયોજન' કાવ્ય શિક્ષણ' ના વિષય પર કરવામાં આવ્યું છે. જેમાં તા. 5 ગુરુવારના પ્રથમ ઉદ્ઘાટન સત્રમાં પ્રમુખ સ્થાને મા. શ્રી હિતેષભાઈ બારોટ (મેયરશ્રી, અમદાવાદ), અતિથિ વિશેષ તરીકે પ્રજ્ઞેશભાઈ પટેલ (ચેરમેન, સ્કૂલ બોર્ડ, અમદાવાદ) તથા મુખ્ય મહેમાન પદે ડો. મનોજ શાસ્ત્રી (અધ્યક્ષ, શિક્ષણ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી), શ્રી ભરતભાઈ ચૌધરી (પ્રમુખ, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ), શ્રી જ્યોતીન્દ્રભાઈ દવે (સંચાલક, સરસ્વતી વિદ્યા મંડળ) વગેરે મહેમાનો ઉપસ્થિત રહેશે.આ સત્ર દરમિયાન શિક્ષણ સંવેદનાના સાથીઓનુ સન્માન થશે તથા વિશેષાંક 'દિપ સે દિપ જલે'નુ વિમોચન થશે.

બીજા નરસિંહ મહેતા સત્રમાં ડો. સંજય મકવાણા "ગુજરાતી કવિતાની સમૃદ્ધિ" પર અને શ્રી પ્રણવભાઈ ત્રિવેદી (સર્જક) "કેળવણીમાં કાવ્ય: કેડી નહીં રાજમાર્ગ" પર વ્યાખ્યાન આપશે. સાંજના કવિ મુશાયરામાં કવયિત્રી અને સંચાલિકા ગોપાલી બુચ તથા કવિગણ ગાર્ગી પંડ્યા, કૃષ્ણ દવે, અર્ચના ભટ્ટ-પટેલ, જ્યોતિ ભટ્ટ વગેરે કાવ્યપઠન કરશે.

બીજા દિવસે તા. 6 શુક્રવારે કલાપી સત્રમાં શ્રી મીનેશ વાળંદ "નવી શિક્ષણ નીતિ: બદલાયેલા વર્ગખંડોનું દર્શન" અને શ્રી કલ્પેશ પટેલ "કાવ્યનું રસદર્શન" કરાવશે.

સમાપન સમારોહમાં મહેમાનો તરીકે શ્રી ધીરેન વ્યાસ, ડો. મહેશ ઠક્કર, બિલ્ડર શ્રી સુનિલ પટેલ હાજર રહેશે.આ સમગ્ર કાર્યક્રમને સંયોજક શ્રી વિમલભાઈ પટેલ, સંજયભાઈ પટેલ, ડો. પ્રદિપસિંહ સિંધા, સંજયભાઈ મકવાણા, જીતુભાઈ જોશી તથા ભગવતદાન ગઢવી આખરી ઓપ આપી રહ્યા છે. શ્રી શ્યામજીભાઈ દેસાઈ પણ સંકલન કરી રહ્યા છે. યજમાન સંસ્થાના સંયોજક શ્રી દિલીપસિંહ સોલંકી પણ કાર્યક્રમની સફળતા માટે મથામણ કરી રહ્યા છે.

સાપુતારા પોલીસ ચેકપોસ્ટ પર મોટી કાર્યવાહી:-હેલ્મેટના બોક્સની આડમાં લઈ જવાયેલ લાખોનો વિદેશી દારૂ ઝડપાયો..



ડાંગ | અગામી દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને ડાંગ જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નેસ્તનાબુદ કરવા અને કડક વાહન ચેકીંગ હાથ ધરવા માટે ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ અનુસાર,ડાંગ જિલ્લાના સાપુતારા પોલીસ સ્ટેશનનાં પી.આઈ.જે.કે.બારીયા અને પી.એસ. આઈ.બી.બી.પટેલની ટીમ સક્રિય બની છે.સાપુતારા પોલીસ સ્ટાફનાં માણસો આંતરરાજ્ય બોર્ડર પર આવેલી સાપુતારા પોલીસ ચેકપોસ્ટ ખાતે વાહન ચેકીંગની કામગીરીમાં જોડાયેલા હતા.આ દરમિયાન મહારાષ્ટ્ર રાજ્ય તરફથી આવી રહેલી એક બોલેરો મેક્સી ટ્રક (રજીસ્ટ્રેશન નં. HR-39-C-7412) ને પોલીસે શંકાના આધારે રોકી હતી. ટ્રકના પાછળના ભાગે ફાડામાં હેલ્મેટના બોક્સ ભરેલા જોવા મળ્યા હતા, પરંતુ જ્યારે સાપુતારા પોલીસે સઘન તપાસ કરી ત્યારે હેલ્મેટના આ બોક્સની આડમાં ગેરકાયદેસર અને કોઈપણ જાતના પાસ-પરમિટ વગર હરિયાણા, રાજસ્થાન તથા ચંદીગઢ રાજ્યની બનાવટનો વિદેશી દારૂ છુપાવવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું હતુ.સાપુતારા પોલીસે ટ્રકમાંથી વિદેશી દારૂના ભરેલા ૧૦૩ બોક્સ (જેમાં ટીન બીયર તથા કુલ ૩૬૯૬ નંગ બોટલો, જેની કુલ ૧૦૬૪.૬૪ લિટર કિંમત રૂપિયા ૪,૮૫,૭૬૦ થાય છે) કબજે કર્યા હતા. આ દારૂની સાથેસાથે હેલ્મેટ ભરેલા ૧૪૦ બોક્સ (કિંમત રૂપિયા ૪૨,૦૦૦), બોલેરો મેક્સી ટ્રક (કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦) અને બે એન્ડ્રોઇડ ફોન (કિંમત રૂપિયા ૧૦,૦૦૦) મળીને કુલ રૂપિયા ૯,૩૭,૭૬૦/- ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.સાપુતારા પોલીસે આ પ્રકરણે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ તથા ૮૩ મુજબ ગુનો નોંધી પ્રોહિબિશનનો એક ગણનાપાત્ર કેસ શોધી કાઢ્યો છે. આ કેસમાં સાપુતારા પોલીસે સ્થળ પરથી બે આરોપીઓની ધરપકડ કરી છે, જેમાં (૧) સચિન મુકેશકુમાર ખીરચી (ઉ.વ.૧૮, રહે. સિવાની મંડી, તા. તસામ, જિ. ભીવાની, હરિયાણા) અને (૨) ધરમવીર ઓમપ્રકાશ ખાતી (ઉ.વ.૩૬, રહે. ડુંગરાણા ગામ, તા. ભાદરા, જિ. હનુમાનગઢ, રાજસ્થાન) નો સમાવેશ થાય છે. જ્યારે આ રેકેટમાં સંડોવાયેલા સીતારામ (રહે. સિવાની, હરિયાણા) ને વોન્ટેડ જાહેર કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પગાર થી વંચિત મજૂરો ,પાણી વિતરણ બંધ કરવાની ચીમકી.એજન્સી ની બેદરકારી



ડાંગ | ડાંગ જિલ્લાના પાણી પુરવઠા વિભાગમાં કોન્ટ્રાક્ટ પદ્ધતિ હેઠળ ફરજ બજાવતા ૫૦થી વધુ શ્રમિકો અને મજૂરોને છેલ્લા સાડા ત્રણ મહિનાથી પગાર ન મળતા તેમના આર્થિક પ્રશ્નો ગંભીર બન્યા છે. આ અંગે પીડિત મજૂરો દ્વારા રાજ્યના માનનીય મુખ્યમંત્રી તેમજ સંબંધિત ઉચ્ચ અધિકારીઓને સામૂહિક ફરિયાદ અરજી પાઠવવામાં આવી છે.મજૂરોની મુખ્ય ફરિયાદ એ છે કે તેઓ પંપ ઓપરેટર, લાઈનમેન, વાલ્વમેન અને અન્ય મજૂરીનાં કાર્યો ખૂબ જ નિષ્ઠાપૂર્વક અને જવાબદારીપૂર્વક સંભાળી રહ્યા છે, તેમ છતાં કોન્ટ્રાક્ટર દ્વારા છેલ્લા સાડા ત્રણ મહિનાથી તેમનો પગાર રોકવામાં આવ્યો છે.આ ઉપરાંત, સરકારી નિયમો અનુસાર મળવાપાત્ર લઘુતમ વેતન પણ તેમને ચૂકવવામાં આવતું નથી. લાંબા સમય સુધી મહેનતાણું ન મળવાને કારણે આ શ્રમિકો અને તેમના પરિવારોને ભારે આર્થિક મુશ્કેલીઓ અને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.આ મામલે અગાઉ પણ રજૂઆતો કરવા છતાં કોઈ યોગ્ય ઉકેલ ન આવતા મજૂરોમાં રોષે ભરાયેલા શ્રમિકોએ ઉગ્ર ચીમકી ઉચ્ચારી છે કે, જો વહેલી તકે તેમનો બાકી પગાર ચૂકવવામાં નહીં આવે, તો શ્રીરામ એન્જિનિયરિંગ દ્વારા ચલાવવામાં આવતી તમામ જૂથોની પાણી વિતરણ યોજનાઓ બંધ કરી દેવામાં આવશે.

ગિરનાર પરિક્રમા -૨૦૨૬ હંગામી પ્લોટ હરરાજી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨. મહાનગરપાલિકા સેવા સદનની એક યાદીમાં જણાવ્યુ છે કે, આગામી ગિરનાર પરિક્રમા -૨૦૨૬ યોજાનાર હોય જે અંતર્ગત ભવનાથ વિસ્તારમાં વિવિધ વસ્તુઓના વેચાણ ખાણી-પીણી માટે હંગામી ખુલ્લા પ્લોટોની હરરાજી ફાળવણી તા.૦૬/૧૧/૨૦૨૬ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે શરૂ થનાર હોય રસ ધરાવતા આસામીશ્રી ધંધાર્થીઓ એ ભવનાથ ઝોનલ કચેરી ખાતે હાજર રહેવું. હરરાજીમાં ભાગ લેનાર આસામીશ્રી/ધંધાર્થીઓએ ડિપોઝિટની રકમ સ્થળ પર જ જમા કરાવ્યા બાદ પ્લોટની બોલી, બોલી શકાશે. અંતિમ બોલી બોલનારે સ્થળ પર જ બોલીની રકમ જમા કરાવાની રહેશે. તેમજ હરારજીની શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.આ અંગેની વધુ વિગત જુનાગઢ મહાનગરપાલિકા કચેરી રેવન્યુ ટેક્સ શાખા રૂમ નં ૨૦૪ બીજા માળેથી મળી રહેશે. જેની નોંધ લેશો. જૂનાગઢની પવિત્ર ગિરનાર પરિક્રમા-૨૦૨૬ ની તૈયારીઓએ જોર પકડ્યું છે. પરિક્રમા દરમિયાન દેશ-વિદેશથી આવતા લાખો શ્રદ્ધાળુઓ માટે ભવનાથ વિસ્તારમાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના ભાગરૂપે જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

જશદણ તાલુકાનાં ભાડલા ગામનાં ખેડુત પુત્ર જયેશ કાકડીયાએ માધ્યમિક શિક્ષણ માં એડવાન્સ ઓર્ગેનાઈઝર મોડલ અને અર્થપૂર્ણ અધ્યયન વિષયમાં પીએચ.ડીનો અભ્યાસ પૂર્ણ કર્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.જૂનાગઢ ખાતે પીએચ.ડી એજ્યુકેશન વિભાગમાં આખરી વાઈવા વોઈશ બાહ્ય રેફરી એવા ચિલ્ડ્રન યુનિ.નાં ડો.રણજીતભાઇ પુવારની ઉપસ્થિતીમાં યોજાયેલ , જશદણ તાલુકાનાં વકરી ગામનાં કિશાનપુત્ર અને જૂનાગઢ તાલુકાનાં વડાલ ગામે માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે સેવા બજાવતા જયેશભાઇ અરજણભાઇ કાકડીયાએ પોતાનાં માર્ગદર્શક ડો.સુભાષ મહિલા બી.એડ કોલેજનાં અધ્યાપક ડો.પંકજકુમાર કે. બારૈયાનાં માર્ગદર્શનમાં માધ્યમિક શિક્ષણ માં એડવાન્સ ઓર્ગેનાઈઝર મોડલ અને અર્થપૂર્ણ અધ્યયન વિષયે સંશોધિત શોધ નિબંધ પ્રસ્તુત કરતાં બાહ્ય રેફરી શ્રી ડો. પવારે શોધપત્રને ગ્રાહ્ય રાખતાં યુનિ.નાં કુલપતિ પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણે જ્યેશભાઇ કાકડીયાને તત્કાલ પ્રોવિઝનલ પ્રમાણપત્ર અને નોટીફિકેશન અર્પણ કરી જ્યેશભાઈને ઉજ્જવળ ભાવિની શુભકામનાં પાઠવી જણાવ્યુ હતુ કે નવો વિષય કે એકમ શરૂ કરતા પહેલા વિદ્યાર્થી ઓના મગજમાં રહેલા જૂના અનુભવો કે જ્ઞાનને જાગૃત કરવા પૂર્વજ્ઞાનની સક્રિયતા, વર્ણનાત્મક ઓર્ગેનાઈઝર, તુલનાત્મક ઓર્ગેનાઈઝર, ગોખણપટ્ટીનો બહિષ્કાર, ગોખણપટ્ટીનો બહિષ્કાર, વિદ્યાર્થીઓ નવા જ્ઞાનને પોતાની ભાષામાં વ્યક્ત કરે અને પોતાના અનુભવો સાથે જોડી શકે તેવી પ્રવૃત્તિઓ કરાવવી. પ્રશ્નોત્તરી, ચર્ચા અને સારાંશ દ્વારા નવું જ્ઞાન પૂર્વજ્ઞાન સાથે બરાબર ગોઠવાયું છે કે નહીં તે ચકાસવું. તેમજ પાઠનું આયોજન કરતી વખતે માત્ર 'શું શીખવવું' તેનો વિચાર ન કરતા, 'વિદ્યાર્થીઓ તેને જૂના જ્ઞાન સાથે કેવી રીતે જોડશે' તેનો વિચાર કરવા જેવા મુદ્દાઓને આવરી લઇ સંશોધક જ્યેશભાઇ કાકડીયા એ રજુ કરેલ શોધ નિબંધ શિક્ષણજગતમાં કામ કરતા અધ્યાપકગણને લાભપ્રદ બનશે. પ્રો.ચૈાહાણે જ્યશેભાઇને શુભેચ્છા પાઠવવી મેળવેલ સંશોધનનું જ્ઞાન સમાજ હિતમાં અને ઉચ્ચ વિદ્યાભ્યાસોત્સુક છાત્રો ને ઉપયોગી બને તે દિશામાં યોગદાન આપવા હિમાયત કરી હતી આ તકે પીએચ.ડીનું પ્રોવિઝનલ અને નોટીફિકેશન તુરંત મળ્યાની ખુશી વ્યક્ત કરતાં જ્યેશભાઇ કાકડીયાએ જણાવ્યુ હતુ કે યુનિ.નાં પીએચ.ડી. વિભાગનાં કો-ઓર્ડીનેટર ડો.ઓમ જોષી, રાહુલ ચૈાહાણ, તરલાબેન ચુડાસમા, સહયોગીઓ, માર્ગદર્શક ડો.બારૈયા સહિત સૈાનો અભાર વ્યક્ત કર્યો હતો. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી (BKNMU), જૂનાગઢના એજ્યુકેશન વિભાગ દ્વારા શિક્ષણ ક્ષેત્રે સંશોધનને વેગ આપતી કામગીરી સામે આવી છે. જશદણ તાલુકાના ભાડલા ગામના વતની, કિસાન પુત્ર અને હાલ જૂનાગઢ તાલુકાના વડાલ ગામે માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા જ્યેશભાઈ અરજણભાઈ કાકડીયાએ પીએચ.ડી.નો અભ્યાસક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે. આખરી વાઈવા વોઈસ સંપન્ન થતાં જ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે જ્યેશભાઈને તત્કાલ પ્રોવિઝનલ પ્રમાણપત્ર અને નોટિફિકેશન એનાયત કરીને તેમના ભાવીને બિરદાવ્યું હતું.ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી પીએચડી એજ્યુકેશન ૨૦૨૬ અંતર્ગત સંશોધક જ્યેશભાઈ કાકડીયાએ 'માધ્યમિક શિક્ષણમાં એડવાન્સ ઓર્ગેનાઈઝર મોડલ અને અર્થપૂર્ણ અધ્યયન' વિષય પર પોતાનો સંશોધિત શોધ નિબંધ રજૂ કર્યો હતો.

લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી કેશવ ક્રેડિટ સોસાયટી બેંક દ્વારા ઉજવવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨. જુનાગઢ ને ભારત સાથે જોડવામાં ઐતિહાસિક ભૂમિકા ભજવનાર લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની 151 મી જન્મ જયંતી નિમિત્તે કેશોદના આંબાવાડી વિસ્તારમાં આવે કેશવ કો-ઓપરેટીવ સોસાયટી લિમિટેડ દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જૂનાગઢના નવાબે જૂનાગઢને પાકિસ્તાનમાં જોડવાની જાહેરાત કરી ત્યારે આરઝી હકુમતના લડવૈયાઓ ની લડત અને સરદાર પટેલના મક્કમ નેતૃત્વના પરિણામે જુનાગઢ ભારત સાથે જ જોડાયેલ રહ્યુ , આ ઐતિહાસિક યોગદાનને યાદ કરી સરકારશ્રીના ફોટાને પુષ્પમાળા તેમજ ફૂલો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી આ પ્રસંગે કેશવ કો ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી કેશોદના મુખ્ય ડિરેક્ટર શંભુ દાદા પાચાણી, સલાહકાર સમિતિના દિનેશભાઈ કાનાબાર, કાંતિભાઈ બુટાણી, સર્કલ મેનેજર બાલધા, શાખા મેનેજર તથા સ્ટાફ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી કેશવ કો-ઓપરેટીવ સોસાયટી દ્વારા દેશના મહાન વ્યક્તિઓના જન્મ જયંતી નિમિત્તે બેંક ખાતે જ કાર્યક્રમ રાખવામાં આવે છે તેઓને જન્મ જયંતી નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરી બેન્ક આખો દિવસ માટે ચાલુ રાખવામાં આવે છે.

કેશોદમાં સ્વદેશી મેળા શોપિંગ ફેસ્ટિવલ 2026 દરમિયાન લોક ડાયરા નું આયોજન કરવામાં આવ્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ તા.૨. કેશોદમાં માંગરોળ રોડ પર આવેલ કે. ડી ગ્રાઉન્ડ ખાતે ગુજરાત સરકારના શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ તથા ગુજરાત અર્બન લાઈવલી હૂડ મિશન ગાંધીનગર અને કેશોદ નગર પાલિકાના સંયુક્ત આયોજન હેઠળ સ્વદેશી મેળા શોપિંગ ફેસ્ટિવલ 2026 નું આયોજન કરવામાં આવેલું છે જે 4નવેમ્બર સુધી ચાલનારા આ શોપિંગ મોલમાં લોક ડાયરાનું આયોજન કરવામાં આવેલું હતું જેમાં ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડ પ્રાપ્ત કરનાર તબલા વાદક હાજી રમકડું અને પ્રવિણદાન ગઢવીની ટીમ દ્વારા લોકસાહિત્ય ભજન દ્વારા લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા આ તકે કેશોદના ધારાસભ્યશ્રી ,નગરપાલિકા પ્રમુખશ્રી તેમજ ભારત વિકાસ પરિષદના સ્નેહલ તન્ના દિનેશ કાનાબાર, ભુપેન્દ્ર જોશી, જગમાલભાઈ નંદાણીયા વગેરે દ્વારા હાજી રમકડું તેમજ પ્રવિણદાનનું પુષ્પગુચ્છ તથા સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી જુનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ, જુનાગઢ દ્વારા

દિવાળીનાં પાવન તહેવાર નિમિતે જરૂરીયાતમંદ કુટુંબોને વિનામુલ્યે અનાજ, મીઠાઈ, ફરસાણ વિતરણ કરાયું.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨. શ્રી જુનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ, જુનાગઢ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે અનાજ વિતરણ કરવામાં આવે છે તેનાં અનુસંધાને આ વખતે નવેમ્બર મહિનામાં તા.૦૧/૧૧/૨૦૨૬ ને રવિવારનાં રોજ આદર્શ પ્રાયમરી સ્કુલ, દુબડી પ્લોટ, ગરબી ચોક,જુનાગઢ ખાતે સંસ્થામાં નોંધાયેલા જરૂરીયાતમંદ ૪૦ (ચાલીસ) કુટુંબોને વિનામુલ્યે તેલ, ખીચડી, ખાંડ, નિમક(મીઠું), ચાની ભુકી, ચટણી, હળદર, ધાણાજીરૂ, ચોખાનાં પૌવા, સફેદ વટાણા, કપડાં ધોવાનો પાવડર, કપડાં ધોવાનો સાબુ, ન્હાવાનો સાબુ, મીક્સ મીઠાઈ, ચવાણું, ફરાળી ચેવડો, મમરાની થેલી, પારલે બિસ્કીટ, વગેરે મળી કુલ ૧૮ (અઢાર) આઈટમ આપવામાં આવેલ હતી. આ અનાજ અને મીઠાઈ તેમજ ફરસાણ વિતરણનાં પ્રસંગે શ્રી પ્રો. પી.બી. ઉનડકટ, શ્રી બટુક બાપુ, શ્રી નાગભાઈ વાળા, ડૉ.રાજેશ ભાખર, શ્રી જાદવભાઈ, હર્ષભાઈ ઠાકર, કુમુદબેન ઠાકર, નિશાબેન ગોંદીયા, રમીલાબેન ઘુચલા, દેવીબેન દવે, ઈન્દુબેન ખાણદર, મિતલબેન રાડા, રોશનીબેન ઘુચલા, વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

અમદાવાદ મંડળનું શાનદાર પ્રદર્શન : ઓક્ટોબર 2026માં ₹830 કરોડની આવક, યાત્રી તેમજ પાર્સલની આવકમાં નોંધપાત્ર વધારો

અમદાવાદ: પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે ઓક્ટોબર 2026માં વાણિજ્યિક તેમજ યાત્રી સેવાઓના ક્ષેત્રમાં શાનદાર પ્રદર્શન કરતાં માલસામાન ભાડા, યાત્રી, પાર્સલ અને ટિકિટ ચકાસણી સહિત વિવિધ બાબતોમાંથી કુલ 830 કરોડની આવક મેળવી છે. મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ, શ્રી વેદ પ્રકાશ એ આ સિદ્ધિ પર મંડળના અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવતાં તેમના સમર્પિત પ્રયાસોની પ્રશંસા કરી છે.

૧. નાણાકીય તેમજ વાણિજ્યિક પ્રદર્શન

માલસામાન ભાડાની આવક: 655 કરોડ, જે પાછલા વર્ષની 612 કરોડની સરખામણીમાં 7% વધુ છે.

યાત્રી આવક: 164.75 કરોડ, જે પાછલા વર્ષની 149.50 કરોડની સરખામણીમાં લગભગ 10% વધુ છે.

પાર્સલ આવક: 7 કરોડ, જે પાછલા વર્ષની 5.17 કરોડની સરખામણીમાં 35% વધુ છે.

ટિકિટ ચકાસણી આવક: 3.25 કરોડ.

2. માલ પરિવહનમાં નવી સિદ્ધિઓ

અમદાવાદ મંડળે નવી કોમોડિટી તેમજ નવા ગંતવ્ય સ્થાનોના પરિવહનમાં મહત્વપૂર્ણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી.

M/s Kutch Copper Limited દ્વારા કોપર સ્લેગની 7 રેક લોડ કરવામાં આવી, જેનાથી 3.56 કરોડની આવક પ્રાપ્ત થઈ.

જીરાની 4 વેગનના આંશિક લોડિંગથી 4.72 લાખની આવક મેળવવામાં આવી.

M/s Synergy Saurashtra Pvt. Ltd. દ્વારા ગાંધીધામથી મેટ કોકની એક રેક લોડ કરવામાં આવી, જેનાથી 71.70 લાખની આવક પ્રાપ્ત થઈ. આ ટ્રાફિક લગભગ 3.5 વર્ષ પછી રેલવેને પરત મળ્યો.

M/s Krishana Phoschem Ltd. દ્વારા મુંદ્રા પોર્ટથી વિવિધ નવા ગંતવ્ય



સ્થાનો માટે આયાત કરેલા ખાતરની 8 રેક લોડ કરવામાં આવી, જેનાથી 4.55 કરોડની આવક પ્રાપ્ત થઈ.

M/s Khaitan Chemicals & Fertilizers Limited દ્વારા આયાત કરેલા ખાતરની 3 રેક લોડ કરીને 1.08 કરોડની આવક મેળવવામાં આવી.

સ્ટીલ પાઈપ, ઔદ્યોગિક મીઠું, વાંસ પલ્પ અને સિમેન્ટના પરિવહનથી પણ મંડળને વધારાની આવક પ્રાપ્ત થઈ.

3. નવા ગ્રાહકોને રેલવે પરિવહન સાથે જોડવાની પહેલ

M/s Birla Corporation Ltd. દ્વારા પેટ કોકની 2 રેક લોડ કરવામાં આવી, જેનાથી 2.16 કરોડની આવક પ્રાપ્ત થઈ.

27 ઓક્ટોબર 2026ના રોજ GRFV ટર્મિનલથી પહેલીવાર M/s Simplot India ના ફ્રોઝન શાકભાજીઓથી ભરેલા 20 રેફ્રિજરેટેડ કન્ટેનરોની રેક લોડ કરવામાં આવી. આમાં 540.49 ટન માલનું પરિવહન કરવામાં આવ્યું, જેનાથી 2.36 લાખની આવક પ્રાપ્ત થઈ. આ રોડ પરિવહનથી રેલવે પરિવહન તરફ માલ સ્થાળાંતરિત કરવાની મહત્વપૂર્ણ પહેલ છે.

4. યાત્રી સેવાઓ તેમજ વિશેષ ટ્રેનોનું સંચાલન

તહેવારોની સિઝનમાં યાત્રીઓની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને ઓક્ટોબર મહિનામાં 46 વિશેષ ટ્રેન ફેરાનું સંચાલન કરવામાં આવ્યું, જેનાથી લગભગ 58 હજાર યાત્રીઓને સુવિધા મળી તથા 5.28 કરોડની યાત્રી આવક મેળવવામાં આવી.

30 ઓક્ટોબર 2026ના રોજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ મારફતે સાબરમતી-વારાણસી સુપરફાસ્ટ એક્સપ્રેસ તથા બેચરાજી-સાબરતી MEMU ટ્રેનની ઉદ્ઘાટન સેવાઓને લીલી ઝંડી બતાવીને રવાના કરી. આ ઉપરાંત, સાબરમતી-કાટોસણ રોડ MEMU ટ્રેનને 28 ઓક્ટોબરથી ચાંદખેડા રોડ સ્ટેશન પર સ્ટોપેજ આપવામાં આવ્યું.

5. ટિકિટ ચકાસણી અભિયાન

વગર ટિકિટ અને અનિયમિત ટિકિટ પર યાત્રા કરનારાઓ વિરુદ્ધ ઓક્ટોબર મહિનામાં સઘન ટિકિટ ચકાસણી અભિયાનો ચલાવવામાં આવ્યા. અમદાવાદ, સાબરમતી, ગાંધીધામ, મહેસાણા, ભુજ, પાલનપુર અને વિરમગામ સહિત વિવિધ સ્ટેશનો પર ફોટ્રેસ, એમ્બુશ અને વિશેષ ફોટ્રેસ ચેક યોજવામાં આવ્યા.

મણીયારીના મુખ્ય શિક્ષક વય મર્યાદાના કારણે નિવૃત થતાં વિદાય સમારંભ યોજાયો



નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના મણીયારી ગામે વયમર્યાદાના કારણે નિવૃત્ત થતાં મુખ્ય શિક્ષક બાજાજી ઠાકોર વયમર્યાદાના કારણે નિવૃત થતાં શાળા પરીવાર દ્વારા વિદાય સમારંભ યોજાયો હતો સમારંભમાં ઉપસ્થિત ધારાસભ્ય દિનેશજી આતાજીએ વિદાય લઈ રહેલ મુખ્ય શિક્ષક બાજાજી ઠાકોરનું શેષ જીવન નિરોગી તંદુરસ્ત રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી આ પ્રસંગે ધારાસભ્ય દિનેશજી ઠાકોર જીલ્લા સદસ્યા રામીબેન અભુજી.ઠાકોર તા. કે ની સરોજબેન પટેલ પૂર્વ સરપંચ અને કોંગ્રેશ ના અગ્રણી કાંત્ની જી ઠાકોર સહિત શાળા પરીવાર ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

સાવરકુંડલામાં ભક્તિનો મહાસાગર છલકાશે, સ્વામિનારાયણ મંદિરનો ૨૫મો રજત જયંતિ મહોત્સવ ભવ્યતાથી ઉજવાશે

રિપોર્ટર નિકુંજ મહેતા સાવરકુંડલા

સાવરકુંડલા : સાવરકુંડલા શહેરના ભુવા રોડ સ્થિત સ્વામિનારાયણ મંદિરના ૨૫મા રજત જયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. આ મહોત્સવના આયોજન અંગે આજરોજ સાવરકુંડલા સ્વામિનારાયણ મંદિર ખાતે વિશેષ પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.

પત્રકાર પરિષદમાં મંદિરના નિર્લેપસ્વરૂપદાસજી સ્વામીએ મહોત્સવની વિસ્તૃત માહિતી આપતાં જણાવ્યું હતું કે, મંદિરની ૨૫ વર્ષની પાવન યાત્રાના સ્મરણાર્થે આ ભવ્ય રજત જયંતિ મહોત્સવનું આયોજન



કરવામાં આવ્યું છે. આગામી તા. ૧૪ નવેમ્બર, ૨૦૨૬થી મહોત્સવનો પ્રારંભ થશે, જે તા. ૨૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ પૂર્ણાહુતિ પામશે.

સાત દિવસ સુધી ચાલનારા આ ધાર્મિક મહોત્સવમાં ભક્તિભાવ અને આધ્યાત્મિકતાનો અનોખો સંગમ જોવા મળશે. ૨૫ વર્ષની આ પાવન યાત્રાના ઐતિહાસિક અવસરે યોજાનારા મહોત્સવને લઈને ભક્તજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આ પાવન અવસરે સાવરકુંડલા સ્વામિનારાયણ મંદિર પરિવાર દ્વારા સમસ્ત ભક્તજનો તેમજ નગરજનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મહોત્સવમાં સહભાગી બનવા અને ધર્મલાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મ જયંતિ નિમિત્તે 'રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨ અખંડ ભારતના અજોડ શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મ જયંતિ નિમિત્તે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી અંતર્ગત સરદાર સ્મૃતિ કેન્દ્ર ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુલપતિશ્રી ડો.વી.પી. ચોવટીયા , સંશોધન નિયામકશ્રી ડો.એ.જી.પાનસુરીયા , વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડો.એન. બી. જાદવ, તેમજ અલગ-અલગ વિદ્યાશાખાના ડીનશ્રીઓ અને અધિકારી શ્રીઓ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ અવસરે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ઉપસ્થિત તમામ અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓ દ્વારા દેશની અખંડિતતા અને એકતા જાળવી રાખવાના સંકલ્પ સાથે “રાષ્ટ્રીય એકતા દિવસ” ના શપથ લેવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સરદાર સ્મૃતિ કેન્દ્રના મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી (મા) ડો.કે. એસ.રીબડીયા તથા સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી. અખંડ ભારતના અજોડ શિલ્પી અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મ જયંતિ તથા 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી (JAU) ખાતે એક પ્રેરણાદાયી અને વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી અંતર્ગત આવેલા 'સરદાર સ્મૃતિ કેન્દ્ર' ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના ઉચ્ચ પદાધિકારીઓ, પ્રાદેશિક અધિકારીઓ અને કર્મચારીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સરદાર સાહેબને સ્મરણ કર્યા હતા.

સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા જૂનાગઢ ખાતે પ્લેસમેન્ટ ડ્રાઈવ યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા. ૨ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જૂનાગઢના આચાર્યશ્રી ભગીરથસિંહ જાળીયા અને આચાર્ય વર્ગ-૨ શ્રી પ્રિયેશ વાળાના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ ટીમ, જૂનાગઢ દ્વારા સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જૂનાગઢ ખાતે તાલીમાર્થીઓને રોજગારીની ઉત્તમ તકો પૂરી પાડવાના હેતુથી પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્લેસમેન્ટ ડ્રાઈવ અંતર્ગત નેસ્લે (Nestl), સાણંદ પ્લાન્ટ ખાતે રોજગારી મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં કુલ ૪૧ ઉમેદવારોએ ભાગ લીધો હતો, જેમાંથી ૨૩ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી.આ પ્રકારની પ્લેસમેન્ટ ડ્રાઈવ દ્વારા આઈ.ટી.આઈ.ના તાલીમાર્થીઓને ઔદ્યોગિક ક્ષેત્રમાં રોજગારીની તકો પ્રાપ્ત થાય છે.

સાવરકુંડલાના પીઠવડી ગ્રામ પંચાયતમાં RTI બાબતે વિવાદ: માહિતી માંગવા મુદ્દે સરપંચ અને અરજદાર વચ્ચે ઉગ્ર બોલાચાલી અને મારામારીથી ચકચાર......

રિપોર્ટર નિકુંજ મહેતા સાવરકુંડલા

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગ્રામ પંચાયત કચેરી ખાતે લોકશાહીના માળખાને શર્મસાર કરતી એક અત્યંત અશોભનીય ઘટના પ્રકાશમાં આવી છે. RTI (માહિતી અધિકાર) હેઠળ વહીવટી વિગતો માંગવા બાબતે શરૂ થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં સરપંચ અને અરજદાર વચ્ચે મારામારી થઈ હોવાનું સામે આવ્યું છે, જેના કારણે સ્થાનિક રાજકારણ અને પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

ઘટનાક્રમ અને વિગતો:

પ્રાપ્ત અહેવાલો અનુસાર, પીઠવડી ગ્રામ પંચાયતમાં અરજદાર નીતિનભાઈ નડિયાદરા દ્વારા કાયદેસરની પ્રક્રિયા અંતર્ગત RTI હેઠળ વિવિધ વિકાસકીય કાર્યોની માહિતી માંગવામાં આવી હતી. આ અરજી બાબતે પંચાયત કચેરી ખાતે જ ગામના સરપંચ





ભૌતિકભાઈ સુહાગિયા અને અરજદાર વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી, જે જોતજોતામાં ઉગ્ર ઝઘડામાં પરિણમી હતી અને મામલો હાથોહાથ મારામારી સુધી પહોંચ્યો હતો......

સામે આવેલા આક્ષેપો:

અરજદારનો પક્ષ: અરજદાર નીતિનભાઈ નડિયાદરા દ્વારા આક્ષેપ કરાયો છે કે સરપંચ દ્વારા તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડવાની સાથે શરીર પર બટકા ભરી લેવામાં આવ્યા હતા.....

સરપંચનો પક્ષ: બીજી બાજુ, સરપંચ ભૌતિકભાઈ સુહાગિયા દ્વારા પણ સામા પક્ષે આક્ષેપ કરવામાં આવ્યો છે કે અરજદાર દ્વારા તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો અને હાથના ભાગે બટકા ભરીને ઈજા પહોંચાડવામાં આવી છે.

આ અણબનાવ બાદ બંને ઈજાગ્રસ્ત પક્ષો તાત્કાલિક સારવાર અર્થે સાવરકુંડલા સરકારી સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા, જ્યાં તેમની પ્રાથમિક સારવાર હાથ ધરવામાં આવી હતી. જાહેર સ્થળે અને જવાબદાર હોદ્દા પર બેઠેલા વ્યક્તિ સંડોવાયેલા હોય તેવી આ ઘટનાને લઈને સ્થાનિક સ્તરે અનેક પ્રકારની ચર્ચાઓ વહેતી થઈ છે. હાલ આ બનાવ અંગે પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે, ત્યારે પોલીસે બંને પક્ષોની રજૂઆતો સાંભળીને કાયદેસરની આગળની તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

૧. જવાબદારીનો પ્રશ્ન: ગામના વિકાસ અને વહીવટની ધુરા સંભાળતા પ્રથમ નાગરિક (સરપંચ) જો કચેરીની અંદર જ આવી રીતે કાયદો હાથમાં લઈને મારામારી પર ઉતરી આવે, તો સામાન્ય પ્રજાની સુરક્ષા અને ન્યાયની અપેક્ષા કોની પાસે રાખવી.....

૨. RTI ની પારદર્શિતા પર સવાલ: માહિતી અધિકાર (RTI) કાયદો એ લોકશાહીમાં પારદર્શિતા લાવવા માટેનું શસ્ત્ર છે, તો શું કોઈ ચોક્કસ માહિતી બહાર આવવાના ડરથી આ પ્રકારે વિવાદ ઊભો કરવામાં આવ્યો......

૩. પદની ગરિમા: ગ્રામ પંચાયત જેવું પવિત્ર સાર્વજનિક સ્થળ અડ્ડાબાજી અને મારામારીનું અખાડું બની જવું એ વહીવટી તંત્રની નિષ્ક્રિયતા દર્શાવે છે કે કેમ? આવા અસંયમિત વલણ દાખવતા પ્રતિનિધિઓ સામે ઉચ્ચ કક્ષાએથી શું પગલાં લેવાશે.....

૪. કાયદો અને વ્યવસ્થા: સત્તાના અહંકારમાં કે આવેશમાં આવીને એકબીજા પર હુમલા કરવા અને બટકા ભરી લેવા જેવી અશોભનીય હરકતો કરનાર સામે પોલીસ દ્વારા માત્ર સામાન્ય કાર્યવાહી થશે કે કોઈ દાખલારૂપ કડક કાયદેસરનું પગલું લેવાશે.......

અપસ્ટોક્સે અમદાવાદમાં 'બિયોન્ડ માર્કેટ અવર્સ'નું આયોજન કર્યું, વધુ સ્માર્ટ અને શિસ્તબદ્ધ ટ્રેડિંગ અંગે 300થી વધુ ટ્રેડર્સ સાથે સંવાદ કર્યો



અમદાવાદ : ભારતના અગ્રણી રોકાણ અને ટ્રેડિંગ પ્લેટફોર્મ્સમાંના એક અપસ્ટોક્સ દ્વારા તેની ટ્રેડર્સ પર કેન્દ્રિત પહેલ 'બિયોન્ડ માર્કેટ અવર્સ'નું અમદાવાદમાં આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રેડિંગ વર્તન, શિસ્ત અને સમજીવિચારીને નિર્ણય લેવા જેવા વિષયો પર કેન્દ્રિત આ સંવાદપૂર્ણ સેશનમાં 300થી વધુ ટ્રેડર્સે ભાગ લીધો હતો. આ સત્રમાં ગુજરાતી ટ્રેડર તરીકે જાણીતા જીગા ભાઈએ પણ ભાગ લીધો હતો અને શહેરના ટ્રેડિંગ સમુદાય સાથે પોતાના વિચારો તથા વ્યવહારુ અનુભવો શેર કર્યા હતા.રિટેલ રોકાણકારોની વધતી ભાગીદારીની દ્રષ્ટિએ અમદાવાદ એક મહત્વનું અને ઝડપથી વિકસતું બજાર છે. વર્ષ 2025 દરમિયાન શહેરમાં લગભગ 1.9 લાખ નવા રોકાણકારોએ રજિસ્ટ્રેશન કરાવ્યા હતા. જ્યારે ગુજરાતમાં નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ)ના આશરે 2.2 કરોડ ટ્રેડિંગ એકાઉન્ટ્સ હતાં, જે એક્સચેન્જના કુલ એકાઉન્ટ્સના 8.7 ટકા જેટલાં હતાં. આ મામલે મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ પછી ગુજરાતનો ક્રમ આવે છે.ગુજરાતના ટ્રેડર્સની નોંધપાત્ર ભાગીદારી અપસ્ટોક્સના પ્લેટફોર્મ પર પણ જોવા મળે છે. છેલ્લા એક વર્ષ દરમિયાન અપસ્ટોક્સ પર દર મહિને સક્રિય રહેતા ટ્રેડર્સમાં ગુજરાતના ટ્રેડર્સનો હિસ્સો 10 ટકાથી વધુ રહ્યો હતો. આ ઉપરાંત, પ્લેટફોર્મ પર મૂકવામાં આવેલા કુલ ઓર્ડર્સમાંથી લગભગ 10 ટકા ઓર્ડર્સ ગુજરાતના ટ્રેડર્સે મૂક્યા હતા. નવા રોકાણકારો પણ સતત જોડાઈ રહ્યા છે. સપ્ટેમ્બર 2026માં અપસ્ટોક્સ પર ખોલવામાં આવેલા નવા એકાઉન્ટ્સમાં ગુજરાતનો હિસ્સો 5 ટકાથી વધુ રહ્યો હતો.ટ્રેડર્સની વધતી ભાગીદારીને ધ્યાનમાં રાખીને અપસ્ટોક્સે અમદાવાદમાં યોજાયેલા 'બિયોન્ડ માર્કેટ અવર્સ' સેશન દ્વારા બજારમાં વધુ અસરકારક રીતે કામ કરવામાં મદદરૂપ થાય તેવા વિવિધ મુદ્દાઓ પર ટ્રેડર્સ સાથે સીધો સંવાદ કર્યો હતો. તેમાં બજારની ગતિવિધિઓને સમજવા અને રિસ્ક મેનેજ કરવાથી લઈને ટ્રેડિંગમાં વધુ શિસ્ત કેળવવા તથા વધુ માહિતીના આધારે નિર્ણયો લેવા જેવા મુદ્દાઓનો સમાવેશ થતો હતો. આ સત્રમાં ભાગ લેનારા પ્રભાવશાળી વ્યક્તિઓ અને અપસ્ટોક્સની ટીમ સાથેની ચર્ચાઓ દ્વારા શહેરના ટ્રેડિંગ સમુદાયને વ્યવહારુ જાણકારી મળે અને શીખવા પર ભાર મૂકતો સંવાદ થાય તેવો હેતુ રાખવામાં આવ્યો હતો.આ સેશન દરમિયાન અપસ્ટોક્સે ટ્રેડર્સ માટેની પોતાની નવી સુવિધાઓ 'ટ્રેડિંગ ઈનસાઈટ્સ' અને 'ટ્રેડિંગ નજેસ' વિશે પણ માહિતી આપી હતી. 'ટ્રેડિંગ ઈનસાઈટ્સ' દ્વારા યુઝર્સ પોતાના ટ્રેડિંગના દેખાવ અને વર્તન વિશે વિગતવાર માહિતી મેળવી શકે છે. તેનાથી તેમને પોતાની ટ્રેડિંગ પ્રવૃત્તિઓમાં જોવા મળતી પેટર્ન એટલે કે ચોક્કસ વલણો ઓળખવામાં મદદ મળે છે. બીજી તરફ, 'ટ્રેડિંગ નજેસ' આ માહિતીના આધારે કામ કરે છે. તે દરેક ટ્રેડરના વર્તન અનુસાર યોગ્ય સમયે સૂચનો આપે છે, જેથી ટ્રેડિંગ કરતી વખતે તેઓ વધુ જાગૃત રહે અને શિસ્ત જાળવી શકે.અમદાવાદમાં યોજાયેલા સેશન અંગે અપસ્ટોક્સના ડિરેક્ટર અમિત લલને જણાવ્યું હતું કે, “અમદાવાદમાં બજારમાં ભાગ લેતા લોકોનો સમુદાય મજબૂત છે અને સતત વધી રહ્યો છે. વધુને વધુ લોકો સક્રિય રીતે બજારમાં જોડાઈ રહ્યા છે ત્યારે તેઓ શું ટ્રેડ કરે છે એટલું જ નહીં, પરંતુ કેવી રીતે ટ્રેડ કરે છે તે સમજવામાં પણ તેમને મદદ કરવી એટલી જ મહત્વપૂર્ણ છે. 'ટ્રેડિંગ ઈનસાઈટ્સ' અને 'ટ્રેડિંગ નજેસ' દ્વારા અમે ટ્રેડર્સને પોતાના વર્તનનું મૂલ્યાંકન કરવા, તેમાં જોવા મળતાં વલણો ઓળખવા અને વધુ જાગૃતિ તથા શિસ્ત સાથે નિર્ણયો લેવા સક્ષમ બનાવી રહ્યા છીએ.”અપસ્ટોક્સની 'ટ્રેડર યાત્રા' હેઠળ મુંબઈ, સુરત અને રાજકોટમાં અગાઉ યોજાયેલા કાર્યક્રમો બાદ અમદાવાદ આ પહેલનો નવો પડાવ બન્યું છે. આ પહેલ દ્વારા અપસ્ટોક્સનો હેતુ સમગ્ર ભારતમાં 1 લાખ ટ્રેડર્સ સાથે સંવાદ કરવાનો છે.

જૂનાગઢ જિલ્લામાં દિવાળી અને અન્ય તહેવારો દરમિયાન ફટાકડાના વેચાણ અને ઉપયોગ અંગે જાહેરનામું પ્રસિદ્ધ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા ૦૨, દિવાળી સહિતના તહેવારો નિમિત્તે સુપ્રીમ કોર્ટ દ્વારા થયેલ આદેશમાં પ્રતિબંધિત ફટાકડાના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ સંદર્ભમાં આપવામાં આવેલ સુચનાઓની અમલવારી કરવા હુકમ કરવામાં આવેલ દિવાળીના તહેવાર તથા અન્ય તહેવારો નિમિતે ફટાકડાના ઉત્પાદન, વેચાણ અને ફટાકડા ફોડવા બાબતે અને ફટાકડા ફોડવાના કારણે આગ, અકસ્માતના કે અન્ય કોઈ દુર્ઘટના ન બને તેમજ જાહેર જનતાની સલામતી માટે જૂનાગઢ જિલ્લામાં ખરીદ, વેચાણ અને ફટાકડા ફોડવા અંગે દિશા નિર્દેશો આપવામાં આવેલ છે. લોકોની જાહેર સલામતીના હેતુસર જૂનાગઢ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટને BNSS,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ ફટાકડાના વેચાણ, સંગ્રહ અને ઉપયોગ અંગે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જૂનાગઢ જિલ્લામાં દિવાળી તથા અન્ય તહેવારો દરમ્યાન ફટાકડા ફોડવામાં આવે છે તેમાં ફટાકડા રાત્રે ૦૮:૦૦ કલાક થી ૧૦:૦૦ કલાક સુધી જ ફોડી શકાશે તેમજ નૂતન વર્ષના તહેવાર દરમિયાન ફટાકડા રાત્રે ૨૩:૫૫ કલાકથી ૦૦:૩૦ કલાક સુધી જ ફોડી શકાશે. ન્યાયાલયો, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, એરપોર્ટ, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલન્ટ ઝોન તરીકે ગણવામાં આવે છે અને ત્યાં કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી. ભારે ઘોંઘાટવાળા ફટાકડા સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનું પ્રદુષણ અને ઘન કચરો ઉત્પન્ન કરતાં બાંધેલા ફટાકડા (Joint firecrackers, Series crackers or Laris) પર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે. કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહી, રાખી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહી.તમામ પ્રકારની ઈ-કોમર્સ વેબસાઈટને ઓનલાઈન તમામ પ્રકારના ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ રહેશે. બેરીયમનો ઉપયોગ કરી ફટાકડા બનાવી શકાશે નહી કે ફોડી શકાશે નહી. લોકોને અગવડ ઉભી ન થાય, કોઈપણ જાતની ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે જૂનાગઢ જિલ્લાનાં બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલપંપ, એલ. પી.જી. બોટલીંગ પ્લાન્ટ, એલ. પી.જી. ગેસ સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઈ મથકની નજીક ફટાકડા કે દારૂખાનું ફોડી શકાશે નહી.

જૂનાગઢ જિલ્લામાં દરિયા તટે માચ્છીમારી કરતા માચ્છીમાર ભાઈઓએ સલામતી અને સુરક્ષા માટે તેમની વિગતો રજૂ કરવાની રહેશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૦૨, જૂનાગઢ જિલ્લાના ચોરવાડ, માંગરોળ મરીન, શીલ ખાતેથી વહાણ/બોટો દરિયામાં માચ્છીમારી માટે જાય છે. અને મોટાભાગની વસ્તી માચ્છીમારી ના ધંધા સાથે સંકળાયેલ છે. ત્યારે અગાઉના બનાવોને ધ્યાને રાખી રાષ્ટ્રીય સલામતીને સ્પર્શથી બાબતોને વિચારીને વહાણ ગુમ થવા સંબધે વહાણના માલિક દ્વારા કોઈ સરકારી એજન્સી અધિકારી સમક્ષ વહાણ ગુમ થયાની જાહેરાત ન થાય તે બાબતે સખત વાંધાજનક બાબતો ધ્યાને આવી છે. જે સમયગાળા દરમિયાન વહાણ ગુમ રહ્યું હોય તે સમયે ગાળા દરમિયાન વહાણ કે વહાણના ક્રૂ મેમ્બરોનો રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિમાં ઉપયોગ થયો હોય તે બાબત નકારી શકાય નહીં. આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર જૂનાગઢ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલિકે ત્યારે પોતાનું વહાણ/બોટ વાતાવરણીય કારણોસર/ચાંચીયાઓ દ્વારા અપહરણ થવાના સમાચાર કે અન્ય કોઈ પણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે બોટ/વહાણ સાથેનો તેનો માલિક નો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ થયો ન હોય તો તે બાબતોને જાણ સંબંધિત સરકારની તમામ સરકારી એજન્સીને ફરજિયાત કરવી તે બાબતનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી દરખાસ્ત કરેલ હોય તે મુજબ બોટ/વહાણ દરિયામાં જાય ત્યારે સલામતી અને સુરક્ષા માટે તકેદારીના પગલાં લેવા આવશ્યક જણાતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી બી.એસ.બારડ તેમને મળેલી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ (BNSS) ની કલમ ૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ જૂનાગઢ જિલ્લાના વહાણ/બોટ માલિકોએ જ્યારે પોતાનું વહાણ/બોટ માચ્છીમારી માટે દરિયામાં જાય ત્યારે વાતાવરણીય કારણસર કે અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈ કારણસર વહાણ બોટનો ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો સંપર્ક નિશ્ચિત સમય માટે ન થતો હોય તો આઠ મુદ્દાના પત્રક સાથેની વિગતો બોટ માલિકોએ સરકારી એજન્સીને જાણ કરવાની રહેશે. જેમાં વહાણ બોટનું નામ, નંબર, વહાણ બોટ માલીકનું નામ સરનામુ અને નંબર, વહાણ બોટમાં રહેલ ટંડેલ ખલાસીના નામ સરનામાની વિગત, રવાના થયા તારીખ, પરત આવવાની સંભવીત તારીખ, અન્ય જરુરી વિગતો સામેલ છે. આ જાહેરનામું ૦૪/૧૧/૨૦૨૬ થી ૦૨/૦૧/૨૦૨૭ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર BNSS,૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જૂનાગઢમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી શિશપાલજીના અધ્યક્ષસ્થાને યોગ ટ્રેનરોનો પ્રેરણાદાયી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૨. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી યોગસેવક શિશપાલજી ના અધ્યક્ષસ્થાને હોકારો, ઝાંઝરડા રોડ સ્થિત ધારાસભ્યશ્રીની કચેરી ખાતે જૂનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં કાર્યરત ૧૦૫ યોગ ટ્રેનરોનો પ્રેરણાદાયી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે યોગસેવક શિશપાલજીએ 'વ્યક્તિ નિર્માણથી સમસ્ત સમાજનું નિર્માણ'નો પ્રેરણાદાયી સંદેશ આપતાં જણાવ્યું હતું કે યોગનો હેતુ માત્ર શારીરિક સ્વાસ્થ્ય પૂરતો સીમિત નથી, પરંતુ માનવીમાં જવાબદારી, કરુણા, સંવેદના અને સદગુણોનું નિર્માણ કરવાનો છે. માણસમાંથી દેવત્વ, દેવત્વમાંથી મહામાનવ અને મહામાનવ માંથી યોગેશ્વર બનવાની આંતરિક યાત્રા જ સાચા યોગની સાધના છે. સમાજને નશામુક્ત, સંસ્કારી અને જવાબદાર બનાવવા યોગ ટ્રેનરોની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે.તેમણે ટ્રેનરોને પોતાની જાતમાં રોકાણ (Self Investment), સતત તાલીમ અને આત્મવિકાસનું મહત્ત્વ સમજાવ્યું હતું. સામેવાળી વ્યક્તિનું સન્માન કરવું, તેની પ્રશંસા કરવી, નાની-મોટી બાબતોનું મનમાં ખોટું ન લગાડવું અને પોતાના વ્યક્તિત્વનું મૂલ્ય વધારવું જેવા જીવનઉપયોગી મંત્રો આપ્યા હતા.

ભારત સાથે આઝાદ થયેલ અનેક દેશો પ્રગતિશીલ અને વિકાસશીલ છે

આઓ બચ્ચો તુમ્હે બતાઉ ઝાંખી હિન્દુસ્તાન કી,

ઈસ મિટ્ટી કો તિલક કરો યે ધરતી હિન્દુસ્તાન કી,

વંદેમાતરમ.. વંદેમાતરમ..

આ દેશભક્તિ ના ગીત થી આપણે બધા પરિચિત છીએ.દર વર્ષે ૨૬મી જાન્યુઆરી અને ૧૫ મી ઓગસ્ટ એ લાઉડસ્પીકર માં વાગ્યા કરતું હોય છે.ગીત ના શબ્દો એટલા બધા દેશ ભક્ત છે ને કે જ્યારે એ લાઉડસ્પીકર પર વાગતું હોય છે ને ત્યારે દેશ ભક્તિ તનમન માં વહેવા લાગતી હોય છે. જેમણે પણ આ દેશ ભક્તિ ગીત લખ્યું છે ને એ ખરેખર જાણતા નહતા કે આઝાદ ભારત નો ઈતિહાસ રાજનીતિ વધારે બની જશે ને પક્ષ વિપક્ષ સત્તા માટે ખુદ ના ઈમાન ધર્મ ને વેંચતા પણ વિચારશે નહી.આજે વિશ્વ ના ભારત સાથે આઝાદ થયેલ અનેક દેશો પ્રગતિશીલ અને વિકાસશીલ છે પણ આઝાદી બાદ આટલા વર્ષે પણ ભારત દેશ નો અને જનતા નો ખાસ વિકાસ થયો નથી.આ બધા પાછળ નું કારણ વિદ્વાનો ના મતે આઝાદી ના મૂળ જ અંગત રાજનીતિ ના રોપાયા છે એટલે તો નેતાઓ સ્વાર્થી અને ભ્રષ્ટાચારી છે ને મધ્યમ વર્ગીય અને ગરીબ સમાજ ની સંખ્યા માં ઘટાડો થવાના બદલે વધારો થયો છે.બેત્રણ દિવસ પહેલા ભાવનગર જવાનું થયું ત્યારે કંગાળ રોડ રસ્તા આસપાસ ઝૂલતી બિલ્ડિંગો જોતા થયું કે “યે કૌન ચિત્રકાર હૈ.. યે કૌન ચિત્રકાર હૈ..” રસ્તાઓ એ ધીમી ચીસ પાડતા કીધું કે ભ્રષ્ટાચાર વધ્યો ને જીવ ના જોખમે માણસ વસ્યો એમાં. મને યાદ છે ૨૦૦૧ ના ધરતીકંપ પહેલા આખા ભાવનગર પંથક માં ૧૦૦ જેટલા ધરતી કંપ ના આંચકા અનુભવ્યા હતા.એ સમયે ભાવનગર માં ગણી ગાંઠી માંડ માંડ હાઈ રાઈઝ બિલ્ડિંગો હતી એટલે ૨૦૦૧ ના ધરતી કંપ પહેલા અને પછી ખાસ નુકશાન અને જાન હાની નોંધાઈ નહતી. આ સમય ગાળા દરમિયાન ન્યૂઝ પેપર માં ભાવનગર ની ભૂમિ નીચે બધેય દરિયો છે એવું અનુમાન ભૂસ્તર વિભાગે આપ્યું એવુ આવ્યા કરતું હતું.જો ભાવનગર ની ભૂમિ નીચે દરિયા વાળી વાત માં ઝીરો પોઈન્ટ પણ સત્ય હશે તો વિચારો કે અચાનક ૨૦૦૧ જેવો મોટો ધરતી કંપ આવ્યો તો ભાવનગર ના લોકોની દશા શું થશે? આ વાત પરથી સમજો કે પ્રજા ના લોક સેવક નિમિતે ચૂંટાયા બાદ નેતાઓ એની ફરજ તુરંત ભૂલી ને તિજોરી ભરવામાં વ્યસ્ત થઈ જતા હોય છે.

અલી બાબા ઔર ચાલીસ ચોર ની વાર્તા ભલે કાલ્પનિક હશે પણ સાંપ્રત સમય માં આ વાર્તા “રાજનીતિ ના ધુરંધરો” ને માટે બંધ બેસે છે. હું પણ ખાવ તું પણ ખા ને અધિકારી ઓનું તો શું રોટલા નો ટૂંકડો ફેંકીશું તો લાળ પડતા પડતા પકડી ને કોર્નર માં બેસી જશે.આ સ્થિતિ માં જનતા ના ભાગ માં “ખૂલ જા સિમ સિમ”મંત્ર તો આવે છે પણ સો વાર બોલવા છતાંય ગુફા ના દરવાજા ખુલતા નથી. ઘણીવાર તો મોંઘવારી નો બોજ પડતા લાગે છે કે કદાચ અનાજ અને દૂધ શાકભાજી વગેરે જીવન જરૂરિયાત ની ચીજ વસ્તુઓ વિદેશ થી આયાત કરવી પડતી હશે. ધુરંધર ફિલ્મ ના બે ભાગ જોયા બાદ ભારતીય જાસૂસી તંત્ર પર



ચૂંટણી લક્ષી રાજનીતિ

- રુપાલી દવે

માનસન્માન વધ્યું પણ આવા વીરો ની શહાદત ને નજર અંદાજ કરવામાં આવે એ દુઃખ ની વાત છે. મને તો ઘણીવાર એ જ નથી સમજાતું કે લોક સેવક નિમિતે ચૂંટાયા બાદ અધધ સિક્યુરિટી અને વાહનો ના કાફલાની નેતાઓ ને શું જરૂર પડતી હશે? સાચું કહું અસંખ્ય પ્રશ્નો એવા જટિલ છે ને કે જ્યારે ખુલ જા સિમ સિમ મંત્ર એ ગુફા ઈમાનદાર બની ને સંભળાશે ત્યારે કદાચ વાચા આપશે.

કોંગ્રેસ ની દિલ્હી ચાલો રેલી ને તમે મજાક મજાક માં શેર સપાટા ની રેલી કહો કે પછી વિના વિચાર્યે અધધ યુ.એસ ડોલર નો એક જ દિવસ માં સફાયો. આ પહેલા પટના બિહાર રેલી માં કોંગ્રેસ્ અધ્યક્ષ મલ્લિકા અર્જુન ખડગે ના ચાલુ ભાષણ માં કોંગ્રેસ કાર્યકર સંતોષ કુમારે એ “મોદી ક્યાંય નહી જાય” નું નિવેદન આપ્યું ત્યારે એની આજુ બાજુ ઊભેલ કોંગ્રેસી કાર્યકરો એ એની પિટાઈ કરી દીધી હતી. મલ્લિકા અર્જૂન ખડગે ના “મોદી કા બાપ ભી જાયેંગા”નું નિવેદન બાદ કોંગ્રેસ નું ધ્યેય બીજેપી ને નહી મોદી ને હરાવવા નું જાહેર થઈ ગયું. કોંગ્રેસ એ પ્લાન બી અપનાવી ને દિલ્હી ના રામલીલા મેદાન માં ૧ નવેમ્બર ના દિવસે કોંગ્રેસ કાર્યાલય થી “ચાલો દિલ્હી” ની રેલી કાઢી ત્યારે દિલ્હી ના વેપારી ઓનાં વિરોધ ને ધ્યાન માં ન લીધો.તમને લાગશે કે ચાલો દિલ્હી ની રેલી મજાક બની એવું કેમ લાગે છે? જ્યારે વિપક્ષ નો કપ્તાન કમજોર,નબળો અને દિશા શૂન્ય હોય ત્યારે જ સત્તાપક્ષ ને સહેજ પણ હલાવવો અશક્ય બની જાય છે.આમ તો કોંગ્રેસ ની ચાલો દિલ્હી રેલી નો મુખ્ય ધ્યેય લોકશાહી બચાવો, બેરોજગારી,શિક્ષણ,ચૂંટણી પંચ ની કામગીરી પર અવિશ્વાસ વગેરે વગેરે મુદ્દાઓ હતા. વાસ્તવિકતા એ છે કે આ બધા મુદ્દાઓ એ પ્રજા લક્ષી છે પરંતુ રામલીલા મેદાન ના મંચ પરથી મોટાભાગ ના નેતાઓ એના ભાષણ માં મૂળ મુદ્દા પર ઓછું અને મોદી હટાવવો પર વધારે બોલ્યા હતા.કોંગ્રેસ પક્ષ એ રેલી પહેલા થી જ વિવાદસ્પદ “૪૦ લાખ ની ભીડ એકઠી થશે” નું નિવેદન આપ્યું હતું. મીડિયા સહિત આમ જનતા ને પણ લાગતું હતું કે પક્ષ વિપક્ષ ના ઘણા નેતાઓ મંચ પર છે એટલે ૪૦ લાખ નો આંકડો સાચો પણ પડે. રામલીલા મેદાન માં ચાલો દિલ્હી રેલી માં ભીડ તો એકઠી થઈ પણ સુરસુરિયું થઈ ગયું. આ ઉપરાંત પણ કોંગ્રેસ સાથે ના અન્ય પક્ષ નું કહેવું છે કે ભીડ નો આંકડો લાખ માં હતો જ્યારે મીડિયા ના મંતવ્ય અનુસાર અંદાજીત હજાર ના આંકડા માં ભીડ હશે.આ કારણોસર ચાલો દિલ્હી રેલી પૂરી થઈ ગયા બાદ રાજનીતિ ના અખાડા માં “ભીડ” નો મુદ્દો વજનદાર થતા પક્ષ વિપક્ષ ની જંગ ચાલી રહી છે.જનતા ના મૂળ મુદ્દા નેતાઓ માટે રાજનીતિ ચમકાવવા ના શસ્ત્ર માત્ર હતા એટલે સવાર પડતા જ એ પણ તિજોરી ભેગા થઈ ગયા. રામલીલા મેદાન માં એકઠી થયેલ ભીડ પણ મોજ મજા માણી ને પોતપોતાના ગંતવ્ય તરફ રવાના થઈ ગઈ. મીડિયા માટે શું? મીડિયા ને લાગતું હતું કે ચાલો દિલ્હી રેલી થી મસાલા મળશે તો નવરા બકોર વ્યૂઅર્સ ને જુદી જુદી રીતે પંદર વીસ દિવસ પીરસ્યા કરીશું.પણ..પણ લાખ કે હજાર ના આંકડા માં સત્તા પક્ષ અને વિપક્ષ ની લડાઈ માં મૂળ મુદ્દા હવામાં ઓગળી જતાં મીડિયા પાસે માત્ર ને માત્ર એકજ “ભીડ” ને મુદ્દો બની જતા રાત દિવસ બપોર ચર્ચાઈ રહ્યો છે. સાચું કહું મારું તો માનવું છે કે ભારત ની આઝાદી બાદ થી શરૂ થયેલ ચૂંટણી લક્ષી રાજનીતિ ને લીધે આઝાદી ના ૭૯ વર્ષે પણ પ્રજા ના ભાગે માંડ માંડ રોટી,કપડા ઔર મકાન આવે છે.

“થોડા હૈ થોડે કી જરૂરત હૈ,
ઝિંદગી ફિર ભી ખૂબ સુરત હૈ..

શાહરુખના બર્થડે પર ફેન્સને રિટર્ન ગિફ્ટ

'કિંગ'નું પહેલું ગીત રિલીઝ; તાજમાં આખી રાત પાર્ટી કર્યા બાદ ચાહકોને આપી ફ્લાઇંગ કિસ, મન્નત બહાર લખ્યો ખાસ મેસેજ



(એજન્સી) મુંબઈ | તા.02

બોલિવૂડના 'બાદશાહ' શાહરુખ ખાનનો આજે 61મો જન્મદિવસ છે. તેના ચાહકો માટે આજનો દિવસ કોઈ તહેવારથી ઓછો હોતો નથી. આ વર્ષે પણ 'મન્નત'ની બહાર માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. જોકે, 'કિંગ' ખાન 'મન્નત'માં હાજર નહોતો, પરંતુ હોટલની બહાર તેની એક ઝલક જોઈને ચાહકોનો દિવસ બની ગયો. બીજી તરફ SRKની લાંબા સમયથી રાહ જોવાતી ફિલ્મ 'કિંગ'નું પહેલું ગીત પણ રિલીઝ કરવામાં આવ્યું.

શાહરુખ ખાનના બર્થડે પર 'કિંગ' ફિલ્મનું પહેલું રોમેન્ટિક ગીત 'તું મીલ જાયે' રિલીઝ કરવામાં આવ્યું. ગીતમાં શાહરુખ ફરી એકવાર દીપિકા પાદુકોણ સાથે ડાન્સ કરતો જોવા મળ્યો. ગીતની ખાસ વાત એ છે કે, ફરી એડ શીરન અને અરિજીત સિંહે કોલબરેશન કર્યું છે. ફિલ્મનું સંગીત ગુજરાતી મ્યુઝિક બેલડી સચિન-જીગરે તૈયાર કર્યું છે.

ગીતની શરૂઆતમાં આવતો શાહરુખનો ડાયલોગ કેચી છે. ગીતમાં શાહરુખ અને દીપિકા વચ્ચે રોમાન્સ જોવા મળી રહ્યો છે. સાથે જ 'કિંગ'ના બિઝનેસની ઝલક પણ જોવા મળી રહી છે. ગીતમાં વચ્ચે વચ્ચે એક્શનનો તડકો પણ લાગ્યો છે. શાહરુખની નવી હેરસ્ટાઇલ અને તેની ફિટ બોડી પણ ચર્ચાનો વિષય છે. ચાહકો શાહરુખ અને દીપિકાને ફરી સાથે જોઈને ખુશી વ્યક્ત કરી રહ્યા છે.

જોકે, શાહરુખના બંગલામાં હાલ રિનોવેશન ચાલી રહ્યું હોવાથી તે ત્યાં હાજર રહ્યો નહોતો. જોકે, ભલે શાહરુખ 'મન્નત'માં હાજર ન હોય, પણ તેણે તેના ચાહકોને નિરાશ નહોતા કર્યા. વાસ્તવમાં, 'મન્નત'ને પણ ખાસ અંદાજમાં સજાવવામાં આવ્યો હતો. ઘરની બહાર એક મોટી સ્ક્રીન લગાવવામાં આવી હતી, જેના પર 'કિંગ' ફિલ્મની ઝલક અને પોસ્ટર લગાવવામાં આવ્યા હતા.

આ ઉપરાંત શાહરુખે ચાહકો માટે પોતાના હાથે લખેલી નોટ પણ શેર કરવામાં આવી. શાહરુખે લખ્યું હતું, 'શુભેચ્છાઓ અને પ્રેમ માટે આપ સૌનો આભાર. હું પણ આપ સૌને મારો પ્રેમ પાછો મોકલી રહ્યો છું. ખૂબ બધો પ્રેમ અને મોટું હગ.' આ સાથે જ નીચે શાહરુખે સહી પણ કરી હતી.

'બાદશાહ'ના જન્મદિવસનું સેલિબ્રેશન માત્ર ગીત રિલીઝ પૂરતું સિમિત ન રહ્યું. ગૂગલ જેમિનીએ શાહરુખના બર્થડે પહેલાં મુંબઈના આઈકોનિક બાંદ્રા-વર્લી સી-લિંક પર 'કિંગ' માટે ખાસ ટ્રિબ્યૂટ આપ્યું. શાહરુખે પણ જેમિનીનો આભાર વ્યક્ત કર્યો. તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર સી-લિંકનો ફોટો શેર કરીને લખ્યું, 'મિત્ર હોય તો ગૂગલ જેમિની જેવો! હંમેશા આટલું શાનદાર, પ્રેમ આપવા માટે આભાર. આ ફોટો લેવા માટે મારે ચોરીછૂપે ડ્રાઇવ પર નીકળવું પડ્યું.'

બુર્જ ખલીફામાં પણ શાહરુખને શુભેચ્છા અપાઈ : દર વર્ષની જેમ આ વર્ષે પણ શાહરુખ ખાનના બર્થડે પર દુબઈના પ્રખ્યાત બુર્જ ખલીફામાં તેના ફોટો સાથે જન્મદિવસની શુભેચ્છાઓ આપવામાં આવી. શાહરુખની દુબઈમાં મોટી ફેન ફોલોઈંગ છે, જેથી દર વર્ષે તેને આ રીતે વિશ કરવામાં આવે છે.

નોરા ફતેહીને કોર્ટની ફટકાર...

ઠગ સુકેશના 200 કરોડના મની લોન્ડરિંગ કેસમાં હાજર ન થઈ, જજે કહ્યું- વલણ યોગ્ય નથી, કોર્ટને હળવાશથી ન લો

(એજન્સી) મુંબઈ | તા.02 બોલીવૂડ એક્ટ્રેસ નોરા ફતેહીને સુકેશ ચંદ્રશેખરના 200 કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ કેસમાં સોમવાર, 2 નવેમ્બર 2026ના રોજ દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં હાજર થવાનું હતું. સમન્સ છતાં એક્ટ્રેસ કોર્ટમાં હાજર ન થતાં કોર્ટે તેમને ફટકાર લગાવી છે. કોર્ટે કડક ટિપ્પણી કરતાં કહ્યું, 'તેમનું વર્તન યોગ્ય નથી. કોર્ટને હળવાશથી ન લો.'

આ મામલામાં નોરા ફતેહીએ સાક્ષી તરીકે અદાલતમાં હાજર થઈને પોતાનું નિવેદન નોંધાવવાનું હતું. દિલ્હી પોલીસે કોર્ટને જણાવ્યું કે નોરાને સમન્સ મોકલવામાં આવ્યું હતું, પરંતુ તેઓ અદાલતમાં હાજર થશે કે નહીં તેની તેમને જાણ નથી. બીજી તરફ, નોરાના વકીલે તેમની હાજરીમાંથી મુક્તિ આપવા માટે અરજી દાખલ કરી હતી. વકીલની આ માગ પર કોર્ટે નારાજગી વ્યક્ત કરી. ત્યારબાદ વિશેષ ન્યાયાધીશ ગગનદીપ સિંહે નોરા ફતેહીને નવું સમન્સ જારી કરીને 6 નવેમ્બરે અદાલતમાં હાજર થવાનો નિર્દેશ આપ્યો અને કહ્યું- 'તેઓ એક સાક્ષી છે અને અહીં અદાલતમાં હાજર હોવા જોઈએ હતા. તેમનું વર્તન યોગ્ય નથી. અદાલતને હળવાશથી ન લો.'

₹200 કરોડની વસૂલીનો સમગ્ર મામલો શું છે?

- આ સમગ્ર મામલો ઠગ સુકેશ ચંદ્રશેખર સાથે જોડાયેલો છે. આરોપ છે કે તેણે ક્યારેક પોતાને વડાપ્રધાન કાર્યાલયનો તો ક્યારેક ગૃહ મંત્રાલયનો વરિષ્ઠ અધિકારી ગણાવીને પૂર્વ રેનબેક્સી પ્રમોટર શિવિંદર મોહન સિંહની પત્ની અદિતિ સિંહ પાસેથી આશરે 200 કરોડ રૂપિયાની વસૂલાત કરી હતી.
- શિવિંદર મોહન સિંહ અને તેમના ભાઈ માલવિંદર સિંહ રેનબેક્સીના પ્રમોટર રહી ચૂક્યા છે. બંને આર્થિક ગેરરીતિઓના કેસોમાં કાનૂની મુશ્કેલીઓમાં ફસાયા હતા અને શિવિંદર જેલમાં બંધ હતા.
- આરોપ છે કે સુકેશે તેમની પત્ની અદિતિને વિશ્વાસ અપાવ્યો હતો કે તે તેમના પતિને જેલમાંથી બહાર કઢાવી શકે છે. આ માટે તે જેલની અંદરથી ફોન કરતો અને પોતાને સરકારી અધિકારી તરીકે ઓળખાવતો હતો. તપાસ એજન્સીઓ અનુસાર, તેણે કૉલ સ્પૂફિંગ ટેક્નિક દ્વારા પોતાની વાસ્તવિક ઓળખ છુપાવી અને સરકારી નંબર દર્શાવીને અદિતિનો સંપર્ક કર્યો. 2020થી 2021 દરમિયાન તેણે અલગ-અલગ હપ્તાઓમાં આશરે 200 કરોડ રૂપિયા વસૂલ્યા હતા.
- ઓગસ્ટ 2021માં અદિતિ સિંહે દિલ્હી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખા (EOW)એ તપાસ શરૂ કરી હતી. કથિત રીતે એક કરોડ રૂપિયાની નવી માંગણી બાદ પોલીસે કાર્યવાહી કરીને સુકેશની ધરપકડ કરી હતી. તપાસમાં જેલમાંથી વસૂલીનું નેટવર્ક સામે આવ્યું હતું. પોલીસે MCOCA હેઠળ ચાર્જશીટ દાખલ કરી હતી. આ મામલે સુકેશની પત્ની લીના મારિયા પૉલ અને અન્ય લોકોની ભૂમિકાની પણ તપાસ કરવામાં આવી હતી.
- તપાસ દરમિયાન નોરા ફતેહીનું નામ પણ સામે આવ્યું હતું. અહેવાલો અનુસાર, સુકેશે તેમને લક્ઝરી કાર અને ભેટો આપી હતી. દિલ્હી પોલીસે સુકેશ અને તેની પત્ની લીના મારિયા પૉલ સાથેના તેમના સંપર્કને લઈને પૂછપરછ કરી હતી. એક પૂછપરછ દરમિયાન નોરા અને સુકેશને સાથે બેસાડવામાં આવ્યા હતા.
- નોરાએ પોલીસને જણાવ્યું હતું કે તેમની સુકેશ સાથે મુલાકાત અને વાતચીત સીધી રીતે નહીં, પરંતુ તેની પત્ની લીના મારફતે થઈ હતી. બાદમાં દિલ્હી પોલીસે ત્રીજી સપ્લિમેન્ટરી ચાર્જશીટ દાખલ કરી હતી, જેમાં નોરાને અભિયોજન પક્ષના સાક્ષી બનાવવામાં આવ્યા હતા. ચાર્જશીટમાં તેમનું નામ LW-3 એટલે કે ત્રીજા સાક્ષી તરીકે નોંધાયેલું છે.
- સુનાવણી દરમિયાન દિલ્હી પોલીસે જણાવ્યું કે નોરા ફતેહીને 22 ઑક્ટોબરે ઈમેલ અને વોટ્સએપ દ્વારા નોટિસ મોકલવામાં આવી હતી. પોલીસે તેમનો ફોન પર સંપર્ક કરવાનો પણ પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમની તરફથી કોઈ જવાબ મળ્યો નહોતો.
- બીજી તરફ, નોરાના વકીલે અદાલતને જણાવ્યું કે એક્ટ્રેસને 29 ઑક્ટોબરે સમન્સની જાણ કરવામાં આવી હતી. તેમ છતાં 2 નવેમ્બરે તેમની હાજરી થઈ શકી નહોતી.
- સુકેશ ચંદ્રશેખર સાથે જોડાયેલા 200 કરોડ રૂપિયાની છેતરપિંડીના કેસમાં અગાઉ પણ ઘણી વખત નોરા ફતેહીની પૂછપરછ થઈ ચૂકી છે. આરોપ છે કે નોરાએ સુકેશ પાસેથી લક્ઝરી કાર સહિત અનેક કિંમતી ભેટો લીધી છે. અગાઉ નોરા અને સુકેશને સામસામે બેસાડીને પણ પૂછપરછ કરવામાં આવી ચૂકી છે. આ દરમિયાન નોરાએ પોતે 1 કરોડ રૂપિયાથી વધુ કિંમતની લક્ઝરી કાર ભેટમાં લેવાની વાત કબૂલી હતી. આ કાર નોરાને 2020માં યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન ચેન્નાઈમાં ભેટ આપવામાં આવી હતી. તપાસ એજન્સીઓને આપેલા નિવેદનોમાં તેમણે કહ્યું હતું.



'એક ઈશારે 50 મિલિયન ફોલોઅર્સ ઠોકવા તૈયાર છે'

અમિતાભ બચ્ચનનો 'એંગ્રી યંગ મેન' અવતાર, શબ્દોને ટ્વિસ્ટ કરનાર મીડિયાને કડક શબ્દોમાં ચેતવણી આપી

(એજન્સી) મુંબઈ | તા.02

અમિતાભ બચ્ચન સોમવારે મીડિયા પર ભડકી ગયા. તેમણે લખ્યું કે, તેમના લખેલા શબ્દોને ખોટી રીતે રજૂ કરવામાં આવે છે. આ સાથે જ અમિતાભ બચ્ચને ચેતવણી આપી છે કે, તેમના 50 મિલિયનથી વધુ ફોલોઅર્સ છે, જો તેઓ ઈશારો કરે, તો આ ફોલોઅર્સ તેમના માટે તૈયાર બેઠા છે. બિગ બીનું કહેવું છે કે, તેમણે થોડા સમય પહેલાં ભગવાન શ્રીકૃષ્ણ માટે એક પંક્તિ લખી હતી, પરંતુ એક ન્યૂઝ વેબસાઈટે તેને ધમકીઓ મળવા સાથે જોડી દીધી.

અમિતાભ બચ્ચને વહેલી સવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર લખ્યું, 'કૃષ્ણ કનૈયા માટે, પ્રાર્થનાના રૂપમાં, ઘણીવાર ઉચ્ચારવામાં આવે છે- 'હાથી ઘોડા પાલકી, જય કનૈયા લાલ કી' અને મીડિયા તેનો અનાદર કરીને, પોતાનો પ્રચાર કરવા માટે, છાપે છે, 'જુઓ, આ અમિતાભ પોતાના વિરોધીઓને પડકાર આપી રહ્યા છે કે 'લાવો હાથી ઘોડા'. અમે અમારા હથિયારોથી લડીશું, ડરીશું નહીં. મીડિયા વાળાઓ, કાન ફાડીને સાંભળી લો. અમારા ફોલોઅર્સની સંખ્યા 50 મિલિયન છે, મીડિયા વાળાઓ. જે દિવસે અમે ઈશારો કર્યો, તે દિવસે તેમાંથી માત્ર 10 ટકા લોકો જ ઠોકવા માટે તૈયાર બેઠા છે.'

બિગ બીએ આગળ લખ્યું, 'તમે અમારા શબ્દોને જેટલા ઉલટાવી-પલટાવીને વખોડશો, તેના કરતાં 100 ગણું વધુ કરવાની ક્ષમતા અમારા ફોલોઅર્સ પાસે છે. બસ બોલવામાં વાર છે.'

અમિતાભ બચ્ચને 'ન્યૂઝ 18'માં 30 ઓક્ટોબરે પ્રકાશિત થયેલી એક હેડલાઈનનો ઉલ્લેખ કરતાં લખ્યું, 'આ જુઓ, મીડિયા શું છાપે છે- 'અમિતાભ બચ્ચને વિરોધીઓની ધમકી પર કટાક્ષ કર્યો, ક્રિપ્ટિક પોસ્ટ લખીને કાઢી ભડાસ- 'જાઓ, લઈ આવો તમારા હાથી-ઘોડા.'' તેમણે આગળ લખ્યું, 'આ તમે જોયું- ધર્મનો અનાદર અને વાહિયાત, હાસ્યાસ્પદ, અસંગત. આ એ લોકો છે, જેમને દેશનો પાંચમો સ્તંભ માનવામાં આવે છે, ચોથો સ્તંભ તો આપણી સંસ્કૃતિમાં માનવામાં આવે છે, આદર-સન્માન સાથે. એક છઠ્ઠો તેથી કહેવાય છે.

પરિણિતીની રિપોર્ટિંગ લાઈવમાં સ્ટોરી તફડાવેલી હોવાનો આરોપ

મુંબઈ : ઓટીટી પર રજૂ થયેલી પરિણિતી ચોપરા અભિનિત ફિલ્મ 'રિપોર્ટિંગ લાઈવ' ગંભીર વિવાદમાં સપડાઈ છે. જાણીતા ઈન્વેસ્ટીગેટીવ પત્રકાર સંધ્યા રવિશંકરે ફિલ્મના સર્જકો પર તેમની વાસ્તવિક તપાસ અને જીવન આધારીત વાર્તા ચોરી કરવાનો આરોપ મુક્યો છે. કોઈપણ પ્રકારની ક્રેડિટ આપ્યા વિના તેમની વાર્તા દર્શાવવાને કારણે હવે આ મામલે નૈતિકતા અને લેખન હક્કો પર વિવાદ વકર્યો છે.

સંધ્યા રવિશંકરે સોશિયલ મીડિયા પર ખુલ્લો વિરોધ વ્યક્ત કરતા જણાવ્યું કે તમિલનાડુમાં ગેરકાયદે રેતી ખનન પર કરેલા તેમના રિપોર્ટિંગના અંશો આ ફિલ્મમાં લેવાયા છે. તેમણે દાવો કર્યો કે ૨૦૨૨ અને ૨૦૨૩માં આ વાર્તા નિર્માતાઓને પીચ કરાઈ હતી. કાનૂની કાર્યવાહીથી બચવા માટે વિગતોમાં ફેરફાર કરાયાનો આરોપ લગાવી તેમણે જાહેર માફીની માગ કરી છે.

૯ ઓક્ટોબરે રિલીઝ થયેલી ધ્રુવ ત્રિપાઠી દિગ્દર્શિત આ ફિલ્મમાં પરિણીતીએ રિપોર્ટર સંધ્યા યાદવનું પાત્ર ભજવ્યું છે, જે ખતરનાક રેતી માફિયા નેટવર્કનો પર્દાફાશ કરે છે.

'બાળકો આઘાતમાં છે, માફ કરી દો'

બાળકોના અશ્લીલ ઈશારા પર સંજય ગુપ્તાના પત્ની બચાવમાં ઉતર્યાં; ડિરેક્ટરની અંતિમ વિધિ બાદ મિડલ ફિંગર દેખાડી હતી



(એજન્સી) મુંબઈ | તા.02

'કાબિલ', 'કાંટે' અને 'શૂટઆઉટ એટ વડાલા' જેવી ફિલ્મોના ડિરેક્ટર સંજય ગુપ્તાનું 30 ઑક્ટોબરે રસોડામાં પડી જવાથી નિધન થયું હતું. 31 ઑક્ટોબરે મુંબઈમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા, તે સમયે તેમના બાળકોએ પાપારાઝીને મિડલ ફિંગર બતાવી અશ્લીલ હરકત કરી અને હસતા જોવા મળ્યા હતા. વીડિયો વાયરલ થયા બાદ અને ટીકા થયા પછી હવે દિવંગત ડિરેક્ટરની પત્ની અનુરાધા લેખી અને નજીકના મિત્ર તથા ડિરેક્ટર મિલાપ ઝવેરીએ સ્પષ્ટતા કરી છે.

'મરજાવાં'ના ડિરેક્ટર મિલાપ ઝવેરીએ પોતાના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પરથી સંજય ગુપ્તાની પત્ની તરફથી પોસ્ટ લખી, 'અમારી જિંદગીનો એક હિસ્સો હંમેશા માટે અમારાથી છીનવાઈ ગયો છે. આ નુકસાનની ભરપાઈ કોઈ કરી શકતું નથી અને ન તો કોઈ આ ખાલીપો ભરી શકે છે. અમારા સમગ્ર પરિવાર તરફથી હું પરિવારના તમામ સભ્યો, મિત્રો, સંજયના પ્રશંસકો અને મીડિયા સાથે જોડાયેલા લોકોનો દિલથી આભાર માનવા માગું છું.

એક અકસ્માતમાં પડી જવાથી સંજયના માથામાં ગંભીર ઈજા થઈ હતી, જેના કારણે તેમનું અકાળે નિધન થયું.' બાળકોના વલણ અંગે સ્પષ્ટતા કરતાં આગળ લખવામાં આવ્યું છે, 'સંજય પોતાના પરિવાર અને બાળકોને ખૂબ જ પ્રેમ કરતા હતા. બાળકો હજુ કિશોરાવસ્થામાં છે અને તેમણે અચાનક પોતાના પ્રિય પિતાને ગુમાવી દીધા છે

. સંજયનો પરિવાર હંમેશાં મીડિયાની ચમકદમક અને પાપારાઝી (ફોટોગ્રાફરો)ની દખલગીરીથી દૂર રહ્યો છે. આવા મુશ્કેલ સમયમાં તેમના અંગત જીવનમાં અચાનક મીડિયાની દખલગીરીથી પરિવારને ઘણું દુઃખ થયું. આ દુઃખ અને આઘાતમાં પરિવારના કેટલાક સભ્યોએ મીડિયાના કેટલાક લોકો પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હશે.



'એક ઈશારે 50 મિલિયન ફોલોઅર્સ ઠોકવા તૈયાર છે' : અમિતાભ બચ્ચનનો 'એંગ્રી યંગ મેન' અવતાર, શબ્દોને ટ્વિસ્ટ કરનાર મીડિયાને કડક શબ્દોમાં ચેતવણી આપી

(એજન્સી) મુંબઈ | તા.02

અમિતાભ બચ્ચન સોમવારે મીડિયા પર ભડકી ગયા. તેમણે લખ્યું કે, તેમના લખેલા શબ્દોને ખોટી રીતે રજૂ કરવામાં આવે છે. આ સાથે જ અમિતાભ બચ્ચને ચેતવણી આપી છે કે, તેમના 50 મિલિયનથી વધુ ફોલોઅર્સ છે, જો તેઓ ઈશારો કરે, તો આ ફોલોઅર્સ તેમના માટે તૈયાર બેઠા છે. બિગ બીનું કહેવું છે કે, તેમણે થોડા સમય પહેલાં ભગવાન શ્રીકૃષ્ણ માટે એક પંક્તિ લખી હતી, પરંતુ એક ન્યૂઝ વેબસાઈટે તેને ધમકીઓ મળવા સાથે જોડી દીધી.

અમિતાભ બચ્ચને વહેલી સવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર લખ્યું, 'કૃષ્ણ કનૈયા માટે, પ્રાર્થનાના રૂપમાં, ઘણીવાર ઉચ્ચારવામાં આવે છે- 'હાથી ઘોડા પાલકી, જય કનૈયા લાલ કી' અને મીડિયા તેનો અનાદર કરીને, પોતાનો પ્રચાર કરવા માટે, છાપે છે, 'જુઓ, આ અમિતાભ પોતાના વિરોધીઓને પડકાર આપી રહ્યા છે કે 'લાવો હાથી ઘોડા'. અમે અમારા હથિયારોથી લડીશું, ડરીશું નહીં. મીડિયા વાળાઓ, કાન ફાડીને સાંભળી લો. અમારા ફોલોઅર્સની સંખ્યા 50 મિલિયન છે, મીડિયા વાળાઓ. જે દિવસે અમે ઈશારો કર્યો, તે દિવસે તેમાંથી માત્ર 10 ટકા લોકો જ ઠોકવા માટે તૈયાર બેઠા છે.'

બિગ બીએ આગળ લખ્યું, 'તમે અમારા શબ્દોને જેટલા ઉલટાવી-પલટાવીને વખોડશો, તેના કરતાં 100 ગણું વધુ કરવાની ક્ષમતા અમારા ફોલોઅર્સ પાસે છે. બસ બોલવામાં વાર છે.' અમિતાભ બચ્ચને 'ન્યૂઝ 18'માં 30 ઓક્ટોબરે પ્રકાશિત થયેલી એક હેડલાઈનનો ઉલ્લેખ કરતાં લખ્યું, 'આ જુઓ, મીડિયા શું છાપે છે- 'અમિતાભ બચ્ચને વિરોધીઓની ધમકી પર કટાક્ષ કર્યો, ક્રિપ્ટિક પોસ્ટ લખીને કાઢી ભડાસ- 'જાઓ, લઈ આવો તમારા હાથી-ઘોડા.''

તેમણે આગળ લખ્યું, 'આ તમે જોયું- ધર્મનો અનાદર અને વાહિયાત, હાસ્યાસ્પદ, અસંગત. આ એ લોકો છે, જેમને દેશનો પાંચમો સ્તંભ માનવામાં આવે છે, ચોથો સ્તંભ તો આપણી સંસ્કૃતિમાં માનવામાં આવે છે, આદર-સન્માન સાથે. એક છઠ્ઠો તેથી કહેવાય છે, કારણ કે તેમને દેશવાસીઓ તરફથી સન્માનિત અને એક સમાજમાં આદરનું સ્થાન આપવામાં આવે છે. સન્માન? આનાથી મોટો હાસ્યાસ્પદ શબ્દ બીજો હોઈ શકે નહીં.'

લાંબી-પહોળી પોસ્ટના અંતે અમિતાભ બચ્ચને લખ્યું, 'અમારાથી કોઈ ભૂલ થઈ જાય, તો અમે તરત માફી માગીએ છીએ અને સુધારો કરવાનો પ્રયાસ કરીએ છીએ. પરંતુ અહીં લાગે છે કે આ તેમનો જન્મસિદ્ધ અધિકાર છે. હું કહેવાનો હતો કે એક પીડિત વ્યક્તિનો સ્નેહ-પ્રેમ, હવે સૂવા જઈ રહ્યો છું. પરંતુ પીડિત નહીં કહું. મારી પીડા પર અધિકાર માત્ર મારો છે, તે તમારા (મીડિયા) લાયક નથી.' વાસ્તવમાં, અમિતાભ બચ્ચને 29 ઓક્ટોબરે પોતાના સત્તાવાર બ્લોગ પર લખ્યું હતું.

MLS માં ઇન્ટર મિયામીએ ન્યૂ ઇંગ્લેન્ડ રિવોલ્યુશનને હરાવીને લિયોનેલ મેસ્સીનો વિજયી ગોલ



મેસ્સીએ ઇન્ટર મિયામી (59 પોઈન્ટ) માટે જર્મન બર્ટેરમેના 69મી મિનિટના બરાબરી ગોલમાં પણ મદદ કરી, જે ન્યૂ ઇંગ્લેન્ડ (58 પોઈન્ટ) થી આગળ નીકળીને પૂર્વીય કોન્ફરન્સમાં બીજા સ્થાને પહોંચી ગયો, જ્યારે એક નિયમિત-સીઝન મેચ બાકી હતી. લિયોનેલ મેસ્સીએ 83મી મિનિટમાં પોતાનો MLS-અગ્રણી 26મો ગોલ કરીને મુલાકાતી ઇન્ટર મિયામીને રવિવારે રાત્રે ન્યૂ ઇંગ્લેન્ડ રિવોલ્યુશન પર 2-1થી વિજય અપાવ્યો, જેના પ્લેઓફ સીડિંગમાં મુખ્ય અસરો છે.મેસ્સીએ ઇન્ટર મિયામી (59 પોઈન્ટ) માટે જર્મન બર્ટેરમેના 69મી મિનિટના બરાબરી ગોલમાં પણ મદદ કરી, જે ન્યૂ ઇંગ્લેન્ડ (58 પોઈન્ટ) થી આગળ નીકળીને પૂર્વીય કોન્ફરન્સમાં બીજા સ્થાને પહોંચી ગયો, જ્યારે એક નિયમિત-સીઝન મેચ બાકી હતી. ટેલાસ્કો સેગોવિયાએ બંને ગોલમાં સહાય પૂરી પાડી કારણ કે હેરોન્સ બે મેચમાં જીત વિનાનો રન બનાવ્યો.ડેનિયલ ગેઝડાગે ન્યૂ ઇંગ્લેન્ડ માટે ૫૩મી મિનિટમાં ગોલ કર્યો, જે તેની ચાર મેચની જીતની શ્રેણી લંબાવવામાં નિષ્ફળ ગયો અને ૭૫મી મિનિટમાં આગળ અથવા બરાબરી પર રહ્યા પછી આ સિઝનમાં પહેલી વાર હારી ગયો. લિયોનેલ મેસીએ ૮૩મી મિનિટમાં પોતાનો એમએલએસ-અગ્રણી ૨૬મો ગોલ કરીને મુલાકાતી ઇન્ટર મિયામીને રવિવારે રાત્રે ન્યૂ ઇંગ્લેન્ડ રિવોલ્યુશન પર ૨-૧થી વિજય અપાવ્યો, જેના પ્લેઓફ સીડિંગમાં મુખ્ય અસરો છે. મેસીએ ઇન્ટર મિયામી (૫૯ પોઈન્ટ) માટે જર્મન બર્ટેરમેના ૬૯મી મિનિટના બરાબરી ગોલમાં પણ મદદ કરી, જે ન્યૂ ઇંગ્લેન્ડ (૫૮ પોઈન્ટ) થી ઉપર જઈને પૂર્વીય કોન્ફરન્સમાં બીજા સ્થાને પહોંચી ગયો અને એક નિયમિત-સીઝન મેચ બાકી રહી. હેરોન્સ બે મેચની જીત વિનાની દોડમાં સફળ રહ્યું ત્યારે ટેલાસ્કો સેગોવિયાએ બંને ગોલમાં સહાય પૂરી પાડી. ન્યૂ ઇંગ્લેન્ડ માટે ડેનિયલ ગેઝડાગે ૫૩મી મિનિટે ગોલ કર્યો, જે ચાર મેચ જીતવાની શ્રેણી લંબાવવામાં નિષ્ફળ ગયો અને ૭૫મી મિનિટે આગળ અથવા બરાબરી પર રહ્યા બાદ આ સિઝનમાં પહેલી વાર હાર્યો. વિડીયો સમીક્ષા પછી, રેફરી સેર્ગી બોઇકોએ લુકા લેંગોનીને ઓફસાઈડનો નિર્ણય આપતાં, રિવોલ્યુશન માટે ૮૭મી મિનિટે દેખીતી રીતે કરવામાં આવેલી પોતાની ગોલ બરાબરીનો નિર્ણય ઉલટાવી

ભારતીય નૌકાદળે પેનલ્ટી શૂટઆઉટમાં વિજય મેળવ્યો અને મુરુગપ્પા ગોલ્ડ કપનો ખિતાબ જીત્યો



નિયમિત સમયમાં 1-1 થી ડ્રો રહ્યા બાદ, સમર્થકોને સ્પર્ધાનો રોમાંચક અંત મળ્યો કારણ કે ભારતીય નૌકાદળે સતત શૂટઆઉટમાં વિજય મેળવ્યો, પહેલા સેમિફાઈનલમાં અને હવે ફાઇનલમાં. રવિવારે ચેન્નાઈના મેયર રાધાકૃષ્ણન સ્ટેડિયમ ખાતે આયોજિત 97મા MCC-મુરુગપ્પાના ફાઇનલમાં ભારતીય નૌકાદળ (INY) એ ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) ને પેનલ્ટી શૂટઆઉટમાં 5-4 થી હરાવ્યું.નિયમિત સમયમાં 1-1 થી ડ્રો રહ્યા બાદ, સમર્થકોને સ્પર્ધાનો રોમાંચક અંત મળ્યો કારણ કે ભારતીય નૌકાદળ સતત શૂટઆઉટમાં વિજય મેળવ્યો, પહેલા સેમિફાઈનલમાં અને હવે ફાઇનલમાં.રોમાંચક શૂટઆઉટમાં, બંને ટીમોએ ચાર ગોલ કર્યા અને એક ચૂકી ગયા, જેના કારણે મેચ સડન ડેથમાં ગઈ, જ્યાં INY ગોલકીપર અંકિત મલિકે BPCLના સુદીપ ચિરમાકોને આઉટ કરવા માટે એક અવાસ્તવિક બચાવ કર્યો. સુદીપ બોક્સમાં ઘૂસી ગયો અને અંકિતને જ્યુક કરીને પૂરતી જગ્યા બનાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે કીપર, જમીન પર પડી ગયો હોવા છતાં, ઝડપથી ઊભો થયો અને બચાવ કરવા માટે ડાબી બાજુ ડોવ માર્યો. નેવી માટે ટાઇટલ સીલ કરવા માટે, કુલદીપે જવાબદારી લીધી, તેની ટીમ માટે ટુર્નામેન્ટ જીતવામાં કોઈ ભૂલ ન કરી.ભૂતપૂર્વ ઓલિમ્પિયન એડમ સિંકલેરે મેચ પહેલા કહ્યું, "હોકી T20 ક્રિકેટ ફોર્મેટ જેવું બની ગયું છે. છેલ્લો ક્વાર્ટર રમતનો નિર્ણય લે છે, અને જો તમે છેલ્લા ક્વાર્ટર સુધી રમતમાં રહી શકો છો, તો આપેલ દિવસે તે કોઈપણ રીતે જઈ શકે છે." ઝડપી ગતિવાળા પ્રથમ હાફ પછી મેચ બીજા હાફમાં પરિવર્તિત થતાં બંને ટીમો માટે આ મંત્ર લાગતો હતો.થોડી ઝરમર વરસાદ છતાં, રમતની શરૂઆતમાં ચાહકો ધીમે ધીમે સ્ટેડિયમમાં પ્રવેશ્યા, જ્યાં બંને ટીમો વિચારશીલ અને સતર્ક રહી, વરસાદના કારણે ઝડપી રમત સપાટી બની.BPCL એ પ્રથમ ક્વાર્ટરની શરૂઆત વધુ કબજો અને હુમલાઓ સાથે કરી; થોડા લાંબા બોલ દ્વારા, તેઓ INY ડિફેન્સને ખલેલ પહોંચાડવામાં સફળ રહ્યા. નૌકાદળ ધીમે ધીમે રમતમાં વિકસ્યું, ઝડપી સંક્રમણો અને બોલને જમીન પર અને બહાર પહોળો રાખવા પર ધ્યાન કેન્દ્રિત કરીને.આનાથી રમતની પહેલી મોટી તક મળી, જેને INY એ શરૂઆતના ગોલમાં રૂપાંતરિત કરી. નૌકાદળના હુમલામાં બીજા સંક્રમણથી અનુભવી પવન રાજભરે બોલને વર્તુળમાં ક્રોસ કર્યો, જેને અભિષેક ટોપનોએ કુશળતાપૂર્વક ગોલમાં ફેરવ્યો.બીજા ક્વાર્ટરની શરૂઆત પહેલા ક્વાર્ટરની તુલનામાં વધુ તીવ્રતા સાથે થઈ, કારણ કે ટીમો તેમની ભૂમિકામાં વધુ સ્થાયી દેખાતી હતી.પરંતુ ડિફેન્ડર્સ દૃઢ રહ્યા અને વિરોધી વર્તુળ સુધી પહોંચતા પહેલા હુમલાઓને શાંત કરવામાં આવ્યા. તેને પ્રેરણાના એક ક્ષણની જરૂર હતી જે 2016 ના ઓલિમ્પિયન, BPCL ના દેવિંદર વાલ્મિકીના લાંબા બોલથી આવી હતી, જેને વર્તુળમાં તેના સાથી દ્વારા નિયંત્રિત કરવામાં આવ્યો હતો અને તેના સ્લેપ-પાસને INY ના ડિફેન્ડર દ્વારા તેના પોતાના નેટમાં ફેરવવામાં આવ્યો હતો. જોકે, ડિફેન્ડરની શરમ બચાવવા માટે, રેફરીએ BPCL ખેલાડી દ્વારા હાથ પહેલા નિયંત્રણનો નિર્ણય લીધો, અને ગોલ નામંજૂર કરવામાં આવ્યો.બીજા ક્વાર્ટરમાં, INY ના નીતેશે કે. સેલ્વરાજના શાનદાર પુશ પાસ પછી 2-0 ની સરસાઈ મેળવવાની એક સુવર્ણ તક ગુમાવી દીધી, જેના કારણે નીતેષ બોક્સમાં એકલો પડી ગયો. પરંતુ તે સમયસર નિયંત્રણ અને કન્વર્ટ કરવામાં અસમર્થ રહ્યો કારણ કે દેવિંદર સમયસર પાછો ફર્યો અને બોલને તેના ગોલથી દૂર લઈ ગયો.ક્વાર્ટર સમાપ્ત થાય તેના થોડા મિનિટ પહેલા, BPCL એ પેનલ્ટી કોર્નરથી બરાબરી કરી અને અનમોલ એક્કાએ કોઈ ભૂલ ન કરી અને તેને 1-1 કરી દીધી.ત્રીજા ક્વાર્ટરની રણનીતિ બંને ટીમો માટે શરૂઆતથી જ સ્પષ્ટ દેખાતી હતી: પાંખો નીચે હુમલો કરવો અને પીસી મેળવવા માટે બોલને ઝડપથી ક્રોસ કરવો. બંને ટીમો તેમના સેટ પીસ મેળવવામાં સફળ રહી પરંતુ તેમને કન્વર્ટ કરવામાં અસમર્થ રહી.થાક લાગવાથી, બંને ટીમો અંતિમ 15 માં બ્લોક્સથી ધીમી ગતિએ ચાલી રહી હતી અને તેમના અભિગમમાં

આજના દિવસે



બરાબર એક વર્ષ પહેલા, ભારતીય મહિલા ટીમે નવી મુંબઈના DY પાટિલ સ્ટેડિયમ ખાતે દક્ષિણ આફ્રિકાને પર રનથી હરાવીને પોતાની પહેલી ODI વર્લ્ડ કપ ટ્રોફી જીતીને ઇતિહાસ રચ્યો હતો.

જીતની ખુશી વચ્ચે પાકિસ્તાનને ઝટકો, ICCએ ફટકાર્યો દંડ

શ્રીલંકા સામે 325રનના લક્ષ્યાંકનો પીછો કરીને પાકિસ્તાને ત્રિકોણીય સીરિઝ જીતી હતી. ICCએ તે જ મેચમાં ટીમને ધીમી ઓવર રેટ માટે દોષિત ઠેરવી હતી અને તેથી મેચ ફી પર 5 ટકા દંડ ફટકાર્યો હતો



પાકિસ્તાની ક્રિકેટ ટીમે શ્રીલંકાને હરાવીને વનડે ટ્રાઇ સિરીઝનો ખિતાબ પોતાના નામે કર્યો હતો. જોકે,આ શાનદાર જીત બાદ પણ પાકિસ્તાની ટીમ મુશ્કેલીમાં મુકાઈ છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલએ ધીમી ઓવર ગતિના કારણે પાકિસ્તાન સામે કાર્યવાહી કરી છે. ટીમ પર મેચ ફીના 5 ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં 31 ઓક્ટોબરે રમાયેલી મેચમાં પાકિસ્તાને શ્રીલંકાને 3 વિકેટથી હરાવ્યું હતું. જોકે, મેચ દરમિયાન નિર્ધારિત સમય કરતાં એક ઓવર ઓછી ફેંકવાના કારણે ટીમને આ સજા મળી છે. આમ, ખિતાબ જીતવાની ખુશી વચ્ચે પાકિસ્તાની ટીમને ICCના દંડનો પણ સામનો કરવો પડ્યો છે. પાકિસ્તાન અને શ્રીલંકા વચ્ચે વનડે ટ્રાઇ સિરીઝની ફાઇનલ મેચ લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં રમાઈ હતી. આ મેચમાં પાકિસ્તાની ટીમે શાનદાર પ્રદર્શન કરીને ખિતાબ જીત્યો હતો. જોકે, મેચ દરમિયાન પાકિસ્તાની બોલરોએ નિર્ધારિત સમયમાં પોતાની 50 ઓવર પૂરી કરી નહોતી.એમિરેટ્સ ICC એલીટ પેનલના મેચ રેફરી જેફ ક્રોએ સમયની છૂટને ધ્યાનમાં લીધા બાદ પાકિસ્તાનને નિર્ધારિત સમય કરતાં એક ઓવર પાછળ ગણાવ્યું હતું. આ કારણે ICCએ પાકિસ્તાની ટીમ પર મેચ ફીના 5 ટકા દંડની કાર્યવાહી કરી હતી.

ફખર ઝમાનની સદીએ પાકિસ્તાનને અપાવ્યો ખિતાબ

પાકિસ્તાન અને શ્રીલંકા વચ્ચેની ફાઇનલ મેચમાં શ્રીલંકાએ પ્રથમ બેટિંગ કરતાં 50 ઓવરમાં 8 વિકેટે 325 રન બનાવ્યા હતા. આ રીતે પાકિસ્તાન સામે 326 રનનો મોટો લક્ષ્યાંક હતો. જવાબમાં પાકિસ્તાની ટીમે ફખર ઝમાનની શાનદાર સદીના આધારે લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. ફખર ઝમાને 99 બોલમાં 127 રનની યાદગાર ઇનિંગ રમી હતી. તેની ઇનિંગમાં 11 ચોગ્ગા અને 6 છગ્ગાનો સમાવેશ થતો હતો.પાકિસ્તાને 48.3 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. આમ, 9 બોલ બાકી રહેતાં પાકિસ્તાને 3 વિકેટથી જીત મેળવીને ટ્રાઇ સિરીઝનો ખિતાબ પોતાના નામે કર્યો હતો.જોકે, મેદાન પર શાનદાર જીત મેળવ્યા બાદ પણ ધીમી ઓવર ગતિના કારણે પાકિસ્તાનને ICCની કાર્યવાહીનો સામનો કરવો પડ્યો હતો.

જર્મનીમાં ભારતનો ડબલ ધમાકો

લક્ષ્ય સેને જીત્યું હાયલો ઓપનનું ટાઇટલ



ભારતીય બેડમિન્ટન માટે 1 નવેમ્બર 2026નો દિવસ યાદગાર બની ગયો છે. જર્મનીના સારબ્રુકેનમાં રમાયેલી હાયલો ઓપન સુપર 500 ટુર્નામેન્ટમાં પીવી સિંધુ બાદ લક્ષ્ય સેને પણ મેન્સ સિંગલ્સનું ટાઇટલ જીતીને ભારતને બેવડી સફળતા અપાવી છે. લક્ષ્યે ફાઇનલમાં ઇન્ડોનેશિયાના જોનાતન ક્રિસ્ટીને સીધી ગેમમાં 21-17, 21-10થી હરાવ્યો હતો. આ જીત સાથે તેણે લગભગ એક વર્ષથી ચાલી રહેલી BWF વર્લ્ડ ટૂર ટાઇટલની રાહનો પણ અંત લાવ્યો છે. જર્મનીના સારલાન્ડહાલેમાં રમાયેલી ફાઇનલમાં લક્ષ્ય સેન અને જોનાતન ક્રિસ્ટી વચ્ચે શરૂઆતમાં જોરદાર ટક્કર જોવા મળી હતી. પ્રથમ ગેમમાં બંને ખેલાડીઓએ એકબીજાને પડકાર આપ્યો હતો, પરંતુ નિર્ણાયક પળોમાં લક્ષ્યે શાનદાર કોર્ટ કવરેજ અને ચોકસાઈભર્યા શોટ્સના આધારે 21-17થી ગેમ જીતી લીધી હતી. બીજી ગેમમાં લક્ષ્યે વધુ આક્રમક રમત બતાવી હતી. તેણે ક્રિસ્ટીને વાપસી કરવાની તક આપી નહોતી અને 21-10થી બીજી ગેમ જીતીને ટાઇટલ પોતાના નામે કર્યું હતું. આ રીતે ભારતીય શટલરે સીધી બે ગેમમાં ફાઇનલ પૂરી કરી હતી. લક્ષ્ય પહેલાં ભારતની પીવી સિંધુએ વિમેન્સ સિંગલ્સની ફાઇનલમાં ડેનમાર્કની લાઇન હોજમાર્ક કજેરફેલ્ટને 21-12, 21-14થી હરાવીને ટાઇટલ જીત્યું હતું. સિંધુએ માત્ર 39 મિનિટમાં ફાઇનલ જીતી હતી. ત્યાર બાદ લક્ષ્યે મેન્સ સિંગલ્સમાં વિજય મેળવીને ભારતીય ઉજવણી બમણી કરી દીધી હતી. આ બંને જીતને કારણે ભારતે હાયલો ઓપન સુપર 500માં મેન્સ અને વિમેન્સ સિંગલ્સ બંને ટાઇટલ પોતાના નામે કર્યા છે. એક જ ટુર્નામેન્ટમાં બંને સિંગલ્સ કેટેગરીમાં ભારતીય ખેલાડીઓ ચેમ્પિયન બનવું ભારતીય બેડમિન્ટન માટે મોટી સિદ્ધિ છે. લક્ષ્ય સેન માટે આ જીતનું મહત્ત્વ એટલા માટે પણ વધારે છે કે 2026માં તેને સતત સારા પરિણામ મેળવવા માટે સંઘર્ષ કરવો પડ્યો હતો. આ વર્ષે તે

ટીમ ઇન્ડિયાને મોટો ઝટકો

ઋષભ પંત સતત ત્રીજી મેચમાંથી બહાર



ભારતીય ક્રિકેટ ટીમના ન્યૂઝીલેન્ડ પ્રવાસ વચ્ચે એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંતની મેદાન પર વાપસી હજુ પણ લંબાઈ શકે છે. સાઇડ સ્ટ્રેનની ઈજાથી પરેશાન પંત ન્યૂઝીલેન્ડ-A સામે રમાનારી ત્રીજી અને અંતિમ બિનસત્તાવાર ટેસ્ટ મેચમાંથી પણ બહાર થઈ ગયા છે. તેમને સાવચેતીના ભાગરૂપે આ મેચમાં નહીં રમાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સાથે જ 19 નવેમ્બરથી શરૂ થનારી ભારત-ન્યૂઝીલેન્ડ ટેસ્ટ સિરીઝની પ્રથમ મેચમાં તેમના રમવા અંગે પણ સવાલો ઊભા થયા છે. ભારતીય ટીમ માટે આ મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે, કારણ કે ટેસ્ટ સિરીઝ પહેલાં પંતની મેચ ફિટનેસ ચકાસવાની તક હવે ઓછી થઈ ગઈ છે. ઋષભ પંતને ન્યૂઝીલેન્ડ-A સામેની પ્રથમ બે બિનસત્તાવાર ટેસ્ટ મેચમાં પણ રમવાની તક મળી નહોતી. ઈરાની કપ દરમિયાન તેમને સાઇડ સ્ટ્રેનની ઈજા થઈ હતી. ત્યારથી તેઓ ક્રિકેટના મેદાનથી દૂર છે.હવે ત્રીજી અને અંતિમ બિનસત્તાવાર ટેસ્ટ મેચમાંથી પણ તેમને બહાર રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભારતીય ટીમ મેનેજમેન્ટ કોઈ જોખમ લેવા માગતું નથી અને પંતને સંપૂર્ણ રીતે ફિટ થયા બાદ જ મેદાનમાં ઉતારવા માગે છે.ભારત માટે આ ઈજા એવા સમયે ચિંતાનો વિષય બની છે, જ્યારે ટીમે



ઝિમ્બાબ્વેનો 3-0થી સફાયો કરી અફઘાનિસ્તાને મારી બાજી

અફઘાનિસ્તાનના યુવા સ્પિનર નૂર અહમદે ઝિમ્બાબ્વે સામેની T20 સિરીઝમાં પોતાની બોલિંગથી ધમાલ મચાવી દીધી છે.1 નવેમ્બરે શારજાહમાં રમાયેલી સિરીઝની ત્રીજી અને અંતિમ T20 મેચમાં નૂરે એવી બોલિંગ કરી કે ઝિમ્બાબ્વેની બેટિંગ લાઇનઅપ ધરાશાયી થઈ ગઈ હતી. તેણે માત્ર 13 રન આપીને 5 વિકેટ ઝડપી હતી.આ સાથે નૂરે T20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પ્રથમ વખત 5 વિકેટ લેવાની સિદ્ધિ મેળવી હતી.ખાસ વાત એ છે કે નૂર અહમદ માત્ર એક પ્રતિભાશાળી ક્રિકેટર જ નથી,પરંતુ અભ્યાસમાં પણ ખૂબ હોશિયાર રહ્યો છે. તે 10મા ધોરણમાં પોતાની શાળામાં ટોપર હતો.એક સમયે તેના પિતા તેને ક્રિકેટ રમવાને બદલે અભ્યાસ પર ધ્યાન આપવા કહેતા હતા. જોકે, આજે તેમનો દીકરો આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાની ઓળખ બનાવી રહ્યો છે.

નૂર અહમદની ઘાતક બોલિંગ


અફઘાનિસ્તાન અને ઝિમ્બાબ્વે વચ્ચે 3 મેચની T20 સિરીઝ રમાઈ હતી. આ સિરીઝની છેલ્લી મેચમાં અફઘાનિસ્તાનના સ્પિનર નૂર અહમદે શાનદાર પ્રદર્શન કર્યું હતું.શારજાહમાં રમાયેલી આ મેચમાં ઝિમ્બાબ્વેની ટીમ પ્રથમ બેટિંગ કરવા ઉતરી હતી. જોકે, નૂર અહમદની સ્પિન બોલિંગ સામે ઝિમ્બાબ્વેના બેટ્સમેનો ટકી શક્યા નહોતા. આખી ટીમ માત્ર 14.3 ઓવરમાં 79 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. નૂરે પોતાની 3.3 ઓવરમાં માત્ર 13 રન આપીને 5 વિકેટ ઝડપી હતી. T20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં નૂરની આ પ્રથમ પાંચ વિકેટની સિદ્ધિ હતી.

નેટ્સમાં પ્રેક્ટિસ શરૂ કરી, પરંતુ વાપસીની તારીખ નક્કી નથી

ઋષભ પંતની ફિટનેસ અંગે મહત્વની માહિતી માહિતી સામે આવી છે.મિડિયા રિપોર્ટ અનુસાર પંતને સાવચેતીના ભાગરૂપે ન્યૂઝીલેન્ડ-A સામેની ત્રીજી મેચમાં પણ આરામ આપવામાં આવ્યો છે.જોકે, પંતે નેટ્સમાં સ્કિલ ટ્રેનિંગ શરૂ કરી દીધી છે. હાલ તેમને કોઈ પ્રકારનો દુખાવો પણ અનુભવાતો નથી. આમ છતાં, તેઓ સ્પર્ધાત્મક ક્રિકેટમાં ક્યારે વાપસી કરશે તે અંગે હજુ સુધી કોઈ ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવી નથી.પંત માટે ન્યૂઝીલેન્ડ-A સામેની આ મેચો ટેસ્ટ સિરીઝની તૈયારીના દૃષ્ટિકોણથી ખૂબ મહત્વની હતી. આ મેચોમાં રમવાથી તેમને લાંબા ફોર્મેટમાં પોતાની લય અને મેચ ફિટનેસ પાછી મેળવવાની તક મળી શકી હોત. પરંતુ સતત 3 મેચમાંથી બહાર રહેવાને કારણે હવે ટેસ્ટ સિરીઝ પહેલાં તેમની પાસે પ્રેક્ટિસ માટે ઓછો સમય બચ્યો છે.

જાપાનના બોડીબિલ્ડરનું 93 વર્ષે ફરી સ્પર્ધાનું લક્ષ્ય

જ્યારે મોટાભાગના લોકો 90 વર્ષની ઉંમરે આરામદાયક જીવન જીવવાનું પસંદ કરે છે, ત્યારે જાપાનના તોશિસુકે કાનાઝાવા આ ઉંમરે પણ બોડીબિલ્ડિંગના મંચ પર ઉતરીને દુનિયાને ચોંકાવી રહ્યા છે. 90 વર્ષીય કાનાઝાવા સ્પેનના સાન્ટા સુસાનામાં યોજાયેલી ઈન્ટરનેશનલ ફિટનેસ એન્ડ બોડીબિલ્ડિંગ ફેડરેશનની સ્પર્ધામાં ભાગ લેવા પહોંચ્યા હતા. તેમની સામેના ઘણા સ્પર્ધકો ઉંમરમાં તેમનાથી દાયકાઓ નાના હતા, છતાં તેમનો આત્મવિશ્વાસ અને રમત પ્રત્યેનો જુસ્સો જરાય ઓછો નહોતો. કાનાઝાવા ભલે આ સ્પર્ધામાં પોડિયમ ફિનિશ મેળવી શક્યા ન હોય, પરંતુ તેમની હાજરી અને સમર્પણે સૌનું ધ્યાન ખેંચ્યું છે. તેઓ માને છે કે ઉંમર માત્ર એક આંકડો છે અને મજબૂત ઇચ્છાશક્તિ હોય તો કોઈપણ ઉંમરે પોતાના લક્ષ્ય તરફ આગળ વધી શકાય છે. સ્પેનના કોસ્ટા ડેલ મારેસ્મે વિસ્તારમાં આવેલા સાન્ટા સુસાનામાં યોજાયેલી સ્પર્ધામાં કાનાઝાવાએ માસ્ટર્સ કેટેગરીમાં ભાગ લીધો હતો. આ કેટેગરીમાં 50 વર્ષ અને તેથી વધુ ઉંમરના ખેલાડીઓ ભાગ લેતા હતા. બેકસ્ટેજમાં પણ તેઓ યુવા સ્પર્ધકોની જેમ તૈયારી



બાંગ્લાદેશમાં કાપડ ઉદ્યોગના હજારો મજૂરો લઘુત્તમ વેતન બમણા કરવા માંગ સાથે રસ્તા પર

દુનિયાના બીજા સૌથી મોટા કાપડ નિકાસકાર દેશમાં હોબાળો

(એજન્સી) બાંગ્લાદેશ | તા.02

બાંગ્લાદેશમાં કાપડ ઉદ્યોગના મજૂરોએ પોતાનું લઘુત્તમ વેતન બમણા કરતાં પણ વધારવાની માંગ સાથે મોટું આંદોલન શરૂ કર્યું છે. સોમવારે હજારો મજૂરો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને મેઈન હાઈવે જામ કરી દીધો હતો, જ્યાં તેમની પોલીસ સાથે હિંસક અથડામણ થઈ હતી. ચીન પછી બાંગ્લાદેશ દુનિયામાં સૌથી વધુ કપડાં મોકલતો બીજો મોટો દેશ છે, જ્યાં વિશ્વની મોટી-મોટી બ્રાન્ડ્સના કપડાં બને છે. હાલ આ વિરોધ દેશના અલગ-અલગ ફેક્ટરી વિસ્તારોમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. રા સરકારે રવિવાર જ ગારમેન્ટ ઉદ્યોગમાં લઘુત્તમ વેતનની સમીક્ષા માટે એક 'વેતન બોર્ડ' બનાવવાની જાહેરાત કરી હતી. બાંગ્લાદેશ માટે આ ઉદ્યોગ ખૂબ મહત્ત્વનો છે કારણ કે લાખો લોકોને તે રોજગારી આપે છે અને દેશની મોટાભાગની નિકાસ કમાણી આ ક્ષેત્રમાંથી થાય છે. પરંતુ મજૂર નેતાઓનું કહેવું છે કે, 'માત્ર બોર્ડની રચનાથી અમારી સમસ્યાઓ ઉકેલાશે નહીં.' તેમણે સતત વધી રહેલી મોંઘવારી અને ઘરચલાવવાના ખર્ચનો હવાલો આપીને વિરોધ ચાલુ રાખ્યો છે. પ્ર પરિસ્થિતિ ગંભીર બનતાં વડાપ્રધાન તારિક રહેમાને કેબિનેટની કટોકટીની બેઠક બોલાવી હતી. બેઠક બાદ ગૃહમંત્રી સાલાહુદ્દીન અહમદે જણાવ્યું કે, વડાપ્રધાને મજૂરોના અધિકારો સુનિશ્ચિત કરવા અને તેમના જીવનધોરણમાં સુધારો લાવવાના નિર્દેશ આપ્યા છે. આ સાથે જ તેમણે સ્પષ્ટ કર્યું છે કે ઉત્પાદન અને નિકાસનું કામ અટકવું ન જોઈએ. સરકારે કાયદો અને વ્યવસ્થા જાળવતી એજન્સીઓને હિંસા, અરાજકતા અને અશાંતિ ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવા આદેશ આપ્યો છે. મજૂર સંગઠનો અને ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓએ પુષ્ટિ કરી છે કે ઢાકા અને તેની આસપાસના ઔદ્યોગિક વિસ્તારો જેવા કે સાવર, અશુલિયા, જિરાની અને ગાઝીપુરની ઓછામાં ઓછી 529 ફેક્ટરીઓના કર્મચારીઓ કામ છોડીને પ્રદર્શનમાં જોડાયા છે, જેના કારણે ઉત્પાદન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. દર્શન કરી રહેલા મજૂરો મહિને 30,000 ટકા (બાંગ્લાદેશી ચલણ)ના વેતનની માંગ કરી રહ્યા છે, જે તેમના હાલના વેતન કરતાં બમણાથી પણ વધુ છે. ભારતીય રૂપિયા પ્રમાણે આ રકમ અંદાજે 23,000 રૂપિયા થાય છે. 'બાંગ્લાદેશ સેન્ટર ફોર વર્કર્સ સોલિડારિટી'ના જણાવ્યા અનુસાર, 'હાલમાં અહીંના મજૂરોને દર મહિને માત્ર 13,000 ટકા આસપાસ જ વેતન મળે છે.' જ્યાની ઢાકાની ઉત્તરે આવેલા ગાઝીપુરમાં સેંકડો મજૂરોએ ઢાકા-તંગેલ હાઈવે જામ કરીને વાહનોમાં તોડફોડ કરી હતી.



આગચંપી અને હિંસાથી ફરી સળગ્યું ઢાકા



નેતન્યાહૂ સત્તા માટે વિપક્ષ સાથે હાથ મિલાવવા પણ તૈયાર

(એજન્સી) ઈઝરાયલ | તા.02

ઈઝરાયલમાં 27 ઓક્ટોબર 2026ના રોજ યોજાયેલી સંસદીય ચૂંટણીમાં કોઈ પણ પક્ષ કે જૂથને સ્પષ્ટ બહુમતી ન મળતાં દેશમાં ત્રિશંકુ સંસદની સ્થિતિ નિર્માણ પામી છે. કુલ 120 સભ્યો ધરાવતી ઈઝરાયલી સંસદ (નેસેટ) માં સરકાર રચવા માટે 61 બેઠકોની જરૂરિયાત છે, પરંતુ વર્તમાન વડાપ્રધાન બેંજામિન નેતન્યાહૂનું લિકુડ પ્રમુખપદ હેઠળનું જૂથ માત્ર 53 બેઠકો પર જ અટકી ગયું છે. જેમાં તેમની પોતાની લિકુડ પાર્ટીને 27 બેઠકો મળી છે. બીજી તરફ, ગાદી આઈઝનકોટના નેતૃત્વ હેઠળના વિપક્ષી જૂથને 48 બેઠકો (યશાર, ટુગેધર, ડેમોક્રેટ્સ, વાઈબી) મળી છે, જ્યારે ઐતિહાસિક સફળતા મેળવતાં અરબ પાર્ટીઓ (જોઈન્ટ લિસ્ટ 11 અને રઆમ 8) એ 19 બેઠકો પર વિજય મેળવીને કિંગમેકરની ભૂમિકા હાંસલ કરી છે.સત્તા ગુમાવવાની આશંકા વચ્ચે, નેતન્યાહૂએ સાર્વજનિક રીતે ભલે રાષ્ટ્રીય એકતા સરકારના વિચારને ફગાવ્યો હોય, પરંતુ લિકુડ પાર્ટીના આંતરિક સૂત્રો મુજબ તેઓ વિપક્ષી નેતા ગાદી આઈઝનકોટ સાથે ગઠબંધનના તમામ શક્ય વિકલ્પો પર ગંભીર વિચારણા કરી રહ્યા છે.નેતન્યાહૂને ભય સતાવી રહ્યો છે કે જો તેઓ પહેલ નહીં કરે તો આઈઝનકોટ તેમને સત્તા પરથી હટાવવા માટે 19 બેઠકો ધરાવતી અરબ પાર્ટીઓ અને અલ્ટ્રા-ઓર્થોડોક્સ પક્ષો સાથે હાથ મિલાવીને 67 બેઠકોનું નવું સમીકરણ બનાવી શકે છે.



ટ્રમ્પના દબાણને ફગાવી યુક્રેનનો રશિયા પર ભીષણ હુમલો

(એજન્સી) યુક્રેન | તા.02

યુક્રેને અમેરિકન દબાણને અવગણી રશિયાની ઓઈલ રિફાઈનરીઓ પર ડ્રોન હુમલા ફરી શરૂ કર્યા છે. નિઝની નોવગોરોડની 'ક્સ્ટોવો રિફાઈનરી' અને સમારાની 'રોસ્નેફ્ટ રિફાઈનરી'ને નિશાન બનાવી આગ ચાંપી દેવાઈ. રશિયન મીડિયા મુજબ, કિયેવ અમેરિકાની સૂચનાઓ અવગણી રહ્યું છે. ઝેલેન્સ્કીએ રશિયાના 54,400 સૈનિકોના નુકસાન અને 96.2 ચોરસ કિલોમીટર જમીન પાછી મેળવવાનો દાવો કર્યો. અમેરિકાની મિડટર્મ ચૂંટણીઓ અગાઉ યુક્રેને રશિયાની ઓઈલ રિફાઈનરીઓ પર ફરીથી ડ્રોન હુમલા શરૂ કરી દીધા છે. રશિયન મીડિયા રિપોર્ટ્સ મુજબ, યુક્રેને નિઝની નોવગોરોડની 'ક્સ્ટોવો રિફાઈનરી' અને સમારાની 'રોસ્નેફ્ટ રિફાઈનરી'ને નિશાન બનાવીને આગ ચાંપી દીધી હતી. આ હુમલાઓથી નારાજ ક્રેમલિને આક્ષેપ કર્યો છે કે કિયેવ (યુક્રેન) હવે અમેરિકાની સૂચનાઓ અને વિનંતીઓને સંપૂર્ણપણે નજરઅંદાજ કરી રહ્યું છે. અગાઉ અહેવાલો આવ્યા હતા કે યુક્રેન અમેરિકાના દબાણ સામે ઝૂકી ગયું છે અને રશિયન ઓઈલ રિફાઈનરીઓ પર હુમલા રોકવા સંમત થયું છે. જોકે, યુક્રેનના અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે તેમણે જેરેડ કુશ્નર (ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ)ની 30 દિવસ માટે હુમલા રોકવાની માંગણી ક્યારેય સ્વીકારી નહોતી. અમેરિકન પ્રમુખ ટ્રમ્પે વૈશ્વિક બળતણના ભાવ વધારા માટે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીને જવાબદાર ઠેરવ્યા હતા અને ગયા મહિને રશિયન ડીઝલ પરના પ્રતિબંધો પણ હટાવી લીધા હતા. યુક્રેન પ્રમુખ ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે, 'રશિયા દ્વારા યુક્રેનના શહેરી ઊર્જા મથકો પર થઈ રહેલા સતત મિસાઈલ અને ડ્રોન હુમલાઓનો જવાબ આપવો જરૂરી હતો. ઓક્ટોબર મહિનામાં રશિયાએ રેકોર્ડ 54,400 સૈનિકો (મૃત અને ઘવાયેલા) ગુમાવ્યા છે, જે યુદ્ધની શરૂઆતથી અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. વધુમાં, ગયા મહિને યુક્રેને રશિયાના કબજામાંથી 96.2 ચોરસ કિલોમીટર જમીન પાછી મેળવી છે.' રશિયાના કબજાવાળા ઓલેશ્કી શહેરમાં અમેરિકાના ફર્સ્ટ લેડી મિલેનિયા ટ્રમ્પની મધ્યસ્થતાથી થયેલો 6 દિવસનો યુદ્ધવિરામ રવિવારે રાત્રે પૂરો થયો છે. આ દરમિયાન સેંકડો નાગરિકો સુરક્ષિત રીતે પોતાના પરિવારને મળી શક્યા અને બંને પક્ષે તેને સફળ ગણાવ્યો.



ન્યૂઝ ટ્રેક

આરસમાંથી બનેલી ઈ.સ. 1717ની અનોખી મૂર્તિ 20 કરોડમાં વેચાઈ

વિયના | આરસમાંથી બનાવાયેલી એક મૂર્તિએ હરાજીમાં તમામ રેકોર્ડ તોડ્યા હતા, ઘુંઘટ ઓઢેલી એક મહિલાની આ મૂર્તિ અધધ ૨૦ કરોડ રૂપિયામાં વેચાઈ હતી. જે એક વિશ્વરેકોર્ડ છે. આ મૂર્તિની હરાજી ઓસ્ટ્રિયાની રાજધાની વિયેનામાં કરવામાં આવી હતી. મૂર્તિની સૌથી મોટી ખાસિયત એ છે કે તેને એવી રીતે તૈયાર કરવામાં આવી છે કે જોનારાને ખરેખર કોઈ સ્ત્રીના ચહેરા પર પડદો હોય તેવો અહેસાસ કરાવે છે. આ મૂર્તિને ઈટાલિયન એન્ટોનીઓ કોરાડિનીએ તૈયાર કરી છે. આયોજકોએ જણાવ્યું હતું કે એક વ્યક્તિએ ફોન પર બોલી લગાવીને આ હરાજી જીતી હતી, ૬૦ સેંટીમીટર ઉંચી આ મૂર્તિમાં જે સ્ત્રીને દેખાડવામાં આવી છે તે એકદમ શાંત અવસ્થામાં છે. આરસમાંથી મહિલાના ચહેરા પરનો પડદો કેવી રીતે બનાવ્યો હશે તે સવાલ જરૂર થાય.

ઈઝરાયલમાં ચૂંટણી પરિણામો પર વિવાદ ચાલુ

ઈઝરાયલ | ઈઝરાયલી ચૂંટણી પંચે ચૂંટણી પરિણામો પર નિવેદન બહાર પાડ્યું હતું. કમિશનના વડા નોઆમ સોલબર્ગે જણાવ્યું હતું કે, ચૂંટણીમાં વિદેશી હસ્તક્ષેપના આરોપો સાચા સાબિત થાય તો પણ ચૂંટણી પરિણામો બદલાશે નહીં. સમગ્ર ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા પર પ્રશ્ન ઉઠાવવામાં આવશે નહીં. સોલબર્ગે ઈઝરાયલની આંતરિક સુરક્ષા એજન્સીના વડા શિન બેટ અને એટર્ની જનરલ સાથે આ નિવેદન આપ્યું હતું. ઈઝરાયલી પોલીસે રવિવારે મતદાન શરૂ થાય તે પહેલાં ધરપકડ કરાયેલા ત્રણ રાજકીય કાર્યકરોમાંથી બેને મુક્ત કર્યા.

અમેરિકાની રાજનીતિમાં ભારતીય દીકરીનો ડંકો

અમેરિકા | યુએસ રાજ્ય જ્યોર્જિયામાં ફોર્સીથ કાઉન્ટી, જાતિવાદ અને હિંસાના ઈતિહાસમાં ઊંડે સુધી મૂળ ધરાવે છે. યુએસ 3 નવેમ્બરના રોજ મધ્યવર્તી ચૂંટણીઓ યોજી રહ્યું છે. આ ઐતિહાસિક પગલામાં, ભારતીય મૂળની મહિલા શુચિતા પટેલ, ડેમોક્રેટિક પાર્ટી વતી સ્થાનિક કાઉન્ટી કમિશનરની ચૂંટણી લડી રહી છે. તેણીનો સામનો એક શક્તિશાળી રિપબ્લિકન નેતા સાથે થાય છે જે છેલ્લા 16 વર્ષથી બિનહરીફ ચૂંટણી જીતી રહ્યા છે અને જે લોકોને ગુંડાગીરી કરવામાં કોઈ કસર છોડતા નથી. શુચિતા પટેલ, ઉત્તર જ્યોર્જિયાના વતની, ડેટ્રોઇટ, અમેરિકામાં જન્મી હતી. તે 1993માં ઉત્તર જ્યોર્જિયા ગઈ હતી અને ત્યારથી અહીં સ્થાયી થઈ છે. તેણીએ પોતાનું શિક્ષણ મેળવ્યું, પોતાની કારકિર્દી બનાવી અને ત્યાં તેના ત્રણ બાળકોનો ઉછેર કર્યો.

મિસાઈલની જેમ રોડ પર વિમાન ક્રેશ



(એજન્સી) ફ્લોરિડા | તા.02

અમેરિકાના ફ્લોરિડા રાજ્યમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને ગંભીર અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. ફ્લોરિડામાં રવિવારે એક પ્રાઇવેટ બિઝનેસ જેટ વિમાન અચાનક અનિયંત્રિત થઈને મિસાઈલની માફક સીધું જમીન પર તૂટી પડ્યું હતું. આ ભયાનક દુર્ઘટનામાં વિમાનમાં સવાર તમામ 9 લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. અમેરિકાના પરિવહન મંત્રી શૉન ડફીએ આ દુર્ઘટનાની પુષ્ટિ કરી છે. આ દુર્ઘટના પ્રમુખ ટ્રમ્પના પેલેસથી લગભગ 11 કિ.મી.ના અંતરે જ સર્જાઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, 'લિયરજેટ 60' (Learjet 60) નામનું આ પ્રાઇવેટ બિઝનેસ જેટ ટેક્સાસના ઓસ્ટિન-બર્ગસ્ટ્રોમ ઇન્ટરનેશનલ એરપોર્ટથી બહામાસ માટે રવાના થયું હતું. ઓસ્ટિન એરપોર્ટના પ્રવક્તા જિમ રેનોલ્ડ્સે આ દુર્ઘટનાને એક મોટી ત્રાસદી ગણાવી છે. આ વિમાનનો ટેલ નંબર N722BD હતો.દુર્ઘટના પહેલાં એર ટ્રાફિક કંટ્રોલ સાથેની રેડિયો વાતચીતમાં પાઈલટે જણાવ્યું હતું કે વિમાન પર બરફ જામી રહ્યો છે, બહારનું તાપમાન -47 ડિગ્રી સેલ્સિયસ છે અને મધ્યમ સ્તરનું ટર્બુલેન્સ છે. જો કે, થોડી જ ક્ષણોમાં પરિસ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ અને પાયલટે કટોકટી જાહેર કરતાં કહ્યું કે વિમાન 20000 થી 22000 ફૂટ પ્રતિ મિનિટની અત્યંત ઝડપે નીચે જઈ રહ્યું છે અને ઓવરસ્પીડની સ્થિતિ છે. બેકગ્રાઉન્ડમાં એલાર્મના અવાજો વચ્ચે ક્રૂ વિમાન પર કાબૂ મેળવવાનો આખરી પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે કંટ્રોલરે હિંમત આપતા કહ્યું કે 'હું તમારી સાથે છું, વાત કરો.' પરંતુ પરિસ્થિતિ વણસતાં કોકપિટમાંથી ભય અને ઘબરાહટનો અવાજ આવ્યો કે, 'બહાર જુઓ હે ભગવાન, હવે અમારી પાસે સમય નથી બચ્યો!' અને આ અંતિમ ચીસ સાથે જ ટ્રાન્સમિશન હંમેશા માટે બંધ થઈ ગયું.

ગેલેફુ માઇન્ડફુલનેસ સિટીમાં 108 સ્તૂપોની સ્થાપના

ભૂટાન | દક્ષિણ એશિયામાં ભારત અને ભૂટાન વચ્ચેના ઐતિહાસિક અને ગાઢ સંબંધોને વધુ એક સુવર્ણ સ્થાન પ્રાપ્ત થયું છે. ભૂટાનના ગેલેફુ માઇન્ડફુલનેસ સિટી (GMC) ખાતે એક અત્યંત અદ્ભુત, પવિત્ર અને આધ્યાત્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન માત્ર 9 કલાકના ટૂંકા સમયગાળામાં ૧૦૮ બૌદ્ધ સ્તૂપો (ઝાંગચુપ ચોર્ટેન)નું નિર્માણ અને પવિત્રીકરણ કરીને એક નવો જ ઇતિહાસ રચવામાં આવ્યો છે. આ 108 સ્તૂપોમાંથી 76મા નંબરનો સ્તૂપ ભારત અને ભૂટાન વચ્ચેની અતૂટ મિત્રતા અને સહયોગના પ્રતિકરૂપે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખાસ સમર્પિત કરવામાં આવ્યો છે. આ પવિત્ર સમારોહ 1 નવેમ્બરે સવારથી શરૂ થઈને બપોરે 12.00 વાગ્યા સુધી સતત ચાલ્યો હતો. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા અને ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુ ભૂટાન ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ભૂટાનના રાજા જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુક અને દેશના મુખ્ય મઠાધિપતિ સાથે મળીને PM મોદીને સમર્પિત સ્તૂપની વિશેષ તકતીનું અનાવરણ કર્યું હતું. ગેલેફુ માઇન્ડફુલનેસ સિટી એ ભૂટાનના રાજા જિગ્મે ખેસરનું એક અનોખું અને દૂરદેશી વિઝન છે. તેઓ પ્રાચીન ભૂટાની સંસ્કૃતિ, પરંપરા અને બૌદ્ધ મૂલ્યો સાથે આધુનિક ટેકનોલોજી અને શાંતિપૂર્ણ શહેરી જીવનનો સુમેળ સાધીને એક ભવ્ય શહેરનું નિર્માણ કરી રહ્યા છે.

ક્વાડ દેશોના વિદેશ પ્રધાનોએ એટલાન્ટામાં મહત્વપૂર્ણ બેઠક યોજી

(એજન્સી) જ્યોર્જિયા | તા.02

મુક્ત, ખુલ્લા અને સુરક્ષિત ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર તરફ એક મોટું પગલું ભરતા, ભારત, યુનાઇટેડ સ્ટેટ્સ, ઓસ્ટ્રેલિયા અને જાપાન સહિત ક્વાડ દેશોના વિદેશ પ્રધાનોએ



એટલાન્ટા, જ્યોર્જિયામાં એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. 31 ઓક્ટોબરના રોજ એટલાન્ટા, જ્યોર્જિયામાં યોજાયેલી આ ઉચ્ચ-સ્તરીય બેઠકમાં આર્થિક સુરક્ષા, દરિયાઈ સુરક્ષા, સપ્લાય ચેઈનને મજબૂત બનાવવા અને ભવિષ્યની ટેકનોલોજી પર વ્યૂહાત્મક સહયોગ અંગે ઘણી મહત્વપૂર્ણ જાહેરાતો કરવામાં આવી હતી. મીટિંગના મુખ્ય મુદ્દાઓમાંની એક ઉભરતી ટેકનોલોજીઓ પ્રત્યે પરસ્પર પ્રતિબદ્ધતા હતી. ક્વાડ દેશોએ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સુપર-ઈન્ટેલિજન્સ (SI) અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના વિકાસ, સંશોધન અને સુલભતાને પ્રોત્સાહન આપવા માટે $85 મિલિયનથી વધુ તકનીકી અને નાણાકીય સહાય પૂરી પાડવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે. ઓનલાઇન અને સાયબર છેતરપિંડીના વધતા નેટવર્ક પર ચિંતા વ્યક્ત કરી. માનવ તસ્કરી અને બળજબરીથી સાયબર છેતરપિંડીમાં સામેલ આંતરરાષ્ટ્રીય ગુનાહિત ગેંગ સામે પગલાં લેવા અને જવાબદારી સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ. ઓગસ્ટના પૂરમાં જીવ ગુમાવનારાઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. નેપાળમાં રાહત અને બચાવ કામગીરીમાં ભારતની અગ્રણી ભૂમિકાની પ્રશંસા કરી.ક્રિટિકલ મિનરલ્સ સપ્લાય ચેઈન: ઈલેક્ટ્રોનિક કચરામાંથી ક્રિટિકલ મિનરલ્સની પુનઃપ્રાપ્તિ અને રિસાયક્લિંગને પ્રોત્સાહન આપવા માટે સંમતિ. યુનાઈટેડ સ્ટેટ્સ ભારત અને આસિયાન દેશોમાં આ કાર્ય માટે $10 મિલિયન આપશે. ઉર્જા સુરક્ષા: સપ્ટેમ્બરમાં પ્રથમ ક્વાડ ફ્યુઅલ સિક્યુરિટી ફોરમ બોલાવ્યું. વ્યૂહાત્મક પેટ્રોલિયમ ભંડારને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી. ફીજીમાં બંદર વિકાસ: સુવા, લૌટોકા અને રોકોબિલી બંદરોના આધુનિકીકરણમાં સહયોગ. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષમતા: ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં અત્યાર સુધીમાં 2,000 થી વધુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેલોશિપ આપવામાં આવી છે.

જર્મની-પોર્ટુગલમાં હજારો લોકો રસ્તા પર

ફ્રાન્સમાં મોંઘવારી અને શિક્ષણ મુદ્દે સતત ત્રીજા વીકએન્ડમાં દેખાવો થયા. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓની પ્રેરણાથી લાખો દેખાવકારો રસ્તા પર ઉતર્યા. પેરિસ સહિત અન્ય શહેરોમાં દેખાવો શાંતિપૂર્ણ રહ્યા, પરંતુ અંતમાં ટિયર ગેસ છોડાયો. ફ્રાન્સ સરકારે 3,20,000 લોકોના દેખાવોમાં ભાગ લીધાનો અંદાજ લગાવ્યો. જર્મની અને પોર્ટુગલમાં પણ યુવાનોએ મોંઘવારી અને રહેણાંક સમસ્યા મુદ્દે દેખાવો કર્યા.



અમેરિકાના ડલાસમાં ગોળીબારની ત્રણ ઘટનામાં ચાર લોકોનાં મોત



(એજન્સી) વોશિંગ્ટન | તા.02

અમેરિકામાં હેલોવીનની ઊજવણી લોહીયાળ બની હતી. ડલાસમાં ગોળીબારની અલગ અલગ ઘટનાઓમાં ચાર લોકોનાં મોત નીપજ્યાં હતા અને ૧૫થી વધુ ઘાયલ થયા હતા. બીજીબાજુ હેલોવીન વીકએન્ડમાં ટીનેજર્સ દ્વારા હિંસાની વધતી ઘટનાઓને રોકવા અનેક શહેરોમાં ટીનેજર્સ માટે કરફ્યૂ જાહેર કરાયો હતો. દરમિયાન અમેરિકામાં હેલોવીન વીકએન્ડ પર સમગ્ર દેશમાં હિંસાની અનેક ઘટનાઓ બની હતી. ડલાસમાં પોલીસ વડા ડેનિયલ કોમેક્સે જણાવ્યું કે, ગોળીબારની ત્રણ અલગ અલગ ઘટનાઓમાં ચાર લોકોનાં મોત થયા છે અને ૧૫ને ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડાયા છે. ગોળીબાર શા માટે થયા તે તાત્કાલિક જાણી શકાયું નથી. પોલીસ ડીપ ઈલ્યુમ નેબરહુડની ઘટનાઓમાં કોઈ સંબંધ છે કે નહીં તેની તપાસ કરી રહી છે. આ ઘટનાઓમાં કેટલાક લોકોની ધરપકડ કરાઈ છે, પરંતુ તેમણે તેની વિગતો આપવાનો ઈનકાર કર્યો હતો. આ સિવાય અલાબામાના બર્મિંગહામમાં લિજન ફિલ્ડ બહાર મેજિક સિટી ક્લાસિક ફૂટબોલ મેચ પછી એક સામૂહિક ગોળીબારમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું અને અન્ય આઠને ઈજા પહોંચી હતી તેમ પોલીસે જણાવ્યું હતું.દરમિયાન અમેરિકામાં છેલ્લા કેટલાક સમયથી હેલોવીન વીકએન્ડમાં ટીનેજર્સ દ્વારા અચાનક જ મોટાપાયે રસ્તા પર ઉતરીને ઊજવણી કરવાનું તેમજ આ સમયે હિંસા ફાટી નીકળવાનું પ્રમાણ વધી રહ્યું છે. આથી ન્યૂ જર્સીથી લઈને એટલાન્ટા સુધી અનેક શહેરોમાં ટીનેજર્સ માટે કરફ્યૂ જાહેર કરાયો છે.

રામ લીલા મેદાન લોકશાહીની હલ્દી ઘાટી બની ગયું છે : અખિલેશ

વોટચોરોને દેશ છોડીને ભાગવા નહીં દઈએ : રાહુલ

(એજન્સી) નવી દિલ્હી | તા.02

રવિવારે દિલ્હીના રામલીલા મેદાનમાં ઈન્ડિયા ગઠબંધન દ્વારા મહારેલી યોજવામાં આવી હતી, જેમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા હતા, રાહુલે દાવો કર્યો હતો કે વોટ ચોરી કરનારાઓને દેશ છોડીને ભાગવા નહીં દઈએ, જ્ઞાનેશ કુમારને જેલમાં ધકેલીશું. લોકશાહી અને બંધારણને બચાવવું અમારી પ્રાથમિકતા છે. આ મહારેલીમાં ઈન્ડિયા ગઠબંધન સાથે જોડાયેલા તમામ પક્ષોના નેતાઓ હાજર રહ્યા હતા. દિલ્હીના કનોટ પ્લેસથી રામ લીલા મેદાન સુધી રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે, અખિલેશ યાદવ, તેજસ્વી યાદવ વગેરે નેતાઓ ખુલ્લા વાહનમાં પહોંચ્યા હતા, તેમની સાથે અનેક લોકો પગપાળા કે વાહનોમાં રામ લીલા મેદાનમાં પહોંચ્યા હતા. એક દિવસ અગાઉ વરસાદને પગલે રામ લીલા મેદાનમાં કીચડની પરિસ્થિતિ વચ્ચે પણ અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતા. હજારોની મેદનીને સંબોધતા લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સપાના અખિલેશ, આરજેડીના તેજસ્વી, ડાબેરી પક્ષના દિપાંકર ભટ્ટાચાર્ય તેમજ ફારુક અબ્દુલ્લા, મેહબુબા મુફ્તી, મમતા બેનરજી અને જેન-ઝી આંદોલનમાં ચર્ચામાં આવેલ નેહા બોરાએ લોકોને સંબોધ્યા હતા.રાહુલ ગાંધીએ વોટચોરી, ૧૩ કરોડ મતદારોના યાદીમાંથી નામો હટાવવા સહિતના મુદ્દે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર આકરા પ્રહારો કર્યા હતા, જ્યારે આ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રીને પણ જવાબદાર ઠેરવ્યા હતા. લોકોને સંબોધતા રાહુલે કહ્યું હતું કે તમે દૂર દૂરથી ચાલીને અહીંયા (દિલ્હી) આવ્યા, તમે અહીંયા આવીને નરેન્દ્ર મોદી, અમિત શાહ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને સ્પષ્ટ સંદેશો આપી દીધો છે. કોઈ એક નેતા, એક રાજકીય પક્ષનો અવાજ નથી પરંતુ આ તો ભારતના યુવાનો, ખેડૂતો અને મજૂરોનો સંયુક્ત અવાજ છે.કોંગ્રેસ નેતાએ કહ્યું હતું કે મધ્ય પ્રદેશ, હરિયાણા, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, કર્ણાટક, પશ્ચિમ બંગાળ, બિહારમાં તો વોટ ચોરી થઇ જ છે, ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં પણ વોટ ચોરી થઇ હતી. દર ૭માંથી ૧ મતદારને યાદીમાંથી હટાવવામાં આવ્યો, આ કોઇ નાની મોટી ચોરી નથી, દેશના દરેક નાગરિકનો અવાજ અને લોકશાહીમાં મળતા અધિકારોની ચોરી છે. આ ચોરીને રેરેસ્ટ ઓફ દ રેર ગુનો અને દેશદ્રોહ માનવો જોઇએ, જ્ઞાનેશ કુમાર વગર મોદી વડાપ્રધાન ના બની શક્યા હોત. સત્તાધારી પક્ષને ચેતવણી આપતા રાહુલે કહ્યું હતું કે ભાજપના નેતાઓ કહે છે કે નરેન્દ્ર મોદી ક્યાય નથી જઇ રહ્યા, હું તમને જણાવવા માગું છું કે તેઓ ક્યાંય જઇ પણ નહીં શકે. જવા માગશે તો પણ નહીં જવા દઇએ, જ્ઞાનેશ કુમારે જેલ જવાનું છે જે બાદ નરેન્દ્ર મોદીનો વારો છે, તમારી સામે કાયદેસરની કાર્યવાહી થશે. અમારે એવો દેશ નથી જોઇતો કે જ્યાં એક અબજોપતિ બધા પર કબજો જમાવી રાખે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઝૂંટવી લે, અમારે શિવજીની જાન જેવો દેશ જોઇએ છે કે જેમાં કોઇ પણ સામેલ થઇ શકે. અમે અહિંસામાં માનીએ છીએ, અમે કોઇને નફરત નથી કરતા.

જ્યારે સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે કહ્યું હતું કે ઉત્તર પ્રદેશમાંથી ભાજપને એવી વિદાય આપીશું કે પછી ક્યારેય વાપસી નહીં કરી શકે, રામ લીલા મેદાનની સરખામણી કરતા અખિલેશે કહ્યું હતું કે રામ લીલા મેદાન લોકશાહીની હલ્દી ઘાટી બની ગયું છે. આરજેડીના નેતા તેજસ્વી યાદવે કહ્યું હતું કે જ્ઞાનેશ કુમાર મોદીના પપેટ છે, રામ લીલા મેદાન નવું કુરુક્ષેત્ર છે, રામ લીલા મેદાનમાં વોટ ચોરો સામે મહાભારત શરૂ કર્યું છે. ડાબેરી પક્ષના નેતા દિપાંકર ભટ્ટાચાર્યએ કહ્યું હતું કે એસઆઈઆર એ મતદારોના અધિકારો પર સર્જિકલ સ્ટ્રાઇક છે, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે મોદી હટાવો લોકતંત્ર બચાવો.

રેલીમાં 10 લાખ લોકો આવશે તેવો કોંગ્રેસનો દાવો પોકળ : ભાજપ



નવી દિલ્હી : રામ લીલા મેદાનમાં રેલીમાં 10 લાખ લોકો આવશે તેવા દાવાનો જવાબ આપતા ભાજપે ઈન્ડિયા ગઠબંધન પર ટોણો માર્યો હતો. ભાજપના નેતા સંબિત પાત્રાએ કહ્યું હતું કે રામ લીલા મેદાન 10થી 12 એકરમાં ફેલાયેલું છે, મેદાનનો 40 ટકા હિસ્સો તો ખાલી જોવા મળ્યો, રામ લીલા મેદાનમાં આશરે 28 હજાર ખુરશીઓ લગાવવામાં આવી હતી જેમાંથી પાંચથી સાત હજાર ખુરશીઓ તો ખાલી જોવા મળી હતી. 10 લાખ લોકો ક્યાં હતા તે અમને જણાવો તેવો સવાલ સંબિત પાત્રાએ કોંગ્રેસને કર્યો હતો. કોંગ્રેસ ટ્રિક ફોટોગ્રાફી દ્વારા રેલીમાં ભારે ભીડ દેખાડવાનો પ્રયાસ કરી રહી છે. ભાજપ અધ્યક્ષ નિતિન નવીને કહ્યું હતું કે વિપક્ષના હારેલા લોકો પોતાની નિરાશા અને હતાશામાં દેશમાં અરાજકતા ફેલાવવા માગે છે.

ચૂંટણીમાં જીતના 72 કલાકમાં ખેલ! અપક્ષ MLC ભાજપમાં જોડાઈ ગયા, વિપક્ષ લાલઘૂમ

(એજન્સી) નવી દિલ્હી | તા.02

બિહારમાં રાજકીય ગરમાવો જોવા મળ્યો છે. વિધાન પરિષદની ચૂંટણી જીત્યા બાદ, અપક્ષ MLC બંશીધર બ્રજવાસી અને રાહુલ રાજે ભાજપમાં જોડાવાની જાહેરાત કરી. આ ઘટના બાદ વિપક્ષે બંધારણની 10મી અનુસૂચિના ઉલ્લંઘનનો આરોપ લગાવ્યો. RJD અને જન સુરાજ પાર્ટીએ કાનૂની લડાઈ લડવાની અને કોર્ટમાં જવાની ચીમકી ઉચ્ચારી છે. તેજસ્વી યાદવે ભાજપ પર બંધારણની મજાક ઉડાવવાનો આરોપ લગાવ્યો. બિહાર વિધાન પરિષદની ચૂંટણી જીત્યાના થોડા જ દિવસો બાદ, અપક્ષ MLC બંશીધર બ્રજવાસી અને રાહુલ રાજે ગત શનિવારે ભારતીય જનતા પાર્ટી (BJP)માં જોડાઈ જવાની જાહેરાત કરી હતી. આ ઘટનાક્રમ બાદ બિહારનું રાજકારણ ગરમાયું છે અને વિપક્ષી પક્ષોએ ભાજપ પર આકરા પ્રહારો શરૂ કરી દીધા છે.બિહારમાં વિધાન પરિષદની ચૂંટણીના પરિણામો પછી મોટો રાજકીય વિવાદ પેદા થયો છે. શનિવારે તિરુહત સ્નાતક બેઠક જીતનાર બંશીધર બ્રજવાસી અને સારણ શિક્ષક બેઠક જીતનાર રાહુલ રાજે, જેઓ અપક્ષ ઉમેદવાર તરીકે જીત્યા હતા–તેઓએ ભાજપ કાર્યાલયમાં જઈને પાર્ટીની સદસ્યતા સ્વીકારી લીધી હતી. આ બંને નેતાઓએ ભાજપની સદસ્યતાની પર્ચીઓ હાથમાં પકડીને ફોટા પણ પડાવ્યા હતા, જેના કારણે બિહારનું રાજકારણ ગરમાઈ ગયું છે.

News Brief

બાબા બાગેશ્વરે ભગવાન શ્રીકૃષ્ણની મજાક ઉડાવતા હોબાળો, VIDEO વાઈરલ, કથા બહિષ્કારની માગ



(એજન્સી) નવી દિલ્હી | તા.02

બાબા બાગેશ્વરે ભગવાન શ્રીકૃષ્ણની મજાક ઉડાવતા હોબાળો, VIDEO વાઈરલ, કથા બહિષ્કારની માગ બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી દ્વારા ભગવાન શ્રી કૃષ્ણને લઈને આપવામાં આવેલું વિવાદિત નિવેદન સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં નવો વિવાદ સર્જાયો છે. કરૈરામાં કથા દરમિયાન તેમણે ભગવાન રામ અને ભગવાન કૃષ્ણની સરખામણી કરી હતી. આ સરખામણી કરતી વખતે તેમણે જે ભાષા અને શબ્દોનો ઉપયોગ કર્યો હતો, તેને લઈને સનાતનીઓ અને યાદવ સમાજમાં ભારે વિરોધ જોવા મળી રહ્યો છે. વિવાદ વધતાં આઝાદ સમાજ પાર્ટીના નેતા દામોદર યાદવે ધીરેન્દ્ર શાસ્ત્રી સામે નિવેદન આપીને તેમની કથાઓનો બહિષ્કાર કરવાની હાકલ કરી છે. કથા દરમિયાન ધીરેન્દ્ર શાસ્ત્રીએ હસતાં હસતાં કહ્યું હતું કે, 'તમે તમારાવાળા ઠાકુરજીનો (ભગવાન કૃષ્ણની) કોઈપણ ફોટો જોઈ લો, તેઓ ઊભા રહે છે તો પણ ત્રણ જગ્યાએથી વાંકા હોય છે.' તેમણે પોતે ડોક ત્રાંસી કરીને અભિનય કરતા કહ્યું કે, 'પગ પર પગ, કમર લચકાવીને અને ડોક ત્રાંસી કરીને વાંસળી વગાડી રહ્યા છે. જ્યારે અમારાવાળા (ભગવાન રામ) ઊભા પણ સીધા રહે છે, તેમનું નામ પણ સીધું છે, ચાલ પણ સીધી છે અને દેખાય છે પણ સીધા.' આ ઉપરાંત તેમણે વૃંદાવન ધામને પણ ત્રાંસું ગણાવ્યું હોવાનો આક્ષેપ છે.બાગેશ્વર બાબાનો વિવાદિત વીડિયો વાઈરલ થતાં જ દામોદર યાદવે તેનો સખત વિરોધ કર્યો છે. તેમણે તમામ સનાતનીઓ અને યાદવ સમાજને ધીરેન્દ્ર શાસ્ત્રીની કથાઓનો બહિષ્કાર કરવા અને રાજ્યભરમાં તેમનાં પૂતળાં દહન કરવા હાકલ કરી છે. આટલું જ નહીં, તેમણે આકરી ચેતવણી આપતાં એવું પણ કહ્યું કે, 'જો જરૂર પડશે તો ધીરેન્દ્ર શાસ્ત્રીને હું મારી રીતે સુધારી લઈશ.' દામોદર યાદવે ધીરેન્દ્ર શાસ્ત્રીની સનાતન એકતા યાત્રા અને કથાઓ સામે પણ સવાલો ઉઠાવ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે, 'ધીરેન્દ્ર શાસ્ત્રીની સનાતન એકતા યાત્રા અને કથાઓ ફ્લોપ થઈ રહી છે, જેના કારણે તેઓ હતાશામાં (ફ્રસ્ટ્રેશનમાં) આવીને આવાં ઉલટાં-સુલટાં નિવેદનો આપી રહ્યા છે. જો તેમને મીડિયામાં ચર્ચામાં રહેવાનો શોખ હોય તો તેમણે કોઈ સારા અને યોગ્ય કામ કરવા જોઈએ.'

મધ્યપ્રદેશમાં ચોંકાવનારી ઘટના, દારૂ લઈ જતી ટ્રકે પોલીસ અધિકારીને કચડ્યાં, ડ્રાઈવર ફરાર

(એજન્સી) નવી દિલ્હી | તા.02

મધ્ય પ્રદેશના દેવાસમાં દારૂ તસ્કરી રોકવા ગયેલા ખાતેગાંવ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ દિલીપ કુમાર પૂરીનું ટ્રકની અડફેટે મોત થયું છે. રવિવારે મોડી રાત્રે ઈન્દોર-બૈતૂલ હાઈવે પર ગેરકાયદેસર દારૂની હેરાફેરીની બાતમી મળતા તેઓ ટીમ સાથે ચેકિંગ કરી રહ્યા હતા. ત્યારે ટ્રક ચાલકે રોકવાને બદલે સ્પીડ વધારી દેતા પાછળનું પૈડું પોલીસ અધિકારી પર ફરી વળ્યું. ગંભીર રીતે ઘાયલ દિલીપ કુમારને હોસ્પિટલ ખસેડાયા, પણ બચાવી શકાયા નહીં. મધ્ય પ્રદેશના દેવાસ જિલ્લામાં ગેરકાયદેસર દારૂની તસ્કરી રોકવા ગયેલા ખાતેગાંવ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ દિલીપ કુમાર પૂરીનું મોત થયું છે. રવિવારે મોડી રાત્રે આશરે 1:30 વાગ્યે ગેરકાયદે દારૂની હેરાફેરી થવાની બાતમી મળ્યા બાદ તેઓ પોતાની ટીમ સાથે ઈન્દોર-બૈતૂલ હાઈવે પર ચેકિંગ કરી રહ્યા હતા. આ દરમિયાન દારૂથી ભરેલા એક ટ્રક ચાલકે ટ્રક રોકવાને બદલે સ્પીડ વધારી દીધી હતી, જેના કારણે વાહનની પાછળનું પૈડું પોલીસ અધિકારી પર ફરી વળ્યું હતું. ગંભીર રીતે ઘવાયેલા પોલીસ અધિકારીને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા, પરંતુ તેમને બચાવી શકાયા નહોતા. મળતી માહિતી મુજબ, ખાતેગાંવના પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ દિલીપ કુમાર પૂરીને વિસ્તારમાં ગેરકાયદેસર દારૂની તસ્કરીની ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે તેઓ પોલીસ ટીમ સાથે હાઈવે પર વાહનોનું ચેકિંગ કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે એક ટ્રકને અટકાવી અને ડ્રાઈવરને નીચે ઊતરવા કહ્યું હતું. જોકે, ડ્રાઈવરે નીચે ઊતરવાના બદલે ટ્રકને ડિવાઈડર પર ચડાવીને આગળ વધારવાની કોશિશ કરી હતી. આ દરમિયાન જ વાહનનું પાછળનું ટાયર દિલીપ કુમાર પૂરી પર ફરી વળતાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘટના બનતા જ સાથે રહેલા પોલીસકર્મીઓ તેમને તાત્કાલિક ખાતેગાંવની એક ખાનગી હોસ્પિટલ લઈ ગયા હતા. ત્યાં તબીબોએ તેમને બચાવવા માટે લાંબા સમય સુધી CPR આપ્યો હતો, પરંતુ તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા અને તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. અકસ્માત બાદ આરોપી ચાલક વાહનને સંદલપુરમાં છોડીને નાસી છૂટ્યો હતો અને પોલીસ હાલ તેની શોધખોળ કરી રહી છે.

શ્રી વિવેક ખરેએ નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વેના જનરલ મેનેજર તરીકેનો ચાર્જ સંભાળ્યો

માલીગાંવ | 1989 બેચના IRSME અધિકારી શ્રી વિવેક ખરેએ 1 નવેમ્બર, 2026 ના રોજ નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વેના નવા જનરલ મેનેજર તરીકેનો ચાર્જ સંભાળ્યો. જનરલ મેનેજર તરીકે, તેઓ નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વેના એકંદર એક્ઝિક્યુટિવ હેડ રહેશે. ભારતીય રેલ્વેના 18 ભૌગોલિક ઝોનમાંથી, આ સૌથી મોટું અને સૌથી પડકારજનક ઝોન છે, જે 10 રાજ્યો અને 36 લોકસભા મતવિસ્તારોમાં ફેલાયેલું છે. તેમાં આસામ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, અરુણાચલ પ્રદેશ, મેઘાલય, સિક્કિમ, તેમજ પશ્ચિમ બંગાળ અને બિહારના ભાગોનો સમાવેશ થાય છે.દેશના વિવિધ રાજ્યો અને ઝોનમાં રેલ્વે કામગીરી, જાળવણી, કાર્યક્ષમતા સુધારણા અને આધુનિકીકરણમાં ત્રણ દાયકાથી વધુનો અનુભવ ધરાવતા, તેમની કુશળતા નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે માટે અત્યંત ફાયદાકારક રહેશે. જનરલ મેનેજર તરીકેનો ચાર્જ સંભાળતા પહેલા, તેમણે રાયબરેલીમાં મોર્ડન કોચ ફેક્ટરી (MCF) ખાતે પ્રિન્સિપલ ચીફ મિકેનિકલ એન્જિનિયરનું પદ સંભાળ્યું હતું. આ પહેલા, માર્ચ 2026 દરમિયાન, શ્રી વિવેક ખરેએ MCF, રાયબરેલી ખાતે થોડા સમય માટે વધારાના જનરલ મેનેજર તરીકે પણ સેવા આપી હતી.શ્રી ખરે ભારતીય રેલ્વેના વિવિધ ક્ષેત્રોમાં તેમની ટેકનિકલ કુશળતા અને ઉત્તમ વ્યવસ્થાપન કૌશલ્ય માટે જાણીતા છે. તેઓ 3 માર્ચ, 1991 ના રોજ ભારતીય રેલ્વેમાં દક્ષિણ મધ્ય રેલ્વે સાથે જોડાયા હતા અને સિકંદરાબાદ અને વિજયવાડામાં સેવા આપી હતી.



તેમણે દક્ષિણ મધ્ય રેલ્વેના લાલાગુડા વર્કશોપ અને ઉત્તરી રેલ્વેના તુગલકાબાદ ડીઝલ શેડમાં પણ સેવા આપી હતી. 2000 થી 2005 દરમિયાન RITES માં તેમના પ્રતિનિયુક્તિ દરમિયાન, તેમણે ભારત અને બાંગ્લાદેશમાં ડેપ્યુટી જનરલ મેનેજર અને એડિશનલ જનરલ મેનેજર તરીકે ઘણા મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું સંચાલન કર્યું હતું. વધુમાં, 2013 સુધી લખનૌમાં રિસર્ચ ડિઝાઈન એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓર્ગેનાઈઝેશન (RDSO) ના ડિરેક્ટર તરીકે, તેમણે મહત્વપૂર્ણ રેલ્વે સિસ્ટમ્સમાં અસંખ્ય સંશોધન પહેલ, ડિઝાઈન માનકીકરણ અને તકનીકી સુધારાઓને અમલમાં મૂકવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. દક્ષિણ પૂર્વ મધ્ય રેલ્વે હેઠળ રાયપુર ખાતે વધારાના ડિવિઝનલ રેલ્વે મેનેજર (ADRM) તરીકે, તેમણે ટ્રેન કામગીરી સુધારવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. વધુમાં, લખનૌમાં ચારબાગ વર્કશોપમાં ચીફ વર્કશોપ મેનેજર તરીકે, તેમણે આધુનિકીકરણના પ્રયાસોનું નેતૃત્વ કર્યું, જેનાથી ફેક્ટરીની ઉત્પાદન ક્ષમતામાં નોંધપાત્ર સુધારો થયો. શ્રી ખરેએ ISB, હૈદરાબાદ અને અન્ય પ્રતિષ્ઠિત સંસ્થાઓ પાસેથી મેનેજમેન્ટ તાલીમ પણ મેળવી છે.

રાજુલા તાલુકાના બર્બટાણા ગામે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે ભવ્ય રાષ્ટ્રીય એકતા યાત્રા યોજાઈ

કિશોર. આર. સોલંકી | જાફરાબાદ

ભારતના લોખંડી પુરુષ અને અખંડ ભારતના શિલ્પી એવા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે બર્બટાણા ગામ ખાતે ભવ્ય રાષ્ટ્રીય એકતા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.બર્બટાણા પ્રાથમિક શાળાથી બાપા સીતારામ મઢી સુધી યોજાયેલી આ યાત્રામાં ગ્રામજનો, યુવાનો, આગેવાનો તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. યાત્રા દરમિયાન રાષ્ટ્રીય એકતા, અખંડિતતા, સામાજિક સમરસતા અને રાષ્ટ્રપ્રેમનો સંદેશ આપવામાં આવ્યો હતો.આ પ્રસંગે બર્બટાણા ગામના સરપંચ અને તાલુકા પંચાયત રાજુલાના ચેરમેન એડવોકેટ કે.બી. કામળીયા, વાવેરા મધ્યસ્થ સહકારી બેંકના મેનેજર જે.પી. વરુ સાહેબ, મંત્રી નકુમ, આચાર્ય વિજયભાઈ, અરવિંદસિંહ, ઉપસરપંચ મનસુખભાઈ વોરા, માજી સરપંચ ભુપતભાઈ લાડુમોર, ભાજપ મંત્રી અશોકભાઈ વેલારી, બાલુભાઈ શેઠ, મનસુખભાઈ વેલારી, શૈલેષભાઈ સાવલિયા, ગોવિંદભાઈ કાતરીયા, જયસુખભાઈ વોરા, વિજયભાઈ વોરા, રમેશભાઈ સાવલિયા, ઝવેરભાઈ હિરપરા, મહેન્દ્રભાઈ હિરપરા, ડૉ. વિપુલભાઈ કલસરીયા, કાળુભાઈ વડદરીયા જેઠાભાઈ વેલારી, પોપટભાઈવોરા,કાલિદાસભાઈ ગોંડલીયા, જેરામભાઈ બલદાણીયા, વિપુલભાઈ રાઠોડ, જીલુભાઈ પરમાર, દાનુભાઈ ભુકણ અને મધુભાઈ વાળા સહિતના આગેવાનો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢ ખાતે પ્રાદેશિક માહિતી કચેરીના કર્મયોગીઓએ 'ફરજ પ્રત્યે નિષ્ઠા'ના શપથ લીધાં

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૨ રાજ્ય સરકારના ગૃહ વિભાગના ઉપક્રમે તા.૩૧ ઓક્ટોબરથી તા. ૦૭ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન રાજ્યભરમાં 'સતર્કતા જાગૃતિ સપ્તાહ- ૨૦૨૬'ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષની ઉજવણીની મુખ્ય થીમ *"Probity for Prosperity - સત્યનિષ્ઠાથી સમૃદ્ધિ"* રાખવામાં આવી છે.આ સપ્તાહ અંતર્ગત જૂનાગઢ પ્રાદેશિક માહિતી કચેરી ખાતે કચેરીના તમામ અધિકારીઓ અને કર્મયોગીઓએ 'ફરજ પ્રત્યે નિષ્ઠા'ના શપથ લીધા હતા.

12 વર્ષથી અવિરત સેવાયજ્ઞ! આ વર્ષે 500 દિવ્યાંગો, વિધવાઓ અને જરૂરિયાતમંદો સાથે દિવાળીની ખુશીઓ વહેંચશે અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ ગ્રુપ

જાગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

દિવાળીના પર્વની ઉજવણી માત્ર પોતાના પરિવાર સાથે જ નહીં, પરંતુ સમાજના દિવ્યાંગો, વિધવા બહેનો, વૃદ્ધો અને ગરીબ જરૂરિયાતમંદ પરિવારો સાથે કરીને તેમના જીવનમાં પણ ખુશીઓનો પ્રકાશ પથરાય તેવા ઉમદા સેવાભાવ સાથે શ્રી અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ ગ્રુપ તથા તેની મહિલા અને યુવા પાંખ દ્વારા અનોખો સેવાયજ્ઞ હાથ ધરવામાં આવ્યો છે.છેલ્લાં 12 વર્ષથી જલારામ બાપાની પ્રસાદીરૂપે દિવાળી પહેલાં દિવ્યાંગો અને જરૂરિયાતમંદોને મીઠાઈ વિતરણ કરવાની સેવાપરંપરા ગ્રુપ દ્વારા અવિરત નિભાવવામાં આવે છે. અગાઉ આ સેવાકાર્ય નખત્રાણા પૂરતું મર્યાદિત હતું, પરંતુ આ વર્ષે તેનો વ્યાપ વધારી નખત્રાણા, નલિયા અને ભુજ સહિતના વિસ્તારોમાં અંદાજે 500 જેટલા દિવ્યાંગો, વિધવા બહેનો, વૃદ્ધો અને ગરીબ જરૂરિયાતમંદો સુધી દિવાળીની મીઠાશ પહોંચાડવાનું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદ ડિવિઝન પર 30 નવેમ્બર સુધી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ ઝુંબેશ ૫.૦નું આયોજન

અમદાવાદ: પશ્ચિમ રેલવેનો અમદાવાદ ડિવિઝન રેલ્વે પેન્શનરો અને ફેમિલી પેન્શનરોને સુવિધા આપવા માટે ભારત સરકારના પેન્શન અને પેન્શનરો કલ્યાણ વિભાગના નેજા હેઠળ દેશવ્યાપી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ (DLC) ઝુંબેશ ૫.૦નું આયોજન કરી રહ્યું છે. આ ઝુંબેશ ૧ નવેમ્બરથી ૩૦ નવેમ્બર, ૨૦૨૬ સુધી ચાલશે. તેનો ઉદ્દેશ્ય પેન્શનરોને ડિજિટલ સુવિધાઓ વિશે જાગૃત અને સશક્ત બનાવવાનો અને લાઈફ સર્ટિફિકેટ સબમિટ કરવાની પ્રક્રિયાને સરળ, સરળ અને સરળ બનાવવાનો છે.આ સંદર્ભમાં, ૨ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ, અમદાવાદ ડિવિઝનના એકાઉન્ટ્સ વિભાગે બેંક ઓફ



બરોડા, સાબરમતી; સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, કબીર ચોક; અને બેંક ઓફ બરોડા, ચાંદખેડા ખાતે સફળતાપૂર્વક ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ કેમ્પનું આયોજન કર્યું. આ કેમ્પ દરમિયાન, કુલ ૯૩ રેલવે પેન્શનરો અને ફેમિલી પેન્શનરો માટે ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ જનરેટ કરવામાં આવ્યા હતા.ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે આ રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ જાહેર ક્ષેત્રની બેંકો, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI), ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલય અને અન્ય સહભાગી વિભાગો અને સંગઠનોના સહયોગથી દેશભરના 2,000 થી વધુ શહેરો અને નગરોમાં યોજાઈ રહી છે.શિબિરોમાં હાજર પેન્શનરોને ડિજિટલ જીવન પ્રમાણપત્ર બનાવવાની પ્રક્રિયા અને ફાયદાઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

શ્રી દિનેશ વી. ગનવીરે GSI ના ડાયરેક્ટર જનરલ તરીકેનો ચાર્જ સંભાળ્યો

કોલકાતા : શ્રી દિનેશ વિઠ્ઠલરાવ ગનવીરે ભારત સરકારના ખાણ મંત્રાલય સાથે જોડાયેલ કાર્યાલય, ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ (GSI) ના 55મા ડાયરેક્ટર જનરલ તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. ભૂસ્તરશાસ્ત્રીય તપાસ, ખનિજ સંશોધન, એન્જિનિયરિંગ ભૂસ્તરશાસ્ત્ર અને સંસ્થાકીય નેતૃત્વમાં ત્રણ દાયકાથી વધુના અનુભવ સાથે, શ્રી દિનેશ વી. ગનવીરે વ્યાપક વૈજ્ઞાનિક, તકનીકી અને વહીવટી અનુભવ લાવ્યા છે.

શ્રી દિનેશ વી. ગનવીરે નાગપુરની RTMNU યુનિવર્સિટીમાંથી ભૂસ્તરશાસ્ત્રમાં માસ્ટર ડિગ્રી પૂર્ણ કર્યા પછી, 1 જુલાઈ 1994 ના રોજ ભારતના ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણમાં જોડાયા. ૩૨ વર્ષથી વધુની કારકિર્દી દરમિયાન, તેમણે GSI ના મધ્ય પ્રદેશ, ઉત્તર-પૂર્વીય ક્ષેત્ર અને ઉત્તરીય ક્ષેત્રમાં વિવિધ વૈજ્ઞાનિક, તકનીકી અને વહીવટી હોદ્દાઓ પર સેવા આપી છે. ડિરેક્ટર જનરલનો કાર્યભાર સંભાળતા પહેલા, તેઓ નાગપુરમાં મધ્ય પ્રદેશમાં વધારાના ડિરેક્ટર જનરલ અને વિભાગના વડા તરીકે સેવા આપી રહ્યા હતા, સાથે સાથે રાષ્ટ્રીય મિશન હેડ-II નો વધારાનો કાર્યભાર પણ સંભાળી રહ્યા હતા.

તેમના યોગદાનમાં ભૂસ્તરશાસ્ત્રીય નકશા, ખનિજ સંશોધન, ઇજનેરી ભૂસ્તરશાસ્ત્ર અને બહુ-શાખાકીય ભૂ-વૈજ્ઞાનિક અભ્યાસનો સમાવેશ થાય છે. તેમના કાર્યોમાં પશ્ચિમી બસ્તર ક્રેટોનમાં થીમેટિક મેપિંગ; મહારાષ્ટ્રના સાકોલી ફોલ્ડ બેલ્ટમાં સોના અને હીરાની શોધ; અને ભીમબેટકા રોક શેલ્ટર્સ અને એલોરા ગુફાઓના યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ્સના સંરક્ષણ સાથે સંકળાયેલા ભૂ-વૈજ્ઞાનિક અભ્યાસનો સમાવેશ થાય છે. તેમણે ઓસ્ટ્રેલિયામાં ભારત-પેરુ સંયુક્ત કાર્યકારી જૂથ, રશિયા-ભારત ખાણકામ સબ-ગ્રુપ અને IMARC 2022 સહિત અનેક આંતરરાષ્ટ્રીય મંચો પર GSIનું પ્રતિનિધિત્વ કર્યું છે.

નેતૃત્વ સોંપણીઓમાં, ખાસ કરીને રાષ્ટ્રીય મિશન વડા-II તરીકે, શ્રી દિનેશ વી. ગણવીર બહુ-શાખાકીય ક્ષેત્ર કાર્યક્રમો અને રાષ્ટ્રવ્યાપી ખનિજ સંશોધનના આયોજન અને દેખરેખ સાથે સંકળાયેલા હતા, જેમાં તાજેતરના સમયમાં મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક ખનિજો માટેની તપાસમાં પાંચ ગણો વધારો અને GSI ના રાષ્ટ્રીય આદેશ અનુસાર ખનિજ હરાજી પ્રક્રિયા માટે ભૂસ્તરશાસ્ત્રીય અહેવાલો અને સંશોધન બ્લોક્સ તૈયાર કરવાનો સમાવેશ થાય છે. આ કાર્યકાળ દરમિયાન, તેમણે રાષ્ટ્રના ખનિજ સંશોધન અને સંસાધન વિકાસ પહેલમાં નોંધપાત્ર યોગદાન આપ્યું, 359 ભૂસ્તરશાસ્ત્રીય અહેવાલો અને 377 ભૂસ્તરશાસ્ત્રીય



મેમોરેન્ડમના હસ્તાંતરણને સરળ બનાવ્યું. આમાંથી, 202 બ્લોક મહત્વપૂર્ણ ખનિજોના હતા, જેમાંથી 40 ની સફળતાપૂર્વક હરાજી કરવામાં આવી છે, જ્યારે 56 બ્લોક્સ એક્સપ્લોરેશન લાઇસન્સ (EL) શાસન હેઠળ સોંપવામાં આવ્યા હતા, જેમાંથી 11 ની હરાજી કરવામાં આવી છે, ટ્રાંચ I અને II હેઠળ.

ડિરેક્ટર જનરલનો કાર્યભાર સંભાળતાં, શ્રી દિનેશ વી. ગણવીરએ GSI ના કાર્યની વૈજ્ઞાનિક ઊંડાણ, સુસંગતતા અને રાષ્ટ્રીય અસર વધારવાના મહત્વ પર ભાર મૂક્યો. એક મુખ્ય પ્રાથમિકતા સંકલિત ભૂ-વૈજ્ઞાનિક તપાસ, અદ્યતન ખનિજ સંભાવના મેપિંગ અને વૈજ્ઞાનિક રીતે મજબૂત, હરાજી માટે તૈયાર ખનિજ બ્લોક્સના વ્યવસ્થિત ઉત્પાદન દ્વારા મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક ખનિજો માટે શોધને વધુ તીવ્ર બનાવવાની રહેશે. આ પ્રયાસો ખનિજ સુરક્ષાને મજબૂત બનાવવા, આયાત નિર્ભરતા ઘટાડવા અને આત્મનિર્ભર ભારતના દ્રષ્ટિકોણને આગળ વધારવાના દેશના ઉદ્દેશ્યોને ટેકો આપશે.

તેમણે સખત ક્ષેત્ર-આધારિત તપાસ સાથે ઉભરતી તકનીકો અને અદ્યતન ડેટા એનાલિટિક્સનો ઉપયોગ કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો. આધુનિક ભૂ-વૈજ્ઞાનિક સાધનો અને પદ્ધતિઓના એકીકરણથી સંશોધનની ચોકસાઈ અને કાર્યક્ષમતામાં સુધારો થવાની અપેક્ષા છે. પ્રયોગશાળાના માળખાને મજબૂત બનાવવું, વિશ્લેષણાત્મક ક્ષમતાઓને અપગ્રેડ કરવી અને ઓફશોર એક્સપ્લોરેશન પણ ધ્યાન કેન્દ્રિત કરવાના મહત્વપૂર્ણ ક્ષેત્રો હશે.

ખનિજ સંશોધન ઉપરાંત, GSI મૂળભૂત ભૂ-વૈજ્ઞાનિક સંશોધન, ભૂસ્ખલનની પ્રારંભિક ચેતવણી, હિમનદી અને ક્રાયોસ્ફેરિક અભ્યાસ, મુખ્ય માળખાકીય પ્રોજેક્ટ્સ અને જોખમ મૂલ્યાંકનમાં તેના યોગદાનને મજબૂત બનાવવાનું ચાલુ રાખશે. કાર્યના આ ક્ષેત્રો જાણકાર નીતિનિર્માણ, માળખાગત આયોજન, આપત્તિ તૈયારી અને ટકાઉ વિકાસ માટે મહત્વપૂર્ણ છે. દેશની વિકસતી વિકાસલક્ષી અને સામાજિક પ્રાથમિકતાઓને સંબોધતા વિશ્વસનીય, વિજ્ઞાન-આધારિત ઈનપુટ્સ ઉત્પન્ન કરવા પર ભાર મૂકવામાં આવશે.સંસ્થાકીય વિકાસ પર ભાર મૂકતા, શ્રી દિનેશ વી. ગણવીરે વૈજ્ઞાનિક કર્મચારીઓને સશક્ત બનાવવાની, નવીનતાને પ્રોત્સાહન આપવાની, યોગ્યતા અને કામગીરીને ઓળખવાની અને રાષ્ટ્રીય મિશન, પ્રાદેશિક કચેરીઓ અને રાજ્ય એકમો વચ્ચે સંકલનને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. કાર્યક્ષમ સંસાધન ઉપયોગ અને ઉચ્ચ-ગુણવત્તાવાળા વૈજ્ઞાનિક આઉટપુટનું સમયસર વિતરણ GSI ની અસરકારકતા વધારવા માટે કેન્દ્રિય રહેશે. તેમના નેતૃત્વ હેઠળ, GSI ઝડપથી વિકસતા ભૂ-વૈજ્ઞાનિક અને તકનીકી લેન્ડસ્કેપની માંગણીઓનો જવાબ આપતી વખતે તેના સમૃદ્ધ વૈજ્ઞાનિક વારસા પર નિર્માણ કરવાનો પ્રયાસ કરશે.

સિટી
એક્સપ્રેસ
TUESDAY 03 NOVEMBER-2026
AHMEDABAD

લાલ દરવાજામાં પોલીસ ચોર અને કિડનેપર બની

અમદાવાદ | દિવાળીને લઈને ખરીદી માટે જાણીતા એવા લાલ દરજાવાજાની બજારોમાં ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે. લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે. ત્યારે ચોરો પણ એક્ટિવ થયા છે. જેથી લોકો સાવચેત રહે અને સજાગ કરવા પોલીસે ડેમો કર્યો હતો. જેમાં પોલીસે ફોન, પર્સ ચોર્યા અને બાળકનું અપહરણ કરીને લોકોને સાવચેત રહેવા સૂચના આપી હતી. આટલું જ નહીં પોલીસે પોકેટ ચોર સહિત 22 શંકમંદોની અટકાયત કરી છે.અમદાવાદમાં દિવાળી નજીક આવતા જ બજારોમાં ખરીદી માટે લોકોની ભારે ભીડ ઉમટી રહી છે.

વીજળી અને પાણી બચાવવા 9 લાખ વિદ્યાર્થીઓ મેદાનમાં

અમદાવાદ | રાજ્યમાં વીજળી અને પાણીના સંકટની સ્થિતિને ધ્યાનમાં રાખી અમદાવાદ શહેરની પૂર્વ અને પશ્ચિમ વિસ્તારની 2400 જેટલી શાળાઓમાં દિવાળી વેકેશન પહેલાં અંદાજે 9 લાખ વિદ્યાર્થીઓને ઊર્જા બચત અને જળ સંરક્ષણ અંગે જાગૃત કરવામાં આવ્યા છે. તેમજ વિદ્યાર્થીઓ પાસે શાળાઓમાં લેખિત સંકલ્પ પણ લેવડાવવામાં આવ્યા છે.વીજળીની બચત અને વરસાદી પાણીના સંગ્રહ અંગે વિદ્યાર્થીઓને જાગૃત કરાયા છે. જો કે, હવે વિદ્યાર્થીઓ માત્ર પોતે જ નહીં, પરંતુ દિવાળી વેકેશન દરમિયાન પોતાના પરિવારજનો અને આસપાસના લોકોને પણ ઊર્જા અને પાણીની કરકસરપૂર્વક ઉપયોગ કરવા પ્રેરિત કરશે.

પીરાણા, વટવા અને ઓઢવ આસપાસના ઉદ્યોગોમાંથી નીકળતા ધૂમાળા-કેમિકલની દુર્ગંધથી પ્રદુષણમાં વધારો...

AMCએ 10 મહિનામાં માત્ર 12 ફેક્ટરીઓ જ સીલ કરી!

10 મહિનામાં ક્લોઝર નોટિસ સાથે કાયદેસરની કાર્યવાહી કરાઈ : GPCB દ્વારા ફેક્ટરીઓ સામે કોઈ પગલાં લેવાયા નહીં : ઔદ્યોગિક એકમો દ્વારા નિયમોનું પાલન કરાતું નથી

(એજન્સી) અમદાવાદ । તા. 02

અમદાવાદમાં હવાના પ્રદૂષણમાં વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને ઔદ્યોગિક એકમોના વિસ્તારોમાં પ્રદૂષણ વધુ ફેલાઈ રહ્યું છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ અને GPCBની નિષ્ફળતાના કારણે પ્રજાને પ્રદૂષણનો સામનો કરવો પડી રહ્યો છે. AMC દ્વારા 10 મહિનામાં માત્ર 12 ફેક્ટરીઓને સીલ કરવા માટેની કાર્યવાહી કરી છે, જ્યારે GPCB દ્વારા આ મામલે કોઈ કાર્યવાહી અંગે જાણકારી આપવામાં આવતી નથી. ઉલ્લેખનીય છે કે, પીરાણા ડમ્પિંગ સાઈટ તથા આસપાસના વિસ્તારો જેમાં બહેરામપુરા, નારોલ ગામ, ગ્યાસપુર, ઓઢવ GIDC, પીપળજ, દાણીલીમડા, વટવા GIDC તથા અન્ય ઔદ્યોગિક વિસ્તારોમાં આવેલી ફેક્ટરીઓની ચીમનીમાંથી કાળા ધુમાડા, કેમિકલની તીવ્ર દુર્ગંધ, ખુલ્લામાં કચરાનો નિકાલ તથા કચરો સળગાવવાની પ્રવૃત્તિઓ જોવા મળી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ, એર ક્વોલીટી મેનેજમેન્ટ સેલ દ્વારા શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલી GIDC અને અન્ય ઔદ્યોગિક એકમ વિસ્તારમાં ફેક્ટરીઓમાંથી કેમિકલની દુર્ગંધ, હવામાં છોડવામાં આવતાં ધુમાડો અને ખુલ્લા કચરામાં નિકાલ સહિતની પ્રક્રિયાને લઈને તપાસ કરવામાં આવી રહી છે.

પર્યાવરણીય કાયદાઓ અને નિયમો અન્વયે જરૂરી તપાસ હાથ ધરી પ્રદુષણ યુક્ત ઈન્ડસ્ટ્રીયલ એકમો સામે 1 જાન્યુઆરી, 2026 થી 31 ઓક્ટોબર, 2026 સુધી ક્લોઝર નોટિસ સાથે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. પીરાણા વિસ્તાર તથા આસપાસના વિસ્તારોમાં કાર્યરત ગેરકાયદેસર ઔદ્યોગિક એકમો દ્વારા ઓઈલ બર્નિંગ, ટાયર બર્નિંગ જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.



GPCB, AMC અને પોલીસ કોઈ સંયુક્ત કામગીરી જોવા ન મળી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા બચાવ કરવામાં આવી રહ્યો છે કે શહેરમાં ગેરકાયદેસર રીતે સંચાલિત ઔદ્યોગિક એકમો તથા પર્યાવરણને નુકસાન પહોંચાડતી પ્રવૃત્તિઓ સામે કડક પગલાં લેવામાં આવી રહ્યાં છે અને આવા એકમોને બંધ કરાવવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, સંબંધિત એકમો દ્વારા ફરીથી આવી પ્રવૃત્તિઓ શરૂ ન થાય તે માટે નિયમિત દેખરેખ અને વિભાગીય સંકલન દ્વારા સતત મોનિટરિંગ પણ કરવામાં આવી રહ્યું છે. જોકે GPCB, મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ દ્વારા આવી કોઈ સંયુક્ત કામગીરી જોવા મળી નથી.

હવા પ્રદૂષણના વિવિધ સ્ત્રોતોનું વૈજ્ઞાનિક અને સતત મૂલ્યાંકન

શહેરમાં હવા પ્રદુષણના મોનિટરિંગ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા IIT કાનપુરના સહયોગથી 'સ્માર્ટ સેન્સિંગ અને ડિજિટલ ઈન્ટેલિજન્સ પ્રોજેક્ટ' અમલમાં મૂકવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત અત્યાધુનિક મોબાઈલ રિયલ-ટાઈમ સોર્સ અપોર્શનમેન્ટ લેબોરેટરીના માધ્યમથી શહેરમાં હવા પ્રદૂષણના વિવિધ સ્ત્રોતોનું વૈજ્ઞાનિક અને સતત મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. આ અભ્યાસમાંથી પ્રાપ્ત થતા રિયલ-ટાઈમ ડેટા અને વૈજ્ઞાનિક તારણોના આધારે પ્રદૂષણના મુખ્ય સ્ત્રોતોની ઓળખ કરી, તેના નિયંત્રણ માટે વધુ ચોક્કસ, અસરકારક અને પુરાવા આધારિત પગલાં લેવામાં આવે છે. આ પ્રોજેક્ટ અમદાવાદના એર ક્વોલિટી મેનેજમેન્ટને વધુ ડેટા આધારિત, વૈજ્ઞાનિક અને ભવિષ્યલક્ષી બનાવવાની દિશામાં કાર્ય કરે છે. હાઈપર-લોકલ મોનિટરિંગ નેટવર્કના માધ્યમથી શહેરના વિવિધ વિસ્તારોમાં પ્રદૂષણના હોટસ્પોટ્સની ઓળખ કરવામાં આવે છે.

બોગસ ડોક્યુમેન્ટના આધારે ભારતમાં પ્રવેશ્યા, તમામને ડિપોર્ટ કરાશે

અમદાવાદમાંથી વધુ એક વખત 61 બાંગ્લાદેશીઓને ઝડપી પાડ્યાં...

(એજન્સી) અમદાવાદ | તા. 02

અમદાવાદ શહેરમાં ચંડોળા તળાવના ડિમોલીશન બાદ મોટાપાયે બાંગ્લાદેશીઓને ઝડપી પાડી ડિપોર્ટ કરાયા હતા. ત્યારબાદ શહેરમાંથી ફરી એકવાર 61 જેટલા બાંગ્લાદેશી મળી આવ્યા છે. જેમાં મોટાભાગની મહિલાઓ છે અને તેઓ બોગસ ડોક્યુમેન્ટના આધારે ભારતમાં પ્રવેશી અમદાવાદમાં રહેતી હોવાનું સામે આવ્યું છે. તંત્ર દ્વારા તમામની અટકાયત કરી ડિપોર્ટ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. થોડા સમય અગાઉ જ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચનું બાંગ્લાદેશી ઘૂસણખોર વિરુદ્ધ ઓપરેશન શરૂ થયું હતું જે બાદ વધુ એક વખત ક્રાઈમ બ્રાંચે શહેરભરમાં ઓપરેશન હાથ ધર્યું હતું.આ ઓપરેશન દરમિયાન શહેરના અલગ અલગ વિસ્તારમાંથી ગેરકાયદેસર રહેતી વિદેશી મહિલાઓ ઝડપાઈ છે.આ તમામ મહિલાઓની તપાસ કરતા તેઓ બાંગ્લાદેશની



વતની હોવાનું સામે આવ્યું છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અલગ અલગ વિસ્તારમાં રહેતી મહિલાઓની યાદી તૈયાર કરવામાં આવી હતી.જે બાદ એક સાથે દરોડા પાડવામાં આવ્યા હતા.આ દરોડા દરમિયાન ખોટા ડોક્યુમેન્ટના આધારે રહેતી 61 જેટલી બાંગ્લાદેશી મહિલાઓ ઝડપાઈ હતી.જેમની પાસેથી ખોટા ડોક્યુમેન્ટ પણ મળી આવ્યા છે.ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તમામ મહિલાઓની અટકાયત કરીને કાયદેસરની કાર્યવાહી કરવામા આવી છે.

માતાજીની દેરી પર માથુ પછાડી પિતાએ એકના-એક દીકરાની હત્યા કરી : લાશ ખાટલામાં મૂકી બાજુમાં સૂતો, કહ્યું- મારા પછી કોઈ ભૂવો ન થાય એટલે માર્યો...

(એજન્સી) અમદાવાદ । તા. 02

સાણંદમાં પિતાએ 10 વર્ષના દીકરાની હત્યા કરી છે. વિંછીયા ગામમાં રાતના સમયે પિતાએ માતાજીની દેરી આગળ દીકરાનું માથું પછાડીને હત્યા કરી છે. દીકરાની હત્યા બાદ પિતા લાશ ખાટલામાં મૂકીને બાજુમાં જ સૂઈ ગયો હતો. આ અંગે જાણ થતા માતા ઘરે પહોંચી હતી. સમગ્ર મામલે માતાએ સાણંદ પોલીસ સ્ટેશન હત્યાનો ગુનો નોંધાવ્યો છે.

અમદાવાદના ગ્રામ્યના સાણંદ વિંછીયા ગામમાં 37 વર્ષીય ભારતી પટેલ તેમના પતિ નરેશ પટેલ અને એકના એક દીકરા કરણ સાથે રહેતા હતા. દસ દિવસ અગાઉ ભારતીબેનનો તેમના પતિ સાથે ઝઘડો થયો હતો. આ દરમિયાન નરેશે ભારતીબેનને માર માર્યો હતો. જેથી ભારતીબેન નરેશથી કંડાળીને પિયર જતા રહ્યા હતા. દીકરા



કરણની પરીક્ષા હોવાથી તેને તેના પિતા નરેશ સાથે જ મૂકીને ગયા હતા.

1 નવેમ્બરની સાંજે ભારતીબેનને તેમના પાડોશીએ ફોન કરીને જણાવ્યું હતું કે, તેમના દીકરા કરણને તેમના પતિ નરેશે લાકડી વડે માર માર્યો છે, જેથી ભારતીબેન તાત્કાલિક વિંછીયા ગામે જવા નીકળ્યા હતા. ભારતીબેન સાથે તેમના માતા, પિતા, ભાઈ અને ભાભી પણ આવ્યા હતા. ભારતીબેન રાતે 9 વાગ્યે ઘર પાસે પહોંચ્યા હતા. તેમના ઘરની પાસે જ જોગણીમાતાની દેરી આવેલી હતી.

ભારતીબેન દેરી પાસે પહોંચ્યા ત્યારે તેમનો દીકરો કરણ ખાટલામાં લોહીલુહાણ હાલતમાં હતો. કરણની તપાસ કરતા તેનું મોત થયું હતું. બીજા ખાટલામાં કરણના પિતા અને ભારતીબેનના પતિ નરેશ સૂઈ રહ્યો હતો. નરેશના કપડાં પણ લોહીના ડાઘા હતા. ભારતીબેને નરેશને કરણના મોત અંગે પૂછ્યું ત્યારે નરેશે જણાવ્યું હતું કે, મારા પિતા માતાજીના ભૂવા હતા, તેમના પછી હું માતાજીનો ભૂવો થયો છું.

હવે મારા પછી કોઈ આપણા ઘરમાં ભૂવો ન થાય તે માટે મેં આ કરણની માતાજીની દેરી આગળ બંને પગેથી પકડીને બેથી ત્રણ વખત પછાડી અને માથામાં લાકડી મારી હત્યા કરી છે. આ સાંભળતા જ તમામ લોકો રોષે ભરાયા હતા. ભારતીબેને તાત્કાલિક પોલીસને જાણ કરી હતી.

સાણંદ પોલીસ અને ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસ અને FSLની ટીમે સ્થળ પર તપાસ કરી હતી. કરણના મૃતદેહના પીએમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. સમગ્ર મામલે ભારતીબેને પતિ નરેશ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધાવ્યો છે. સાણંદ પોલીસે હત્યા મામલે

અમદાવાદમાં જમીન દલાલ સાથે 58.92 કરોડની છેતરપિંડી

જમીન ક્લિયરન્સ, નવી કન્સ્ટ્રક્શન સ્કીમમાં મોટા નફાની લાલચ આપી ત્રણ શખ્સોએ ખેલ પાડી કરોડો પડાવ્યા

(એજન્સી) ગાંધીનગર । તા. 31

અમદાવાદના બોડકદેવમાં રહેતા અને જમીન તેમજ શેરબજારમાં રોકાણ કરતા વેપારી સાથે 58.92 કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ છે. કન્સ્ટ્રક્શન અને જમીન ક્લિયરન્સનું કામ કરતા ત્રણ શખ્સોએ જમીનના વિવાદો ઉકેલી આપવાના બહાને અને નવી કન્સ્ટ્રક્શન સ્કીમમાં મોટા નફાની લાલચ આપીને કરોડોની જમીનોના દસ્તાવેજો પોતાના નામે કરાવી લીધા હતા. નક્કી કરેલી અવેજની રકમ ન ચૂકવી અને બોગસ ખર્ચના નામે હિસાબ આપવાનો ઈનકાર કરી ફરિયાદીના કરોડો રૂપિયા પડાવી લેતા EOW((Economic Offences Wing) ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ છે.

42 વર્ષીય ચિંતન રામીએ ફરિયાદ નોંધાવી છે કે, ફેબ્રુઆરી 2022માં તેઓનો સંપર્ક બોડકદેવ ખાતે કન્સ્ટ્રક્શન અને જમીન ક્લિયરન્સનું કામ



કરતા દીપક હીરપરા, હર્ષલ હીરપરા અને જીગ્નેશ હીરપરા સાથે થયો હતો. આરોપીઓએ જમીનના વિવાદો ક્લિયર કરી આપવાની ખાતરી આપી હતી અને તે માટેના ખર્ચને પહોંચી વળવા ફરિયાદીની જમીન 40 કરોડના ઉચક ભાવે વેચાણ રાખવાનું નક્કી કર્યું હતું. જોકે, દસ્તાવેજ કર્યા બાદ આરોપીઓએ આશરે 25 કરોડ જ ચૂકવ્યા હતા અને બાકીના 15 કરોડ જમીન ક્લિયર કરવાના રોકડ વ્યવહારોના બહાને પોતાની પાસે રાખી લીધા હતા અને ચિંતનની સહીઓવાળા વાઉચરો મેળવી લીધા હતા.

ઓક્ટોબર 2022 અને વર્ષ 2023 દરમિયાન આરોપીઓએ વધુ 56,000 ચોરસ વાર જમીન ક્લિયર કરવા માટે અડધો ભાગ વેચાણ રાખવાનો કરાર કર્યો હતો. આ જમીનની કુલ કિંમત 120 કરોડ નક્કી થઈ હતી. જેમાં ચિંતનના ભાગના 60 કરોડમાંથી આરોપીઓએ માત્ર 33 કરોડ ચૂકવ્યા અને 27 કરોડ બાકી રાખ્યા. આ ઉપરાંત અન્ય સર્વે નંબરોના વેચાણમાં પણ 36,84,99,487ની રકમમાંથી 16,92,16,487 ચૂકવ્યા ન હતા. ચિંતને જ્યારે બાકીના નાણાં માંગ્યા ત્યારે આરોપીઓએ લાલચ આપી હતી કે, આ રકમ તેઓ આ જમીન પર બનનારી નવી કન્સ્ટ્રક્શન સ્કીમમાં રોકાણ તરીકે ગણી લેશે અને મોટો નફો આપશે. આ વિશ્વાસમાં લઈને આરોપીઓએ તમામ જમીનોના દસ્તાવેજો પોતાના નામે કરાવી લીધા હતા.

તમામ દસ્તાવેજો થઈ ગયા બાદ આરોપીઓએ સ્કીમમાં રોકાણ અંગેનું કોઈ લેખિત લખાણ ચિંતનને કરી આપ્યું ન હતું. જ્યારે ચિંતને પોતાની બાકી નીકળતી રકમ અને રોકાણના લખાણની અવારનવાર માંગણી કરી ત્યારે આરોપીઓએ હિસાબ આપવાનો ઈનકાર કર્યો હતો અને જમીન ક્લિયર કરવામાં 90 કરોડનો ખોટો ખર્ચ ઉધારી દીધો હતો. આમ, આરોપીઓએ જમીન ક્લિયર કરવાના નામે અને સ્કીમમાં મોટા નફાની લાલચ આપીને ફરિયાદીની કુલ 58.92 કરોડ પોતાના અંગત લાભ માટે રાખી લઈ છેતરપિંડી કરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

નરોડામાં યુવકનું મર્ડર : ધોકા વડે માર મારીને પતાવી દીધો

(એજન્સી) અમદાવાદ | તા. 02

અમદાવાદના નરોડામાં આંબેડકરનગર પાસે આવેલા કર્મવીર હાઉસિંગ દહેગામ પ્રધાનમંત્રી આવાસ યોજનાની બહાર યુવકની ત્રણથી ચાર લોકોએ લાકડીઓ અને ધોકા વડે માર મારીને હત્યા કરી છે. ઘટનાની જાણ થતા નરોડા પોલીસની ટીમ સ્થળ ઉપર પહોંચી છે. પોલીસ દ્વારા લાશને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપવામાં આવી છે. મૃતક યુવકનું નામ જતીન સોલંકી છે અને તે નરોડાની સુમતિનાથ સોસાયટીમાં રહેતો હતો. પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી હાલમાં આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ નરોડામાં જ રહેતા

આરોપીઓની શોધખોળ શરૂ

ત્રણથી ચાર લોકો દ્વારા અદાવતમાં હત્યા કરવામાં આવી હોઈ શકે છે. વહેલી સવારે સ્થાનિકોએ જ્યારે યુવકને લોહીલુહાણ હાલતમાં ફૂટપાથ પર જોયો ત્યારે પોલીસને જાણ કરી હતી. નરોડા પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળ ઉપર પહોંચી હતી.

યુવકને લાકડા અને અન્ય હથિયારોથી માર મારેલી અને ગંભીર ઈજાઓ થવાથી તેનું મૃત્યુ થયું હતું. પોલીસે જાણ કરતા પરિવારજનો તાત્કાલિક ધોરણે સ્થળ ઉપર પહોંચ્યા હતા. પોલીસે લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી બે આરોપીઓની ઓળખ કરી લીધી છે. હાલમાં બંનેની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

યુગો કેપિટલ લિ.માંથી ₹1.05 કરોડમાં ખરીદેલી ઓફિસનો સોદો રદ કરાવવાની ધમકી આપનાર સામે ગુનો નોંધાયો

પ્રોપર્ટીનો સોદો રદ કરાવી ₹15 લાખ પડાવવાનો પ્રયાસ

(એજન્સી) અમદાવાદ । તા. 02

અમદાવાદ | અસારવામાં કરોડો રૂપિયાની પ્રોપર્ટી હરાજી મારફતે ખરીદનારા એક વેપારી પાસે સોદો રદ કરાવવાની ધમકી આપી 15 લાખની ખંડણી માગવાનો સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. 1.05 કરોડ ચૂકવ્યા બાદ પણ ઓક્શન કેન્સલ કરાવી દેતાં પીડિત લેબર કોન્ટ્રાક્ટરે મનોજ બિરલા અને તેના એક અજાણ્યા સાગરીત સામે શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

કુબેરનગરમાં રહેતા અને લેબર કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતા વિજયપાલસિંઘ રાઠોડે દોઢ વર્ષ અગાઉ અસારવા રેલવે સ્ટેશન પાસે આવેલ 'અટારિયા બિઝનેસ ઝોન'ના બીજા માળે ઓફિસ નંબર 219થી 230 ખરીદવા માટે ઓક્શનની જાહેરાત જોઈ હતી. તેમણે ધિરાણ કરનાર 'યુગ્રો કેપિટલ લિમિટેડ' કંપનીનો સંપર્ક કરી 1.05 કરોડમાં પ્રોપર્ટીનો સોદો નક્કી કર્યો હતો. ગત 1 સપ્ટેમ્બરે વેપારીએ પૂરેપૂરી રકમ RTGS મારફતે જમા કરાવી દીધી હતી અને કંપનીએ 29 ઓક્ટોબરે કાયદેસરનો સેલ લેટર અને કબજો સોંપવાની



ખાતરી આપી હતી.

કબજો મળે તે પહેલાં જ 27 ઓક્ટોબરે અટારિયા બિઝનેસ ઝોનના સુપરવાઈઝર હર્ષભાઈએ વેપારીને ફોન કરીને જણાવ્યું કે આ પ્રોપર્ટી મનોજ બિરલાએ લઈ લીધી છે અને તેણે કંપનીને DD પણ આપી દીધો છે. આ સાંભળી વેપારી તેમના પરિવાર સાથે ત્યાં પહોંચતાં હાજર મનોજ બિરલાએ ધમકી આપી હતી કે, 'જો આ પ્રોપર્ટી જોઈતી હોય તો મને 15 લાખ આપવા પડશે, નહીંતર સોદો કેન્સલ કરાવી દઈશ.' તેના સાગરીતે પણ નાણાં આપી મામલો પતાવવા દબાણ કર્યું હતું. ત્યારબાદ મનોજે વૉટ્સએપ કોલ કરી રકમ ઘટાડી 10 લાખ માગ્યા હતા. વેપારીએ નાણાં આપવાની ચોખ્ખી ના પાડી દીધી હતી.

વેપારીએ ખંડણી આપવાનો ઈનકાર કર્યાના થોડા જ કલાકોમાં યુગ્રો કેપિટલ લિમિટેડ કંપની તરફથી ટેકનિકલ કારણો દર્શાવી ઓક્શન રદ કરવાનો ઈમેલ આવ્યો હતો. કાયદેસર રીતે નાણાં ચૂકવ્યા હોવા છતાં મનોજ બિરલા અને તેના સાગરીતે દબાણ ઊભું કરી ઓક્શન રદ કરાવ્યું હોવાની આશંકા સાથે વિજયપાલસિંઘે શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વીજળી અને પાણી બચાવવા 9 લાખ વિદ્યાર્થીઓ મેદાનમાં...

દિવાળી વેકેશન પહેલાં 2400 શાળાઓમાં લેખિત સંકલ્પ લેવડાવ્યા, વિદ્યાર્થીઓ પરિવારને પણ બચત કરવા સમજાવશે

(એજન્સી) અમદાવાદ | તા. 02

રાજ્યમાં વીજળી અને પાણીના સંકટની સ્થિતિને ધ્યાનમાં રાખી અમદાવાદ શહેરની પૂર્વ અને પશ્ચિમ વિસ્તારની 2400 જેટલી શાળાઓમાં દિવાળી વેકેશન પહેલાં અંદાજે 9 લાખ વિદ્યાર્થીઓને ઊર્જા બચત અને જળ સંરક્ષણ અંગે જાગૃત કરવામાં આવ્યા છે. તેમજ વિદ્યાર્થીઓ પાસે શાળાઓમાં લેખિત સંકલ્પ પણ લેવડાવવામાં આવ્યા છે.

વીજળીની બચત અને વરસાદી પાણીના સંગ્રહ અંગે વિદ્યાર્થીઓને જાગૃત કરાયા છે. જો કે, હવે વિદ્યાર્થીઓ માત્ર પોતે જ નહીં, પરંતુ દિવાળી વેકેશન દરમિયાન પોતાના પરિવારજનો અને આસપાસના લોકોને પણ ઊર્જા અને પાણીની કરકસરપૂર્વક ઉપયોગ કરવા પ્રેરિત કરશે.

રાજ્યમાં વીજળી પર કાપ મુકવામાં આવી રહ્યો છે. તેમજ જળ સંકટને લઈને પણ ખેડૂતો પરેશાન થઈ રહ્યા છે. પૂરતો વરસાદ થયો ન હોવાથી ખેડૂતોના પાકને નુકશાન થઈ રહ્યું છે. ત્યારે આ બધી સ્થિતિને જોતા અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા દિવાળી વેકેશનમાં વિદ્યાર્થીઓ વીજળીની બચત



કરે અને પાણીનો વેડફાટ ન કરે તે માટે શાળાઓમાં કાર્યક્રમ કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ દિવાળીનો તહેવાર પરિવાર સાથે આનંદપૂર્વક ઉજવે અને સાથે સામાજિક જવાબદારી પણ સમજે તે માટે શાળાઓમાં વિદ્યાર્થીઓ પાસે સંકલ્પ લેવડાવવામાં આવ્યા છે. તેમજ પોતાના પરિવારને અને આસપાસના લોકોને પણ ઊર્જા અને પાણીનો બચાવ કરવા માટે સાચી સમજણ આપી વેડફાટ ન કરવા પ્રેરિત કરવાના પણ વિદ્યાર્થીઓએ લેખિત સંકલ્પ લીધા છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...